ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૩ || અંક: ૧૨ || ડિસેમ્બર ૨૦૨૧ || સળંગ અંક : ૬૦૨

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चरोतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**

**(Est: 1945)**

**Vallabh Vidyanagar-388120**

**www.vvidyanagar.in**

# Arvindbhai Patel Institute of Environmental Design (APIED)



**Key Features of the Institute:**

- Self contained campus with a serene natural environment enhances the process of learning.
- Diverse and specialised academicians from different parts of the country sharing knowledge and expertise.
- Eversmiling administrative staff supporting, managing and running the show.
- Up-to-date infrastructure meeting the requirements with the pace of development.
- Believe in constant self upgradation through training, faculty development programs, seminars and workshops for both students and staff.

(Read more about this Institute on page No.25)

વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન
ડિસેમ્બર - ૨૦૨૧
વર્ષઃ ૨૩ અંકઃ ૧૨
સળંગ અંકઃ ૬૦૨

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષઃ ૧૯૪૫



તંત્રી
ઉર્વીશ છાયા

પરામર્શન
નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા
ભગીરથ બ્રહ્મભટ્ટ • આર.પી. પટેલ

સંપાદન-સહાય
વિજય સુથાર

પ્રકાશક
ડૉ.એસ.જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
•
મુદ્રક
લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર

कर्मण्येवाधिकारस्ते ।

અધ્યક્ષ
શ્રી ભીખુભાઈ બી. પટેલ
માનદ્ મંત્રી
ડૉ. એસ. જી. પટેલ
માનદ્ સહમંત્રીઓ
• શ્રી મેહુલ ડી. પટેલ
• શ્રી રમેશ સી. તલાટી • શ્રી વી. એચ. પટેલ

## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કોલેજ.

• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમઃ ₹૧૦૦/- • આજીવન લવાજમઃ ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર

'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.in** પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**बहुगुणरमणीयो योषितां चित्तहारी परिणतबहुशालिव्याकुलग्रामसीमा।**
**विनिपतिततुषारः क्रौंचनादोपगीतः प्रदिशतु हिमयुक्त काल एषः सुखं वः ।।१९।।**

સંદર્ભ : કાલિદાસ ગ્રન્થાવલી

अनेक गुणों से रमणीय, अङ्गनाओं के चित्तों को हरनेवाला, परिपक्व धानो से ग्रामों के सीमाओं की शोभा बढानेवाला, चारों ओर पाला पडा, क्रौंचापक्षियों के गीतों से व्याप्त, बरफयुक्त यह हेम्नतऋतु आप सबको सुख प्रदान करे ।।१९।।


।। અતીતની અટારીએથી ।। વ્યક્તિત્વનું આકર્ષણ
» કાન્તિભાઈ અંબાલાલ અમીન ......................૩

।। પ્રાથમ્ય ।। ક્ષમાભાવના
» એસ. જી પટેલ ........................................૭

।। આપણો વૈભવ અને વારસો ।। (પદ્ય વિભાગ)
» **તિકલદાસ, બ્રહ્માનંદ, નિષ્કુળાનંદ** ........................૯

।। નવાં કાવ્યો ।।
» **ભરત વિંઝુડા, ભૂપેન્દ્ર વ્યાસ, તુષાર દેસાઈ, ભગીરથ બ્રહ્મભટ્ટ** ..................................૧૦

।। આપણો વૈભવ અને વારસો ।। (ગદ્ય વિભાગ)
ગરીબાઈને પણ ટપી જનારી
» **ચંદ્રશંકર પ્રા. શુક્લ** ....................................૧૧

।। ચિંતન ।। અશ્વપચીસીનો અવસર
» **રમેશ એમ. ત્રિવેદી** ....................................૧૩

।। લલિત નિબંધ ।। રૂપવતી રેવા
» **પ્રવીણ ગઢવી** ..........................................૧૬

।। વાર્તા ।। દિવાળી
» **નટવરભાઈ રાવળદેવ થરા** ............................૧૯

।। અભ્યાસ।। **स्वप्नवासवदत्तमः** નાટકમાં મંચન ક્ષમતા
» **પ્રિતેશ આર. શુક્લ** ....................................૨૧

।। લઘુકથા ।। સીયાની ભાવના
» **ગિરિમા ઘારેખાન** ......................................૨૪

।। સંસ્થા પરિચય ।। Arvindbhai Patel Institute of Environmental Design (APIED)
» Prof. Shilpi Aggarwal & Prof. Hetal Jani ૨૫

।। નોબેલ વિશેષ ।।
» **ચિકિત્સા** - Dr. Bhalendu Vaishnav ..........૨૯
» **ભોતિક વિજ્ઞાન - કમલનયન જોષીપુરા** .................૩૩
» **રસાયણ વિજ્ઞાન - ડૉ. રમેશચંદ્ર ભાયાણી** ...............૩૭
» **અર્થશાસ્ત્ર - હેમન્તકુમાર શાહ** ..........................૩૯
» **શાંતિ - સોનલ પરીખ** ...................................૪૩

।। અભ્યાસ ।। Geographical Indications Tagging with special reference to Gujarat state.
» M. Prakash George & Rajiv M. Patel...૪૬

।। રમત-જગત।। Changing Trends in Indian Physical Education
» P.D. Sharma .....................................૫૪

।। વિદ્યાવૃત્ત ।।
» ૧૨,૧૫,૧૮,૨૪, ૩૨, ૩૬, ૪૨, ૪૫, ૫૩,૫૬



ISSN 0976 – 9609

# વ્યક્તિત્વનું આકર્ષણ

કાન્તિભાઈ અંબાલાલ અમીન

અનેક સંસ્થાઓના સૂત્રધાર શ્રીયુત પટેલ સાહેબના વ્યક્ત્વિની ખૂબી એ છે કે ઉદ્યોગ, અર્થકારણ, શિક્ષણ વગેરે ક્ષેત્રોના લોકોને એ અતિનિકટના લાગે. આમ છતાં એઓ જો કોઈની પણ વધુ નિકટ હોય તો તે વહીવટ પાંખ છે એવો મારો અભિપ્રાય છે. જુદાં જુદાં અનેક એક એકથી ચડિયાતા ક્ષેત્રોમાં એમનું એક સરખું વિરલ પ્રદાન હોવા છતાં અને ઉત્તમ કોટિના વહીવટકર્તા તરીકે શ્રીયુત પટેલ સાહેબ સમગ્ર દેશમાં જાણીતા છે. કોઈ પણ વિચાર કે નિયમના અમલ માટે જે સૂઝ, કૌશલ્ય, નિર્ણયશક્તિ આદિ અનિવાર્ય ગણાયાં છે તેની સમગ્રતયા છાપ ઉપસાવતી શક્તિનું નામ વહીવટીશક્તિ. જે વ્યક્તિમાં એ શક્તિ ભરપટ્ટે હોય તે વ્યક્તિ પોતાનાં બુદ્ધિ, જ્ઞાન અને અનુભવનો લાભ અન્ય ક્ષેત્રોમાં સુપેરે આપી શકે. એટલે આમ વર્ષો સુધી વહીવટીક્ષેત્રે પ્રવૃત્ત રહેલા મારા જેવાને મન બીજા કોઈ પણ સાહેબ કરતાં 'વહીવટકાર' પટેલ સાહેબનું મહત્ત્વ અનેકગણું છે.

કોઈપણ વસ્તુ કે મિલ્કતનો કારભાર કે વહીવટ કરવા જે અતિઆવશ્યક ગુણો અનિવાર્ય છે, તે સૂઝ અને કુનેહ છે. વળી, વહીવટી કુશળતા કળા પણ ગણાય છે. જે લોકો વહીવટી ક્ષેત્રમાં પ્રવૃત્ત નથી તે સહુને વહીવટ ક્યારેક અવરોધનારું બળ જણાય એવું પણ બને. શ્રીયુત પટેલ સાહેબને અગ્રિમ કક્ષાના વહીવટકાર તરીકે પ્રસિદ્ધિ મળી છે તેના મૂળમાં જે અગત્યની વાત છે તે એ કે સામા માણસને એ અવરોધક લાગવાને બદલે સામો માણસ પણ એમની કાર્યપદ્ધતિને કારણે એમનો મત ધરાવતો થઈ જાય. હરકોઈ વ્યક્તિને પોતાનો કે પારકાનો નાનો કે મોટો વહીવટ કરવાનો હોય જ છે અને તેથી વહીવટકારની પદ્ધતિ એને સહ્ય બને છે.

વલ્લભવિદ્યાનગરના એકધારા વિકાસનો, બીજા કેટલાક મહાનુભાવોની જેમ, હું આજપર્યંત એક સાક્ષી રહ્યો છું. એના અનેક સીધાં અને વક્ર ચઢાણોનાં અનેક ખાટાં-મીઠાં સંભારણાં સ્મૃતિપટે તરવરે છે. ૧૯૫૮ની સાલ વિદ્યાનગર અને યુનિવર્સિટી માટે સીમાચિહ્નરૂપ છે તે એ કારણે કે ૧૯૫૮ સુધી ચારુતર વિદ્યામંડળ અને યુનિવર્સિટીના મુખ્ય કર્ણધાર પૂ. શ્રી ભાઈકાકા હતા. પરંતુ એ જ વર્ષના અંત ભાગમાં ચારુતર વિદ્યામંડળની સંચાલનધુરા એક બાજુ શ્રીયુત પટેલ સાહેબે સ્વીકારી તો બીજી બાજુ યુનિવર્સિટીના કુલપતિ તરીકે શ્રી બાબુભાઈ જ. પટેલની રાજ્ય સરકારે નિમણૂક કરી. એક દૃષ્ટિએ જો જોઈએ તો વડિયે-વડિયાના હાથમાં સંચાલન આવ્યું હતું; શ્રી બાબુભાઈ સાહેબ શ્રીયુત પટેલ સાહેબના જ્ઞાન અને અનુભવથી પરિચિત હતા; તેથી યુનિવર્સિટીના વિકાસ માટે એમની વધારેમાં

વધારે મદદ લઈ શકાય તે માટે રચનાત્મક અભિગમ દાખવી એવી પ્રણાલી સ્થાપવાની સૂચના આપી હતી કે, યુનિવર્સિટીનાં અગત્યનાં સત્તામંડળની સભા શ્રીયુત પટેલ સાહેબની અનુકૂળતા અનુસાર ગોઠવવી.

પૂ.ભાઈકાકા અને શ્રી બાબુભાઈ સાહેબ રાજકીય પક્ષોની દૃષ્ટિએ પરસ્પર વિરુદ્ધ છાવણીમાં હતા. તેથી વલ્લભવિદ્યાનગરના વિકાસમાં 'રાજકારણ' પ્રવેશે એવી પરિસ્થિતિ પેદા થઈ હતી. આમ છતાં અન્ય સ્થળે વહીવટમાં જે ગંદા દાવપેચ થતા હોવાનું જાણવા મળે છે તેવી શોચનીય સ્થિતિ વલ્લભવિદ્યાનગરમાં થઈ નહિ, એનો હું સાનંદ ઉલ્લેખ કરું છું. આવું સ્વચ્છ વાતવાવરણ ટકાવી રાખવામાં શ્રીયુત પટેલ સાહેબનો ફાળો નાનો સૂનો નથી.

એમ કહેવાય છે કે પ્રવૃત્તિ કરતાં ય નિવૃત્તિ પચાવવી ઘણી અઘરી છે. વલ્લભવિદ્યાનગરની સ્થાપના થઈ ત્યારથી અવારનવર જે મહાનુભાવો વલ્લભવિદ્યાનગરની મુલાકાત લેતા તેમાં શ્રીયુત પટેલ સાહેબનો પણ સમાવેશ થતો હતો. એમની નિવૃત્તિ વેળા આ શૈક્ષણિક નગર પ્રત્યેની એમની મમતાને કારણે નિવૃત્તિમય જીવનમાં વલ્લભવિદ્યાનગરને સેવા આપવાનું એમણે સ્વીકાર્યું. એક રીતે કહીએ તો નિવૃત્તિમાં પ્રવૃત્તિના શ્રી ગણેશ મંડાયા.

નિષ્પક્ષ અને સ્વચ્છ વહીવટમાં ઘણી બાબતોમાં નિયમન કરવાના પ્રસંગો આવે જ આવે. નિયમન હોય એટલે નિયંત્રણ પણ હોય. પરંતુ સુદૃઢ અને સ્વચ્છ વહીવટ માટે સ્વનિયંત્રણ હોવું જોઈએ, એ અનિવાર્ય હકીકતનું માર્ગદર્શન મળ્યું શ્રીયુત પટેલ સાહેબ પાસેથી યુનિવર્સિટીમાં સિન્ડિકેટ એટલે પ્રવર સત્તામંડળ. એણે જે જે નિર્ણયો કર્યા હોય તેનો અમલ થાય છે કે નહિ તેનું નિયંત્રણ અગાઉ અમલી ન હતું. સરદાર પટેલ યુનિવર્સિટીના વહીવટમાં અથેતિ રસ લેનાર શ્રીયુત પટેલ સાહેબે નવી પ્રથા દાખલ કરાવી કે અગાઉની બેઠકમાં જે જે નિર્ણયો થયા હોય તે અંગે શું કાર્યવાહી થઈ છે તેની સંક્ષિપ્ત નોંધ તે પછીની બેઠક સમક્ષ રજૂ કરવી. આમ, યુનિવર્સિટીના વહીવટમાં અગત્યની પ્રથા દાખલ થઈ જેને કારણે વહીવટમાં અજાણતાં થતી કેટલીક ક્ષમ્ય ભૂલો પણ નિવારી શકાઈ.

યુનિવર્સિટી કુલસચિવ તરીકે યુનિવર્સિટીનાં અગત્યનાં સત્તામંડળોમાં શ્રીયુત પટેલ સાહેબના જ્ઞાન અને સૂઝનો અનુભવ મને મળતો જેને હું મારી એક ખુશનસીબી સમજું છું. વહીવટી ગૂંચ ઉકેલવાની સૂક્ષ્મ દૃષ્ટિ એમની સેવામાં હંમેશા હાજરાહજૂર હોય છે. આમ છતાં, તેઓ અવલંબન લે તે ધારા કે નિયમનું જ. રાજ્યની અન્ય યુનિવર્સિટી કરતાં સરદાર પટેલ યુનિવર્સિટીની ભાત અનોખી પાડવાના શુભાશયથી વિવિધ વિદ્યાશાખામાં પ્રવેશ મેળવવા માટે


ISSN 0976 – 9609

ન્યુનતમ ટકાવારીની જાળવણીના શ્રીયુત પટેલ સાહેબ અગ્ર હિમાયતી. શિક્ષણના સ્તરને ઊંચું લાવવા યુનિવર્સિટી જે જે નિર્ણયો કરે તેનો પડઘો, મોડો કે વહેલો, કોલેજના સંચાલનમાં સંભળાય છે. યુનિવર્સિટીના આરંભના સમયે સંલગ્ન કોલેજોની સંખ્યા સાવ નાની હતી. શ્રી પટેલ સાહેબની અધ્યક્ષતામાં ચારુતર વિદ્યામંડળ એ કોલેજોનું સંચાલન કરતું હતું. ચારુતર વિદ્યામંડળની આર્થિક સ્થિતિ જોતાં ખર્ચાળ શૈક્ષણિક અખતરા કરવાનું હિતાવહ નહિ લાગે તેવું હોવા છતાં એક બાજુ નવી નવી શૈક્ષણિક સંસ્થાઓના ઉદ્ભવ દ્વારા વલ્લભવિદ્યાનગરનો વિકાસ કરતા અને સાથે સાથે શિક્ષણની ગુણવત્તા માટે સંચિત રહેતા શ્રી પટેલ સાહેબની પ્રેરક કાર્યપદ્ધતિ જોવા મળતી હતી.

વળી, વિદ્યાર્થીઓ અને અધ્યાપકોમાં જો વાચનની ટેવ કેળવાય તો શિક્ષણનું સ્તર ઊંચે આવે એવી એમની દૃઢ માન્યતા હોવાથી યુનિવર્સિટીની લાઈબ્રેરીના વિકાસમાં શ્રીયુત પટેલ સાહેબ આમૂલ રસ લેતા હતા. ગ્રંથાલયમાં જે ગ્રંથો વસાવાય તે ઉપયોગી અને પસંદગીના હોય તે માટે તેઓ હંમેશા આગ્રહ રાખતા. બીજાં અગત્યનાં રોકાણો રદ કરીને પણ ગ્રંથાલય સમિતિની બેઠકમાં એ અચૂક હાજરી આપતા, જે એમની એ વિષય પ્રત્યેની મમતાનું દ્યોતક છે. આ સમિતિમાં તેઓ ઉપકારક માર્ગદર્શન આપતા તેનું કારણ તેમના વિવિધ ક્ષેત્રોના વિપુલ વાચનમાં જોઈ શકાય.

વહીવટ ક્ષેત્રે શ્રીયુત પટેલ સાહેબ પાસેથી પ્રસંગોપાત્ત જે જે માર્ગદર્શન મળ્યું છે તેની વિગતવાર નોંધ કરવાનું અહીં શક્ય નથી. તેમ છતાં એટલું તો કૃતજ્ઞ ભાવે નોંધવું જ જોઈએ કે વહીવટી પાંખને એમની હૂંફ રાતદિવસ મળતી રહી છે અને મર્યાદા બહારના સંઘર્ષ સમયે વહીવટી પાંખની મથામણને તેઓ તટસ્થ ભાવે જોયા કરતા નહિ, પરંતુ વહીવટી પાંખના નાના મોટા સૌ કોઈને એમનો સહારો અવશ્ય આપતા હતા. વળી, આ સહારો માત્ર શાબ્દિક રહેતો નહીં. જે જે સંસ્થાઓ સાથે એ સંકળાયેલા હોય ત્યાં આકરી આર્થિક ભીંસ હોવા છતાં કર્મચારીઓ પ્રત્યેનું એમનું વલણ ઉદારમતવાદી રહ્યું છે. શ્રીયુત સાહેબ માટે કોણ જાણે કેમ અંશતઃ એક એવી સમજણ પ્રવર્તે છે કે એઓ વધારે પડતા કડક છે. હા, એટલું સાચું છે કે શિસ્તના આગ્રહી છે અને જવાબદારીમાંથી સરકી જવાની વૃત્તિને એ સહન કરી શકતા નથી. આમ છતાં, કોઈ કર્મચારીને છૂટા કરવાના મતના એ રહ્યા નથી, એટલું જ નહીં પરંતુ ભારે ભૂલ કરનાર પ્રત્યે પણ એ નિઘૃણ થયા નથી. મિતાક્ષરમાં કહેવું હોય તો એમ કહી શકાય કે કદરદાનીનો ગુણ એમણે હસ્તગત કરેલો છે.

'વિશ્વાસે વહાણ ચાલે' એ કહેવત શ્રીયુત પટેલ સાહેબમાં સાર્થક થતી જોવા મળે છે. સામાન્યતઃ એકવાર અનુભવના નિકષે કસીને સમોવડિયા અથવા તો હાથ નીચેના

માણસ પર વિશ્વાસ મૂક્યા સિવાય વહીવટ કરવાનું શક્ય નથી, બલ્કે દુષ્કર છે. અનેકદેશીય અને અનેક ક્ષેત્રીય પ્રવૃત્તિઓમાં હંમેશા ગળાબૂડ રહેતા શ્રીયુત પટેલ સાહેબ, મૂકેલા વિશ્વાસના કારણે કોઈ નિર્ણય લે અને જો ઓ નિર્ણયમાં કોઈ પ્રકારની કસૂર હોય તો એની જવાબદારી શ્રી પટેલ સાહેબની નહિ પરંતુ જેના પર તેમણે વિશ્વાસ મૂક્યો હતો તે વ્યક્તિની ગણાય. આ મુદ્દાનો ઉલ્લેખ હું સકારણ કરું છું. એમ પણ કહેવાતું હોવાનું જાણવા મળે છે કે શ્રી પટેલ સાહેબ વિચારો અને અભિપ્રાયો બદલવા જેટલું ખુલ્લું મન તેઓ રાખે છે, એવું આ બાબતને ઊંડાણથી વિચારતાં મને લાગે છે. આવા પ્રસંગે એમનું અહમ્ ક્યારેય અવરોધક બન્યું નથી. એક રમતવીરનું આ લક્ષણ ગણાય.

રમતગમતો પ્રત્યે એમણે જાળવી રાખેલો રસ એ હકીકતથી સિદ્ધ થાય છે કે સરદાર પટેલ યુનિવર્સિટીની 'બોર્ડ ઓફ સ્પોર્ટ્સ એન્ડ વેલ્ફેર'ના એ વર્ષો સુધી અધ્યક્ષ રહ્યા; એટલું જ નહીં, પરંતુ એમાં સક્રિય રસ લઈ આ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ રમતગમત ક્ષેત્રે અન્ય યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓનો પડકાર ઝીલવા જેટલાં સબળ બને અને સફળતા મેળવે તે માટે જરૂરી વાતાવરણ ઊભું કરીને વિદ્યાર્થીઓને અનેક રીતે પ્રોત્સાહિત કરતા રહ્યા. આ મુદ્દો દેખાય છે તેટલો નગણ્ય નથી. પંચોતેર વર્ષની પાકટ વયે પણ એક યુવાનને શરમાવે તેવા પ્રવૃત્તિમય રહી શકવાના રહસ્યની ગુરુચાવી જ આ છે.

શ્રીયુત પટેલ સાહેબ જેટલું ખુલ્લું મન રાખી ખેલદિલીપૂર્વકનો વર્તાવ કરી શકે છે તેટલું જ શિસ્ત અને મૂલ્યની જાળવણી અર્થે સંઘર્ષ કે પડકાર હિંમતપૂર્વક ઝીલી પણ શકે છે; પણ એ સંઘર્ષ વિદ્યાર્થીઓ અંગેનો હોય કે અધ્યાપકોના પ્રશ્નોનો, જે સમયગાળામાં ભારતની અન્ય યુનિવર્સિટીઓમાં જ્યારે વિદ્યાર્થીઓના ભારે અજંપાને કારણે યુનિવર્સિટીનું સમગ્ર શિક્ષણ અને પરીક્ષણકાર્ય વર્ષો સુધી થંભી જતું હતું ત્યારે તેમણે શિસ્ત, જીવનનાં મૂલ્યો વા શિક્ષણના સ્તરના ભોગે ક્યારેય નમતું ન જોખીને યુવાન પેઢીને નૈતિકબળ અને સંકલ્પબળના ઉચ્ચ આદર્શોનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. આમ છતાં, અનુકરણીય લાગે તેવી હકીકત એ છે કે જેમની સાથે સંઘર્ષ થયો હોય તેમના માટે શ્રી પટેલ સાહેબ હંમેશ નિર્દંશ અભિગમ જ રાખે છે.

અંતમાં પરમકૃપાળુ પરમાત્મા શ્રીયુત પટેલ સાહેબને સ્વાસ્થ્યપૂર્ણ દીર્ઘાયુ બક્ષે અને લોક કલ્યાણનાં કાર્યોમાં આજે છે એવો ને એવો એમનો જુસ્સો ટકાવી રાખે એ જ નમ્ર પ્રાર્થના. જુલાઈ, ૧૯૭૯

(શ્રી એચ.એમ. પટેલ અમૃતમહોત્સવ અભિનંદન ગ્રંથ ૧૯૭૯ માંથી સાભાર)


ISSN 0976 – 9609

## ક્ષમાભાવના

એસ.જી પટેલ

વરસો પહેલા સૌરાષ્ટ્રના પોરબંદરના સાગરકાંઠાના એક નાનકડા ગામડાનો દલિત યુવક એક કંપનીના મજૂર તરીકે સામાન ઊંચકવા દરિયાઈ જહાજ (સ્ટીમર) માં મજૂર તરીકે આફ્રિકા ગયેલો. શેઠે એને આફ્રિકા યુગાન્ડા જ રોકી લીધો અને એની પત્નીને પણ ત્યાં જ બોલાવી લીધી. સમય જતાં એ SC દંપતીને એક બાળક જનમ્યું અને એ યુગાન્ડાનો જ નાગરિક બન્યો. ત્યાં જ થોડું ભણીગણીને મોટો થયો અને ત્યાંના દલિત સમાજમાંની એક કન્યાને પરણ્યો. એને પણ બે-ત્રણ બાળકો થયાં. પણ ૧૯૭૨માં આફ્રિકાના આ દેશ યુગાન્ડામાં કાળમુખા ક્રૂર સરમુખત્યાર શાસક ઈદી-અમીનનું રાજ આવ્યું. એણે રાતોરાત ફતવો બહાર પાડીને આફ્રિકા સિવાયની તમામ પ્રજાની માલ-મિલકતો, ધંધાઓ લૂંટીને જપ્ત કરી લીધા. ચારે કોર અત્યાચાર ફેલાવ્યો અને પહેરે લૂગડે યુગાન્ડાના વતની હોવા છતા નોન-આફ્રિકન પ્રજાગણી, ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશી એવા તમામ નાગરિકોને રાતોરાત હાંકી કાઢ્યા. યુગાન્ડાના કાળિયા હબસી લશ્કરે એશિયનો ઉપર પારાવાર અત્યાચારો કર્યા. તમામ નોન-આફ્રિકનો મોટા ભાગના ગુજરાતીઓ બે હાથ જોડીને ભાગી છૂટ્યા. કેટલાક વતન પરત આવ્યા. કેટલાકને ઈંગ્લેન્ડે નિરાશ્રિતો તરીકે સ્વીકારીને કેમ્પમાં રાખ્યા. એમાં આ દલિત દંપત્તિ પણ એમની એક કુમળી વયની સગીર દીકરી વાસંતી મકવાણા સાથે એ રેફ્યુજી કેમ્પમાં સંઘર્ષ કરીને કુટુંબ કબીલા સાથે રહ્યા. બ્રિટિશ સરકારે એમને ખૂબ જ અલાયદા ભલે રાખ્યા. પણ બ્રિટિશ સરકારે એમની યુરોપિયન મિશનરીઓની મદદથી આ વિસ્થાપિત શરણાર્થીઓ માટે મંદિરો કે મસ્જિદો બાંધવાને બદલે એમના પરિવારના નાના બાળકો માટે અલગ સ્કૂલો અને બીમાર વૃદ્ધો માટે અલગ હોસ્પિટલોની વ્યવસ્થા કરી. કોઈનો સમય એક સરખો રહેતો નથી. કાળનું ચકરડું ફરી ગયું અને... સમય જતાં વરસો પછી યુગાન્ડાના ક્રૂર શાસક ઈદી-અમીનના લશ્કરી સરમુખત્યાર શાસનનો કરુણ અંત આવ્યો. એને પોતે ભાગવું પડ્યું. ઉંમર અને કર્મો કોઈને છોડતા નથી. એ ઈદી અમીન કિડનીની જીવલેણ બીમારીઓમાં સપડાયો. સાઉદી અરેબિયામાં અદ્યતન હોસ્પિટલમાં વીઆઈપી પેશન્ટ તરીકે લવાયો. એને બચાવવા ઢગલો રૂપિયા ખર્ચાયા. ચારે બાજુ શોધ થઈ કે આખા વિશ્વમાંથી શ્રેષ્ઠ કિડની સ્પેશિયાલિસ્ટ ડોક્ટર બોલાવો. કેનેડાથી એક વિશ્વ વિખ્યાત મહિલા કિડની સ્પેશિયાલિસ્ટને તાત્કાલિક બોલાવાઈ. એ મહિલા કિડની સ્પેશિયાલિસ્ટ બીજુ કોઈ નહીં પણ... વરસો પહેલા ઈદી અમીને સત્તાના મદ અને ગુમાનમાં હાંકી કાઢેલા સિત્તેર હજાર પરિવારો પૈકીના એક દલિત પરિવારની બાર વરસની વયે યુગાન્ડાથી હાંકી કઢાયેલી માસુમ દલિત દીકરી વાસંતી મકવાણા હતી. એ ઈંગ્લેન્ડમાં ભણી ગણીને ડોક્ટર બની. તથા મિશનરીઓની મદદથી વધુ ભણવા કેનેડા ગઈ અને ત્યાં જ સેટ થઈ ગઈ હતી. એણે સાઉદી અરેબિયાની વિખ્યાત હોસ્પિટલમાં આવીને તાબડતોબ ઈદી અમીનનું અતિ જોખમી હીમોડાયાલીસીસ કર્યું. તેને વધુ સારવાર માટે કેનેડાની અદ્યતન હોસ્પિટલમાં શિફ્ટ પણ કર્યા. કરોડોની ફીમાંથી એક રૂપિયો લીધા વગર શ્રેષ્ઠ સારવાર આપી. થોડા સાજા થયા પછી ઈદી અમીને એ લેડી ડોક્ટરને બે હાથ જોડ્યા કે તમારા હિસાબે હું બચ્યો, નવા શ્વાસ લઈ શકું છું. તમે મારા ભગવાન છો. તમારી ફી લઈ લો. ત્યારે એ દલિત લેડી ડોક્ટર વાસંતી મકવાણાએ સામે બે હાથ જોડીને કહ્યું કે, જે વ્યક્તિએ સત્તાના મદ અને ગુમાનમાં છકી જઈને, બહેકી જઈને મારા મા-બાપ સહિત ત્રણ ચાર દિવસ અન્ન પાણી વગર સરહદ ઉપર ભટક્યા હતા. સરહદ પાર કરીને રેફ્યુજી કેમ્પમાં પહોંચ્યા ત્યારે મને બે બિસ્કિટ કોઈક દયાળુ મુસ્લિમ બાઈએ આપ્યાનું યાદ છે. એ અત્યાચારો આજેય હું ભૂલી નથી. જો તમને એ બાબતનો પસ્તાવો થાય અને માફી માંગો એ જ મારી ફી છે. મારા માબાપ અને દાદા-દાદી તો આ આઘાતમાં સમય જતાં ગુજરી ગયા. તેઓનો આત્મા ક્યારેય તમને માફ નહીં કરે. પણ હું એક હિંદુસ્તાની ગુજરાતની સુદામાપુરી ...પોરબંદરની પૂજ્ય મહાત્મા

ગાંધી બાપુની કર્મભૂમિનું લોહી છું. એટલે મેં તમને માફ કરી દીધા છે. મે સાચા દિલથી હૃદયમાં દયા અને કરુણાના ભાવથી એક લાચાર અને જીવલેણ રોગથી પીડિત દર્દીની સેવા કર્યાનું પુણ્ય મેળવ્યું છે. હું તો માફ કરી દઈશ... પણ તમારા કર્મો તમને નહીં છોડે. તમે તમારી વિચારધારાના અનેક ઈદી અમીનો પેદા કરીને ઘોર પાપ કર્યું છે. પણ હું કાયમ તમારી મફત સેવા જ કરીશ. કારણ કે તમારી આજની પરિસ્થિતિ લાચાર અને દયાજનક છે. હું બદલાની વેરભાવનામાં માનતી નથી. કારણ કે મેં હાલમાં જ બે વરસથી સાંજની કોલેજના મેડિકલ લેકચરો બંધ કર્યા છે. મેં હિંદુસ્તાની શાસ્ત્રોનો અભ્યાસ ચાલુ કર્યો છે. સમય મળ્યે નિયમિત વાંચ્યા છે. એના આધારે કહું છું કે કર્મો કોઈને છોડતા નથી. મારે ના કહેવું જોઈએ પણ.... સર તમે પણ ચોક્કસ કર્મોની સજા ભોગવો છો. આટલું સાંભળતાં જ વિશ્વનો એ અતિ ભયંકર ક્રૂર અત્યાચારી શાસક ધ્રુસકે ધ્રુસકે ને પોકેપોકે રોઈ પડેલો. એ દલિત લેડી ડોક્ટર વાસંતી મકવાણાએ એની ફાઈલમાં લાંબુ પ્રિસ્ક્રિપ્શન લખીને કોઈ પણ પ્રતિક્રિયા વગર બીજા અન્ય પેશન્ટની સેવામાં પરોવાઈ ગયેલી. આજે ય જબરજસ્ત પર્સનાલિટી ધરાવતી જૈફ વયે પહોંચેલી આ વિશ્વ વિખ્યાત દલિત લેડી ડોક્ટર વાસંતી મકવાણા કેનેડામાં એજ અદાથી ધીમે પગલે ચાલતી દરેક દર્દીઓની ભગવાન બનીને સેવા કરે છે. આજેય એને શેષ જીવન સુદામાપુરીમાં એટલે કે મહાત્મા ગાંધીની અને પોતાના દાદા દાદીની જન્મભૂમિ અને મૂળ માતૃભૂમિ એવા સુદામાપુરી પોરબંદરમાં ગાળવાની ઇચ્છા છે, કે જે પવિત્ર ભૂમિની અનેક વાતો અને સંસ્મરણો એણે માત્ર દાદા,દાદી પાસે બચપણમાં રેફ્યુજી કેમ્પમાં તંબુમાં કડકડતી ઠંડીમાં માત્ર આ સોરઠધરા સૌરાષ્ટ્રની વાતો જ સાંભળેલી છે, એને પોતાને ગુજરાતી કાઠિયાવાડી ભોજન બનાવતા સહેજેય ફાવતું નથી... સમયના અભાવે એવો પ્રયત્ન ક્યારેય નથી કર્યો. પણ આજેય કેનેડામાં એની ગુજરાતી રસોયણ બાઈના હાથનો બાજરાનો રોટલો અને દેશી ગોળ તથા કઢી ખીચડી, ક્યારેક ઢોકળાં, ભજિયાં પણ વાર-તહેવારે ભોજનની થાળીમાં અન્નપૂર્ણા દેવીના મંત્રો બોલી હાથ જોડ્યા પછી જ ભોજન ગ્રહણ કરે છે. વિદેશમાં જન્મી અને ઊછરીને નામાંકિત ડોક્ટર હોવા છતાં આજેય ચોસઠ વરસની વયે ગુજરાતી બોલી તથા સમજી શકે છે. કોઈ લાખ કરે ચતુરાઈ.... 'કરમ કા ભેદ મીટે નહીં ભાઈ'... એ ભજન એના મોબાઈલની કોલરટ્યુન છે. એ લોકપ્રિય ભજન... ડો. વાસંતીનું પ્રિય ભજન છે. નરસિંહ મહેતા અને મીરાંબાઈ તથા દાસી જીવણનાં ભજનો પણ આજેય સાંભળવા એમને ખૂબ ગમે છે. હેમંત ચૌહાણને આજે ય ચાલુ ગાડીમાં કે પોતાના માલિકીના પ્રાઈવેટ ચોપર હેલિકોપ્ટરમાં એક હોસ્પિટલથી બીજી હોસ્પિટલમાં વિઝિટો કરતા ચક્કરો લગાવતા સાંભળે છે. સલામ છે આ પોરબંદરનું સુદામાપુરીનું ખમીરવંતી ભૂમિનું લોહી ધરાવતી આ દલિત ડો. વાસંતી મકવાણાને... પણ પેલા યુગાન્ડાના ક્રૂર રાષ્ટ્રપતિ ઈદી અમીનનું શું થયું?? એ જ્યારે આ ડો. વાસંતી ને પૂછશો તો તરત જ કહે છે કે... સોરી.. પ્લીઝ એ યાદ ના કરાવશો. 'કર્મો કોઈને છોડતા નથી.' જીવનની છેલ્લી અવસ્થામાં એ ઈદી અમીનના એટલા બધા બૂરા હાલ થયા કે રિબાઈ રિબાઈને ૧૬ ઓગષ્ટ ૨૦૦૩માં ગુજરી ગયો. જતાં પહેલા એણે અનેકવાર ડો. વાસંતી મકવાણાની ફોન ઉપર ધ્રુજતા અવાજે રોઈ રોઈને પલ પલ માફી માંગી. ડોક્ટર વાસંતી એક જ વાક્ય કહેતી કે સર ... હુ ઈન્ડિયન બ્લડ છું. માફી માંગીને મને વધુ શરમાવશો નહીં. મે તમને માફ કરી દીધા છે. તમારા માટે બીજુ તો હું શું કરી શકું? પણ ઈશ્વરને પણ હું તમને માફ કરી દેવા પ્રાર્થના કરીશ.

માણસની નાત-જાત ગમે તે હોય... પણ જેના લોહીમાં સારા સંસ્કાર વણાઈ ગયા છે.. એ જ ઊંચા કૂળનો માનવી.

---

(ગુગલ ડોટ કોમમાંથી સાભાર)

- માનદ્મંત્રી ચારુતર વિદ્યામંડળ
વલ્લભવિદ્યાનગર
ફોનઃ- (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
ઈ-મેઈલઃ- sgpatel1948@gmail.com


ISSN 0976 – 9609

## હીરો ખો મા!

**તિલકદાસ**

હીરો ખો મા તું હાથથી
આવો અવસર પાછો નંઈ મળે,
ખોઈ બેઠો બંદા, ખાખમાં,
માથે ત્રિવિધિના તાપ બળે.

મોતી પડ્યાં મેદાનમાં, ઓલ્યા મૂરખ મૂલ શું કરે?
મળે હીરાના પારખુ જો સતગુરુ સાન કરે. - હીરો.

સમજ વિના નર કરે સાધના, ગુરુ બન જ્ઞાન ન જડે,
પારસમણિનો પાસ ઈ તો, લોઢાને કંચન કરે. - હીરો.

તરી ઊતરવું પ્રેમથી જેમ જળ માથે જા'જ તરે,
કાયા કાચો કૂપ છે માંહી અમીરસ નીર ઝરે. - હીરો.

કહે તિલકદાસ શૂરા સંગ્રામે મરજીવા મોજું કરે,
ધારણ બાંધો ધરમની તો નમતે છાબડે ઠરે. - હીરો.

હીરો ખો મા તું હાથથી
આવો અવસર પાછો નંઈ મળે.

## વજ્ર સરીખા

**બ્રહ્માનંદ**

પેટ કટારી રે, પેરીને સનમુખ ચાલ્યા,
પાછા ન વળે રે, કોઈના તે ન રહે ઝાલ્યા.

આમા સામાં રે, ઊડે ભાલાં અણિયાળાં,
તે અવસરમાં રે, રહે રાજી તે મતવાળા.

સાચા શૂરા રે, વેરી જેવા ઘાવ વખાણે,
જીવિત જૂઠું રે, મરવું તે મંગળ જાણે.

તેની પેરે રે, હરિજન પણ જોઈએ તીખા,
અંતરશત્રુને રે, લાગે અતિ વજ્ર સરીખા.

માથું જાતાં રે, મુખનું પાણી નવ જાવે,
બ્રહ્માનંદ કહે રે, એવા સંત હરિ મન ભાવે.

## મોતીનો મરમ

**તિલકદાસ**

જ્ઞાની, ગોતજો રે,
માતમ મોતીનો મરમ,
જ્ઞાની ગોતજો રે.

સ્વર્ગ મૃત્યુ પાતાલ મેં, જોયા સાતે દ્વીપ,
સાયરમાંહીં નીપજે સો મોતી સંઘરે છીપ. - જ્ઞાની.

સ્વાતિ જલ સંઘરે, પડો ધરનમેં આય,
સંત ઝવેરી પારખે તે મોંઘે મૂલ વેચાય. - જ્ઞાની.

મોતી મોંઘા મૂલનાં, સંત ઝવેરી જાણે,
સુરતા સોહાગણ સુંદરી સો અમરવરને માણે. - જ્ઞાની.

અમૃત પીધું પ્રેમથી, તું જીરવજે શિર સાટે,
સનમુખ રહેજે સંતથી તો પહોંચીશ સ્હેલી વાટે. - જ્ઞાની

સોદા કર લે સાચકા, મત ખોલો તું મૂઠ,
તિલકદાસ કહે સાચ સમજ લે, મત માને તું જૂઠ. -

જ્ઞાની, ગોતજો રે,
માતન મોતીનો મરમ.

## વૈરાગને વિઘન

**નિષ્કુળાનંદ**

વૈરાગને રે વિઘન ઘણાં, તાકી રહ્યાં તૈયાર જી,
મોટાઈ ઇચ્છે મારવા, છોડાવા ધન નાર જી.

ઉપરના રે અભાવથી, ટકે નહિ કદી ટેક જી,
પાંચ વેરી પ્રચંડ છે, અધિક એકથી એક જી.

ખાતાં પીતાં સૂતાં જાગતાં, વસવું વેરીને વાસ જી,
જોતાં સુણતાં ખોળતાં, તેનો કરવો તપાસ જી.

તપસ્યા વિના જે ત્યાગિયું, હોંડે કરી હૈયા જોર જી,
તે કોઈ દાડે કચવાઈને, ક્યાંઈ ભાગશે ભૂર જી.

અંતર ઊંડા અભાવથી, કરીએ તન મન ત્યાગ જી,
પછે ભરીએ પગલાં તો ન વણસે વૈરાગ જી.

સાચે કારજ સરવે સરે, કાચે રાચે નહિ રામ જી,
નિષ્કુળાનંદ કહે ન કીજિયે, વણસમજી એ કામ જી.

## તરસ રહી જાશે

ભરત વિંઝુડા

રસની શીશીમાં રસ રહી જાશે,
ના છિપાશે તરસ રહી જાશે.

કંઈ અકસ્માત થાય એવું છે,
જીવનનાં વરસ રહી જાશે.

હોઠ બીડી જશે તો ભીતરમાં,
એક મીઠી કણસ રહી જાશે.

આપણે જર્જરિત થઈ જાશું,
ને છબીઓ સરસ રહી જાશે.

દૂર ચાલ્યા જવાના છે સર્વે,
તું નજીક એક બસ રહી જાશે.

'રામકૃપા' ખાદી કાર્યાલય પાસે
સાવરકુંડલા, જિ. અમરેલી
મો. ૯૪૨૬૪૫૬૯૩૪

## ચક્ર

ભૂપેન્દ્ર વ્યાસ 'રંજ'

(ભૂજંગી-સોનેટ)

તજી સર્પ માફક જૂની કાંચળી ને
સજું છું. નવી કાંચળી હું સદાયે,
સજાવું નવી કાંચળી કાંચળીને
ફસાતો જઉં એમ હું ચક્રમાં શું?

ઉપાડું ચરણ એક, બીજો મુકાયે,
ઉપાડું પછી એય, ત્રીજો મુકાયે,
મુકાયે, ઉપાડું, ઉપાડું, મુકાયે,
અહો! એમ ચાલ્યા કરે, અંત ના'વે

તજી જિર્ણ તન હું પ્રવેશું નવામાં,
નવો જિર્ણ થાય પછી એ તજાયે,
તજું ને પ્રવેશું, પ્રવેશું તજું હું,
અહો! ચક્ર ચાલ્યા કરે એક એવું.

કરું ખૂબ યત્નો જવા છૂટવા હું,
કૃપા હો પ્રભોની, કૃપા હો પ્રભોની

૨૦૧, બાલમુકુન્દ કોમ્પ્લેક્ષ રામેશ્વર પાર્ક,
શેરી નં. ૦૩ રામેશ્વર ચોક,નાણાવટી ચોક પાસે
મો.- ૬૩૫૨૨૪૩૬૧૯

## પત્નીની યાદે

તુષાર દેસાઈ

ભાર્યા ગણાય, કિંતુ કદી ન લાગ્યો ભાર એનો,
લગ્નથી આજ દિ લગ, માણ્યો પ્યાર એનો.

કોઈ કંઈ પણ કહે-ઝઘડે-લડે, ન લાગતું ખોટું,
ગુસ્સે થાય, બોલી નાંખે, એનું કારણ ન હોય મોટું.

સાથ નિભાવ્યો કપરા કાળમાં, ઘણાં-બધાં વરસો,
છવાઈ જીવનમાં એવી, જાણે ઊગી ખેતરમાં સરસો.

દીકરા-દીકરી, કામવાળા, સહુ એનાં ટેવાયાં,
મમ્મી-પપ્પા ગુસ્સાવાળા, એ પણ એનાથી ટેવાયાં.

કાળ બની આવ્યો કોરોના, આ તે કેવી ક્રૂર થપાટ,
રહી ગયાં એમ જ- શોક, ખુશી, એના ખુલ્લા કબાટમાં.

૧૬/૫, ગોદાવરી ફ્લેટ-૧,
વાસણા, અમદાવાદ -૭
મો.- ૯૪૨૭૪૫૪૫૧૮

## હેતનો દીવો (ગીત)

ભગીરથ બ્રહ્મભટ્ટ

ઘરના મારા ઉંબરે ઝીણું પાંદડું ફૂટ્યું
ભરબપોરે નભડાળેથી સૂરજ જેવું શમણું છૂટ્યું
શ્વાસે શ્વાસે પુષ્પો જેવા, હેતની હેલી થઈ
વાયુ માફક હસતી વેલી મંગલ ગાણાં ગઈ
વેદની ઋચા હરખીલી દૈ આંગણે આવી-
-આંગણું ખૂટ્યું
હેતનું ઝીણું ઝરણું ફૂટ્યું
ઘરના મારા ઉંબરે ઝીણું પાંદડું ફૂટ્યું
સાવરે ખોબા જેવડા મારા ઘરને ફૂટી પાંખો
એમ લાગ્યું કે ક્યાંકથી કૃપા થઈને આવી આંખો
હથેલીનાં હેતનો દીવો, પ્રેમને પીવો
અજવાળાને આંખમાં ઘૂંટ્યું
ઘરના મારા ઉંબરે ઝીણું પાંદડું ફૂટ્યું
(૬-૧૧-૨૦૨૧)

પ્લોટ નં. ૮૩૬ 'ગ્રેસ બંગલો'
મનીષ કોર્નરની પાછળ, વલ્લભ-વિદ્યાનગર
મો.-૯૮૭૯૫૨૩૨૭૬



ISSN 0976 – 9609

## ગરીબાઈને પણ ટપી જનારી

ચંદ્રશંકર પ્રા.શુક્લ

આળસ એ હિંદનો એક મોટો જૂનો રોગ છે. ગરીબાઈ એ પણ મોટો વ્યાધિ છે જ; પણ ગરીબાઈના મૂળમાં આળસ એક અગત્યનું કારણ છે. હિંદની ગરીબાઈના એક ઈલાજરૂપે ગાંધીજીએ રેંટિયો ને ખાદી બતાવ્યાં. એનો પ્રચાર કરતાં ૧૯૨૪-૨૫ના પ્રવાસોમાં તેમને લોકમાનસનો જે અનુભવ થયો, તે પરથી તેમણે કહ્યું કે આપણી પ્રજાની આળસ એ ગરીબાઈને પણ ટપી જાય તેવું છે.

શરીર આળસ કરી નવરું પડી રહે, ત્યારે મન કંઈ નવરું પડતું નથી. નિરુદ્યમી માણસનું મન બૂરા વિચારો કરે છે ને પોતાનું તેમજ બીજાનું સત્યાનાશ વાળે છે. તેથી આપણામાં કહેવત પડી છે કે 'નવરો બેઠો નખોદ વાળે.' અંગ્રેજીમાં પણ કહેવત છે કે 'નવરું મન શેતાનનું કારખાનું છે.' દુનિયામાં થતાં કેટલાં બધાં તોફાનો ને ગુના પાછળ નવરા બેકાર માણસોનો હાથ હોય છે, એ વિચારવા જોગ છે.

પ્રાચીન રોમનું સામ્રાજ્ય દેશપરદેશમાં ફેલાયું, ને ત્યાંથી ખંડણીરૂપે આવતું ગાડેગાડાં અનાજ રોમનાં પ્રજાજનોને મફતમાં વહેંચી આપવામાં આવતું. જે લોકો અગાઉ ખેતીની મહેનત-મજૂરી કરતા ને જોરાવર હતા, તેમને મફત અનાજ મળવાથી તેઓ બેઠાડુ થયા. તેથી રોમમાં એ વર્ગનાં તોફાનો ચાલુ થયાં. મહેનત છોડવાથી પ્રજા વિલાસી ને નબળી બની; એ વસ્તુએ રોમની પડતીમાં ઘણો ફાળો આપ્યો ને જંગલી પણ બળવાન પ્રજાએ ઉત્તરમાંથી આવીને રોમ જીતી લીધું.

આપણા દેશમાં પણ મધ્યયુગના આરંભમાં વૈભવ, વિલાસ ને આળસ વધ્યાં, તેને લીધે જ આપણે લડાઈઓમાં હાર્યા ને પરાધીન બન્યા. મહેનત વિના બેઠેબેઠે ખાવાનું મળે, એ વ્યક્તિ તેમ જ આખી પ્રજા - બન્નેને માટે શાપ સમાન છે.

નિંદાકૂથથી એ પણ આળસનું જ એક પરિણામ છે. આપણા દેશમાં ભણેલાં ને અભણ સહુ, સમાજમાં કે રાજકાજમાં, અંગત નિંદાકૂથથી પાછળ. કેટલો બધો વખત બરબાદ કરે છે તે વિચારી જોજો. પાકા પુરાવા વિના કોઇનું પણ ભૂંડું બોલવું, એ નૈતિક ને સામાજિક ગુનો છે. જે માણસને સમયની કિંમત નથી, તેને શબ્દની કિમત પણ ક્યાંથી હોય ? એટલે માણસો ગમે તેવી બેફામ ટીકા કરતાં પણ અચકાતાં નથી.

યુવાની અને આળસ એ બે એકબીજાના વિરોધી શબ્દો હોવા જોઈએ. યુવાની એ જીવનની વસંત છે. વસંતઋતુમાં કુદરત પોતાની નવરચનાનું કેટલું બધું કામ કરે છે ! એમ સમાજની, દેશની કે જીવનની નવરચના કરવી હોય તો તેને માટે પણ એવું જ અવિશ્રાંત કામ કરવું જોઈએ. દેહરખો ધર્મ પાળીને દુનિયામાં કોઇ કશું ભારે કામ પાર પાડી શક્યું નથી. જગતના સર્વ મહાપુરુષોમાં જો કાંઇ સમાન ગુણ હોય, તો તે અવિરત પરિશ્રમનો જ છે.

આળસના અનેક પ્રકાર હોય છે. માણસ મહેનતુ ભલે હોય; પણ તે જો પોતાને કરવાનાં કામ નીમેલે વખતે ન કરે, તો એ પણ આળસ કહેવાય. આળસનો આ પ્રકાર સામાન્ય છે. એવા માણસને ઘણાં કામમાં દોડધામ થાય છે, ઘાંઘા થઈ જવાય છે, કામ સુઘડ ને વ્યવસ્થિત થતું નથી. જ્યારે વ્યવસ્થિત રીતે કામ કરનારને ઘણાં કામ કરવાનાં આવે ત્યારે પણ તેના જીવને ટાઢક રહે છે. રોબર્ટ લુઈ સ્ટીવન્સને કહ્યું છે કે બહાર ભારે વાવાઝોડું હોય ત્યારે જેમ ઘડિયાળ પોતાની એકધારી ગતિએ ચાલ્યા કરે છે, તેમ દુનિયાની ઊથલપાથલોની અસર મન ઉપર થવા દીધા વિના ધીર પુરુષે પોતાનું કામ ચાલુ રાખવું જોઈએ.

મનુષ્યમાં ફૂવડપણું એ આળસનું જ પરિણામ હોય છે. ચોપડીઓ ને કાગળિયાં અસ્તવ્યસ્ત પડયાં હોય, તેના પર ધૂળના થર જામ્યા હોય, ટેબલ પર એકે ચીજ તેને ઠેકાણે ન હોય, એવી સ્થિતિ કેટલાય સુશિક્ષિત માણસોની હોય છે. ફૂવડપણાને ભણતર કે અભણપણા જોડે સંબધ નથી, એ મુખ્યત્વે આળસનું જ પરિણામ છે.

ઉદ્યમની બાબતમાં આપણે સહુએ લશ્કર પાસેથી ઘણું શીખવા જેવું છે. લશ્કરનો સૈનિક માન પામે છે તેનું મુખ્ય કારણ એ તો છે જ કે તે જીવ હથેળીમાં લઈને સામે મોઢે મોતને ભેટવા જાય છે. પણ તેને વિશેના આદરનું એક બીજું કારણ તેનું નિયમબદ્ધ ને શિસ્તવાળું જીવન પણ છે. લશ્કરની છાવણી જુઓ તો સ્વચ્છતાના નમૂનારૂપ હોય. એનો પાઠ અમને એક વાર ગાંધીજીએ શીખવેલો. ૧૯૩૪ની હરિજનયાત્રા દરમિયાન અમે કુર્ગમાં હતા, ત્યાં એક સવારે ઉતારો છોડી નીકળવાને વખતે તેઓ અમારા ઓરડામાં આવ્યા. જુએ તો ઠેરઠેર કચરો ને કાગળના ટુકડા વેરાયેલા. એ જોઈ એમની આંખ ફરી ગઈ. તેમણે કહ્યું : ''આવું મૂકીને અહીંથી જવાય જ કેમ ? લશ્કરે જે જગ્યાએ પડાવ નાખ્યો હોય ત્યાંથી મુકામ ઉઠાવતી વખતે. જગા બિલકુલ સાફ કરી નાખીને જ જવું, એવો નિયમ હોય છે. એ નિયમ આપણે પણ પાળવો જોઈએ. એટલે હવે રોજ જે જગા છોડો તે વાળીઝૂડી સાફ કરીને જ નીકળજો. હું જોઈશ, ને એમાં ચૂક્યા તો સખત ઠપકો આપીશ.''

આવું જીવન યુવાનીમાં શરૂ કરી શકાય છે. એનો પાયો નાખવાનો ખરો વખત જ એ છે.

આ સવાલનો. જરા બીજી રીતે પણ વિચાર કરવા જેવો છે. આળસનો તો બચાવ થાય એવો નથી જ. પણ નરી દોડધામ એ જેમ ઉદ્યમ નથી, તેમ ફુરસદ અને વિશ્રાંતિને હંમેશાં આળસ કહી શકાય નહીં. આજની પશ્ચિમી દુનિયા જોઈએ, તો તેને આળસ સામે નહીં પણ અતિશય દોડધામ સામે ચેતવણી આપવી પડે. આપણે ત્યાંના શહેરી જીવનની પણ એ જ દશા થતી જાય છે. આપણે આપણાં કામ ને તેના વિચારોમાં જ એટલાં મશગૂલ રહીએ છીએ કે બીજાઓ તરફ ધ્યાનથી જોવાની અથવા સૂર્યોદય-સૂર્યાસ્ત કે સમુદ્રની ભરતીઓટ આંખ ભરીને નિહાળવાની, કે એ અદ્ભુત લીલાના સરજનહારનો વિચાર કરવાની આપણને ફુરસદ કે નિરાંત હોતી નથી. તેથી ધાંધલ વધી છે ને ચિંતન ઘટ્યું છે.

(-'અરધી સદીની વાચનયાત્રા' માંથી સાભાર)

॥ વિદ્યાવૃત્ત ॥

## આઝાદી કા અમૃત મહોત્સવ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ. યુ પટેલ ટેક હાઈસ્કૂલ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ શાળના આચાર્યશ્રી ડો.શંકરભાઈ પારગીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. તેમાં આણંદ જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના અધિકારીશ્રી શાંતિલાલ કપાસિયા તથા પ્રતિનિધિશ્રી અલ્પેશભાઈ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યશ્રીએ આવેલા મહેમાનોનું શાબ્દિક તથા પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. ગો.જો. શારદામંદિરની બાલિકાઓએ સુંદર પ્રાર્થના રજૂ કરી હતી.

શાંતિલાલ કપાસિયા સાહેબે ગ્રાહકોના હકો, ફરજો, અધિકારો, છેતરપિડીથી બચવું, જુઠી લોભામણી લાલચથી બચવું ત્યારબાદ જીવનમાં ખાદ્ય મીઠામાં આયોડિનની જરૂરિયાત વિશે મનનીય વાતો કરી હતી. ત્યારબાદ તેના વિશે વિડિયો ક્લીપ બતાવવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓએ ગ્રાહક સુરક્ષા વિશે ઓનલાઈન ખરીદીના 'લાભ અને ગેરલાભ' વિષય પર નિબંધ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થી ઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

ગો.જો. શારદામંદિરના આચાર્ય શ્રીમતી રીટાબેન, શિક્ષકગણ તથા બાલિકાઓ કાર્યક્રમમાં સહભાગી થયાં હતાં.

કાર્યક્રમના અંતે શાળાના સુપરવાઈઝર શ્રી ડાહ્યાભાઈ ચૌધરીએ આભારવિધિ કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી ઈન્દિરાબેન પટેલે કર્યું હતું.


ISSN 0976 – 9609

## અશ્વપચીસીનો અવસર

**રમેશ એમ. ત્રિવેદી**

યુવાવસ્થા એ ચારેય અવસ્થાઓમાં મનુષ્યને પ્રાપ્ત થયેલી ઉત્તમ બક્ષિસ છે. કેવળ ચેતનપદાર્થોમાં જ એની અનુભૂતિ થાય છે. ઉદ્‌ભિજ સૃષ્ટિ, પંખી સૃષ્ટિ, પ્રાણીસૃષ્ટિ અને મનુષ્યસૃષ્ટિમાં યૌવનનો કાલખંડ અદ્‌ભુત લીલા ધારણ કરે છે. એ વસંતકાળ છે, જ્યાં સર્વત્ર સુંદર, સારું, રમણીય દૃષ્ટિગોચર થાય છે. તે ઉલ્લાસ, ઉમંગ અને આનંદનું વાતાવરણ રચે છે. ત્યાં આશા-અભિલાષા-અપેક્ષાનાં તોરણ બંધાય છે. એ સમયે જે ગતિ, જે સંવેગ જન્મે છે તે લખલખતા ચેતનનો આવિષ્કાર પ્રગટાવે છે. એ સંજીવની અર્પે છે.

કવિ કહે છે:

*ઘરમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ,*
*અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ.*

શ્રીયુત ઝવેરચંદ મેઘાણીની રચેલી આ કાવ્યપંક્તિઓમાં માનવજીવનનું સનાતમ સત્ય ઘૂંટાઈને રજૂ થયું છે, તેથી જ સૌના હોઠ પર આ પંક્તિઓ રમતી રહી છે.

અશ્વનો થનગનાટ અપૂર્વ, અણખૂટ ઊર્જાનું પ્રતીક છે. માનવીનો માંહ્યલો, આત્મા ગગનચારિ બનવા, ઊડવા કાજે, કલ્પનાની પાંખો વીંઝતો હોય છે. એને નિત નૂતન ભોમકાનાં શમણાં આવે છે. એને એવે સ્થળે કદમ માંડવાં છે જે વણબોટ્યાં હોય, એને નવા ચીલા ચીતરવા છે –fresh field and pastures new એ માને છે કે ચીલે ચલે એ તો કપૂત. એને કંઈ કંઈ કરી બતાવવાના કોડ છે. યુવાદૃષ્ટિ જ્યાં પડે છે ત્યાં ચેતનનો સળવળાટ, તાજગી જોવા મળે છે. અદમ્ય ઉત્સાહ તેના અરમાનને શ્રદ્ધાથી ભરી દે છે. એને આટલાંટિક ઓળંગવો છે અને હિમાલયને આંબવો છે . એને સમંદરની ગહેરાઈ અને પર્વતની ઊંચાઈ કોઈ વિસાતમાં નથી. એને બધું હસ્તામલકવત્ – હાથમાં રાખેલા આમળાના ફળ જેટલું સુકર ભાસે છે. એના મનપ્રદેશમાં વિચારકોશમાં 'અશક્ય' જેવો શબ્દ નથી. એ કશુંક કરવા માગે છે. સમયની રેતી પર પોતાનાં પગલાંની છાપ અંકિત કરી જવાની ઇચ્છા ધરાવે છે. એવા યુવાનો નેપોલિયનની પણ પહેલાં 'અશક્ય' શબ્દને પોતાની આસપાસ ફરકવા દેતા જોવા મળ્યા નથી. એ તો દેશકાળના સીમાડાને વળોટી જતી લાગણી છે.

આપણે યુવાન કોને કહીશું? એની ઓળખ શી? વર્ણાશ્રમધર્મ અનુસાર જરૂર યુવાવસ્થા નિશ્ચિત દર્શાવેલી છે. પરંતુ શું એ બરાબર છે? જીવનને કેવળ વર્ષોમાં જ ગણવાનું? એવું હોઈ ન શકે. શ્રુતિપ્રોક્ત સો વર્ષના આયુષ્યમાં 'પચીસી' નો સંદર્ભ કેવળ આછો ખ્યાલ આવે તે માટે દોરેલી રેખાથી વિશેષ ન હોઈ શકે. વય અનુસાર વર્ષોની ગણતરી એ સ્થૂળ ખ્યાલ છે. કામ કરતાં કરતાં તું સો વર્ષ જીવ એવું શ્રુતિવચન છે. માટે વસંતકાળથી– પહેલી પચીસીથી શરૂ થતો સમય વ્યક્તિને યુવાન ગણવા પ્રેરે એમાં તથ્ય જરૂર હશે પરંતુ સંપૂર્ણ સત્ય નથી. 'યૌવન' શબ્દનો સંબંધ તન અને મન, ઉભય સાથે છે. ઘણીવાર તનથી એટલે કે વયથી યુવાન વ્યક્તિ મનથી યુવાન હોતી નથી. ક્યારેક વ્યક્તિ યુવાવસ્થામાં સાવ બાલભાવ કે વૃદ્ધભાવથી પણ જીવતી જોવા મળે છે. હું કંઈ કરી શકીશ નહિ, આ તો મારાથી કેવી રીતે થશે એવો નૈરાશ્યભાવ યુવાવસ્થાનું લક્ષણ હરગીજ ન બની શકે. એવા મનુષ્યો સમાજને તો ઉપયોગી નથી જ, જાતને પણ ઉપયોગી નથી. કોઈપણ વયે માનવીમાં થનગનાટ ન જન્મે, જેની દૃષ્ટિ ભૂતકાળમાં જ ખોડાયેલી રહે, આત્મવિશ્વાસનો અભાવ પીડતો હોય તો વય થવા છતાં તેને યુવાન કહી શકાશે નહીં. તરવરાટ, ભાવિ તરફ દૃષ્ટિ, આત્મશ્રદ્ધાથી છલકતું મનોબળ જ માનવીને 'યુવાન' એવી સંજ્ઞાને પાત્ર ઠેરવે છે.

જેને સનાતન યુવાવસ્થા પ્રાપ્ત થયેલી છે, જેના હૃદયરૂપી કમળમાં સદા વસંત રહેલી છે. તેવા પુરુષોત્તમ જગદગુરુ શ્રીકૃષ્ણ ભગવદ્‌ગીતામાં કહે છે કે **मासानां मार्गशीषोऽहम् ऋतुनां कुसुमाकरः ।** – 'મહિનાઓમાં માગશર માસ છું અને ઋતુઓમાં હું વસંત છું,' ગુલાબી હવા, રમણીય પ્રકૃતિ, પંખીજગતની ચહલપહલ, ઊઠવા આવેલી અઢારભાર વનસ્પતિ, ઉત્તરાયનના સમયગાળાની સૂર્યની તાજગીભરી પ્રાણશક્તિવાળાં કિરણો, આહાર-વિહાર, પ્રાણીમાત્રના દેહમાં નવસંચાર કરતી,

નવચેતન જગવતી ઊર્જા- એ બધું આ સમયનાં ચાલક પરિબળો છે. એમાં સદાબહાર યૌવનની અનુભૂતિ થાય એમાં શી નવાઈ? વસંતઋતુનું સૌંદર્ય, ઐશ્વર્ય અપાર હોય છે. નવજીવનની બક્ષિસ સમગ્ર ચેતનતત્ત્વને સાંપડે છે. એને ઝીલવાનું સૌભાગ્ય વિરલાઓને જ સાંપડે છે કારણ કે એવાં ચેતનતત્ત્વનો અનુભવ કરવો, એને માણવું એને ઉચિત પરિપ્રેક્ષ્યમાં સમજવું કેટલાંના નસીબમાં હોય છે! જીવનની ભાગદોડ વચ્ચે ઘડીક થંભી, થોભી કુદરતની એ 'લીલા'ને પામવાથી ચેતનાકોશ સભર થઈ જાય છે. એ અદ્‌ભુત અનુભવ એ તન અને મનની વસંત, યુવાવસ્થા. માનવીના જીવનમાં આવો ઉત્તમ યોગ રચાયો હોય અને છતાં ભોગપ્રધાન સમાજરચનાની ચુંગાલમાં જકડાયેલો માનવી એને માણી ન શકે તેનું જીવન એળે ગયું જ સમજવું. એ ઋતુ, એ કાળ તો સતત પ્રવાહમાન છે. એને પામી જવો, તદનુસાર જીવનની ગતિ નિર્ધારિત કરવી અને કુદરત સાથે તાદાત્મ્ય સાધવું એ આવશ્યક છે. મનુષ્યનું કુદરત સાથેનું તાદાત્મ્ય એટલે ચેતનનું ચેતન સાથેનું અનુસંધાન. યુવાવસ્થાનું યુવાવસ્થા સાથેનું મિલન.

આ જગતમાં માનવીની જે કોઈ ઉપલબ્ધિ છે તે યુવાવસ્થાના પરિણામસ્વરૂપ છે. આગળ કહ્યું તેમ યુવાવસ્થા એ કોઈ વયને નિશ્ચિત કરતા કાલખંડથી પણ કંઈક વિશેષ છે. યુવાવસ્થા એ એક પ્રકારની લાગણી છે, જુસ્સો (Spirit) છે, સ્થૂળ વર્ષોના આંકડા નથી. જે જે સ્વપ્નદ્રષ્ટાઓ છે તેમને સ્વપ્નશિલ્પો બનવાની અહીં તક મળી રહે છે. જે વ્યક્તિ સ્વપ્નને સાકાર કરી શકતો નથી એના બધા વિચારતરંગો સ્વપ્નતરંગો શેખચલ્લીના બની રહે છે. જેને કંઈક નક્કર કરી બતાવવું છે, આ જગતમાં આવીને કોઈ અમીટ છાપ છોડવી છે એને માટે કર્મયોગ ચીંધેલો છે. **કુર્વન્નેહેવકર્માણિ જિજિવિશેષ શતં સમાઃ।** કાર્ય કરતાં કરતાં સો વર્ષના આયુષ્યને પામવાનું છે, કેવળ મ્યુનિસિપાલિટીના જન્મમરણના ચોપડામાં નોંધણી કરવા માટે આપણાં વર્ષો નથી. માટે 'કર્મમાં કુશળ એ જ યોગ છે', તથા 'ચિત્તવૃત્તિનો નિરોધ એ જ યોગ છે' આ બે સૂક્તિઓ ગીતાના ગાનારે આપણને બક્ષી છે, તે બરાબર સમજીએ. પ્રત્યેક યુવાને કર્મનો યજ્ઞ માંડવાનો છે અને તે માટે ચિત્તવૃત્તિનો સંયમ જાળવવાનો છે. યુવાવસ્થાના ઉછાળા બ્રેક વગરના ગતિશીલ એન્જિન જેવા છે એમાં અનુભવમંડિત શાણપણ અને સ્વસ્થતા ઉમેરાય એટલે કે સંયમ કેળવાય એટલે કે વિવેકબુદ્ધિનો સંગમ થાય તો યૌવન શું ન કરી શકે?

મનુષ્યજીવનને સાર્થક કરનાર યોગ છે અને તે પ્રત્યેક સાચા યુવક કે યુવતીએ આચરવાનો છે. ઉચ્ચ પ્રકારનો યોગ તે ઉદ્યોગ - કર્મપ્રવણતા યોગ પણ ઉચ્ચ પ્રકારનો જ હોવો જોઈએ. એમાં થોડાંક વર્ષ જીવ્યા કે શતાયુ જીવ્યા, એવી સ્થૂળ ગણતરીને અવકાશ નથી. સ્વામી વિવેકાનંદ તથા ઝાંસીની રાણી લક્ષ્મીબાઈનાં ઉદાહરણ આપણી સમક્ષ પડેલાં છે. કેવા દૃઢ નિર્ધાર છે એમના, તે જુઓ. એમની વાણી અને તેમનાં કાર્યો એમના ચિત્તમાં ચાલતા વિચારો સાથે સુસંગત થયેલા છે, અલગ અલગ નથી. સ્વામી વિવેકાનંદ પ્રત્યેક યુવાન દિલને ટકોરે છે - 'ઊઠ, જાગ અને ધ્યેય પાર ન પડે ત્યાં સુધી મંડ્યો રહે.' આ વચનોમાં ઉન્નત જીવન જીવવાની પ્રેરણા નથી તો બીજું શું છે? લક્ષ્મીબાઈની દૃઢનિશ્ચયી વાણી - 'મેરા ઝાંસી નહીં દૂંગી...' એ લલકાર (અને પડકાર પણ ખરો) શું સૂચવે છે. એમાં રહેલું વીરપણું જ તેમને ક્ષાત્રકર્મ તરફ દોરી જાય છે. કર્મશીલ મનુષ્યોના જીવનમાં આમ વિચાર, વાણી અને વર્તનનો સમન્વય થયેલો હોય છે. તેથી જ આવી વિભૂતિઓ યુવાધનને માટે સતત પ્રેરણાસ્રોત બની રહે છે. કર્મશીલ વ્યક્તિનું પ્રત્યેક કદમ યૌવનરસ (જોબનરસ)થી છલકાતું હોય છે. યુદ્ધના મેદાન પર દૂધમલ બેટાઓ-યુવકો-બત્રીસલક્ષણા મહાપ્રાણ જ બલિદાન આપતા હોય છે. ભીષ્મપ્રતિજ્ઞા કરીને જ યુવાન જીવનના મહાભારતમાં - કુરુક્ષેત્રમાં રથારૂઢ થાય છે, સામી છાતીએ ઘાવ ઝીલે છે અને ઇચ્છામૃત્યુને વરે છે.

યુવાવસ્થાને સાચા અર્થમાં કોણ સમજી શક્યું છે? સમાજે યુવાનીની ઊછળકૂદને થોડીક ત્રાંસી નજરે જોઈ છે. સામા પક્ષે યુવાનો પણ ઉચ્છૃંખલતા દાખવી સમાજના વિશ્વાસને ડગમગાવી દેતા હોય છે. સમાજ એને 'ગધાપચીસી' શબ્દથી નવાજે છે. અહીં આટલે સુધી આવ્યા પછી 'ડેડ એન્ડ' આવી જાય તો બંને પક્ષે કરુણતા છે. યુવાશક્તિને ઠપકાભરી નજરે જોવી, શંકાશીલ આંખે તપાસવી, ઉગ્રતાથી

 ISSN 0976 – 9609

કાબૂમાં લેવા મથામણ કરી સંતોષ માનવો - એ બધાં મિથ્યા ઝાળાં છે. જરૂર છે ફક્ત એ ઊછળકૂદને સમજવાની. યુવાવસ્થા એ ગધાપચીસીનો કાળ નથી, એ અશ્વપચીસીનો અવસર છે. આપણે અશ્વશક્તિ- Horsepower - શબ્દથી આ યંત્રયુગમાં પરિચિત ન હોઈએ એવું ભાગ્યે જ બને. યંત્રની શક્તિને પણ અશ્વશક્તિથી માપતા હોઈએ તો મનુષ્યમાં અને ખાસ કરીને યુવાધનમાં રહેલી ધોધમાર શક્તિને નીકમાં વાળતા- chanalise કરવાને બદલે વખોડ્યા કરીશું તે નહિ ચાલે.

યુવાન એ તેજપંથનો યાત્રી છે. જાણ્યે-અજાણ્યે સૂર્યની પ્રાણશક્તિનો ઉપાસક છે. અજ્ઞાન, પ્રમાદ, વહેમ, કુરૂઢિઓ, અંકુશ વગેરે તેને અકળાવે છે. એકલી શ્રદ્ધા તેના મનોબળને રાસ આવતી નથી, તેને તર્કની- reasoning ની તલાશ છે. મુક્તતા, કંઈક પ્રપ્તિની તાલાવેલી, ઝંખના કલ્પનાનો છુટ્ટો દોર, ગગનવિહાર, ધસી જવાની ઉત્સુકતા અને એવું બધું એના પંથમાં આવતું હોય છે. સમાજે રચેલા નિયમો જો દીવાલ બનીને તેના માર્ગમાં બેડી બનીને કામ કરતા હોય, તો તેને પણ તે ફગાવી દે છે. એની આવી વંટોળગતિથી ગભરાઈને સમાજ સલામતીનું કવચ પોતે તો પહેરી લે છે, પરંતુ એને અંકુશમાં રાખવા બળપૂર્વક પ્રયત્ન કરે છે, જે અંતે તો મિથ્યા નીવડે છે. યુવાવર્ગને સંસ્કારના નામે રિવાજ અને પરંપરાને બહાને સ્થગિતતા માન્ય નથી. એવા તમામ પ્રયત્નો નિષ્ફળ થવા સર્જાયા હોય છે. આ ઉંમરમાં યુવાવર્ગની લાગણીઓ, આદર્શો, સંકલ્પો, વિચારોને ધીરજ, કુનેહ, વિશ્વાસના ખાતરથી સમૃદ્ધ કરવામાં વડીલો સહેજ વધુ કાળજી રાખે તો તેમનો અપત્યપ્રેમ પણ ઝળહળી ઊઠે. સમય તો વહેતી નદી છે. યુવાવસ્થાનું પણ એવું જ છે. એ હાથતાળી આપે તે પહેલાં આપણે એને ઓળખીએ, સમજીએ અને માણીએ. એમાં ડૂબી ન જઈએ, ખોવાઈ ન જઈએ એટલું તો ધ્યાન રાખીએ.

અંતે યુવાનનાં કર્તવ્યો નીચેની કાવ્યકંડિકામાં સુપેરે સૂચવાયા છે તેનું મનન કરીએઃ

*રૂઝવે જગના જખ્મો, આદર્યાં તે પૂરાં કરે,*
*ચલાવે સૃષ્ટિનો તંતુ, ધન્ય તે નવયૌવન.*

**(રા.વિ.પાઠક)**

ફોનઃ- (૦૨૬૯૨)૨૩૨૪૧૯

॥ વિદ્યાવૃત્ત ॥

## નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આટ્‌ર્સ કોલેજના ગ્રંથાલયમાં 'અંકુર' ભીંતપત્રમાં દીપાવલી પર્વની શુભ કામનાઓ પાઠવી.

તા. ૨૨/૧૦/૨૦૨૧ ને શનિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે ગુજરાતી વિભાગના SYBAઅને TYBAના વિદ્યાર્થીઓએ 'અંકુર' ભીંતપત્રની સજાવટ કરી હતી આ ભીંતપત્રમાં દિવાળી અને એ સાથે મનાવવામાં આવતા વાઘબારસ, ધનતેરસ, કાળીચૌદસ, ભાઈબીજ, બેસતુંવર્ષ જેવા તહેવારોનું મહત્ત્વ સમજાવતા ચાર્ટ ગ્રંથાલયમાં વિદ્યાર્થીઓએ સુંદર રીતે લગાવી ભીંતપત્રની સજાવટ કરી હતી. વિદ્યાર્થીઓના આ કાર્યને પ્રોત્સાહન પૂરું પાડવા કોલેજના આચાર્યશ્રી ડો. એમ.જી.મન્સૂરી સાહેબ વિશેષ હાજર રહ્યા હતા ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડો. સાધના પટેલ અને સાથી અધ્યાપક ડો.જીજ્ઞેશ પરમારના સહયોગથી વિદ્યાર્થીઓએ આ પ્રવૃત્તિ કરી હતી. આચાર્યશ્રીએ સર્વેને દિપાવલી પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી.

## રૂપવતી રેવા

**પ્રવીણ ગઢવી**

રેવા નર્મદાની પરિક્રમા કરવાનું બહુ માહાત્મ્ય છે. ઘણા સાધુઓ અને શ્રદ્ધાળુઓ નર્મદાની એકતરફી કે બેતરફી પરિક્રમા કરતા, પણ અમૃતલાલ વેગડે 'સૌંદર્ય નદી નર્મદા' પોતે કરેલી તૂટક તૂટક પરિક્રમાના વર્ણન સાથે નર્મદાના સૌંદર્યનું પણ વર્ણન કર્યું. પછી ધ્રુવ ભટ્ટે 'તત્ત્વમસિ' નવલકથા નર્મદાને કેન્દ્રમાં રાખી આપી. પછી ઘણા કવિઓ, સાહિત્યકારો પરિક્રમા કરતા થયા.

નર્મદાની પરિક્રમા કરું એવો હું શ્રદ્ધાળુ નથી. નર્મદાના બંને કાઠે આવેલા શિવમંદિરોમાં દાલરોટી ખાતાં ખાતાં ચાલવું અને રાત્રે ધર્મશાળાઓમાં પડ્યા રહેવાનું મારું કામ નહિ. પણ મનેય નર્મદા પ્રિય તો છે જ. મૈકલ પર્વતમાળાથી માંડીને જબલપુર (બર્ગી બંધ), ભેડાઘાટ, મહેશ્વર, કેવડિયા, ગરૂડેશ્વર, ચાંદોદ, ફોફલિયા, માલસર, પાણેથા, શુક્લતીર્થ અને છેલ્લે આલિયાબેટમાં સાગરના પ્રવાહમાં વિલીન થઈ જતી નર્મદાને મેં જોઈ છે, માણી છે.

મને જળવિહાર અતીવ પ્રિય. તરવા માટે નર્મદા ઉત્તમ નદી. અલબત્ત, ઊંડું વહેણ હોય ત્યાં મગરનો અને પ્રવાહમાં તણાઈ જવાનો ભય ખરો. નર્મદામાં શિયાળામાં, ઉનાળામાં ન્હાઈ શકાય, તરી શકાય, કેમ કે એનું પાણી નામ પ્રમાણે નરમ, હૂફાળું રહે છે. જ્યારે હરિદ્વારમાં ગંગા જોવી ગમે ખરી, પરંતુ શિયાળાની તો વાત જ જવા દો, ઉનાળામાં પણ તેમાં ફક્ત ડૂબકી જ મારી શકાય. ન્હાવાની અને તેમાં તરવાની તો કલ્પનાય ન થઈ શકે. કેમ કે શિયાળામાં તો હિમ જેવું પાણી હોય. પરંતુ ઉનાળામાંય પીગળતાં હિમશિખરોનું ઠંડું હેમ પાણી વહેતુ હોય.

હિમાલયની નદીઓ દેખાય સુંદર પરંતુ એના જળને તો આંગળીથી પણ સ્પર્શી ન શકાય. આંગળી તૂટી જતી હોય એવું લાગે. હું મનાલી પંખીદર્શન માટે ગયેલો તો શિબિરાર્થીઓ બિયાસમાં ડૂબકી મારવા જાય, પરંતુ હું વશિષ્ઠ ઋષિના હૂંફાળા ઉષ્ણકુંડમાં ન્હાવા-તરવા જતો. જોકે ફોસ્ફરસના કારણે પંદર મિનિટથી વધારે તરી ન શકાય. ચામડી તતડી ઊઠે. વળી હિમાલયની નદીઓનાં તળ કંકર એટલા શંકરથી ભરેલાં હોય, પગ મૂકવા પણ કઠિન.

જ્યારે નર્મદા બારમાસી સ્નાનનદી, તરણ ફ્રેન્ડલી નદી! હા, નર્મદા બંધ ન્હોતો ત્યારે તે ચોમાસામાં વિકરાળ બની જતી. ઘણીવાર એણે ભરુચના નગરજનોને જળાભિષેક કરાવેલો છે. બંધ બની ગયા પછી એ દૂબળી પડી ગઈ છે, મંદપ્રવાહિની બની ગઈ છે, શાંત થઈ ગઈ છે.

હું કોલેજમાં ભણતો હતો ત્યારે મોટાભાઈ સાથે પિતાશ્રીનાં અસ્થિ પધરાવવા ચાંદોદ ગયેલો, ત્યારે નર્મદા પહેલી વાર જોયેલી. ત્યારે હું તરણકળા જાણતો નહોતો. હોડીમાં મધ્યનર્મદામાં જઈ, ભીની આંખે પિતાશ્રીનાં અસ્થિ પધરાવેલાં. ત્યારે અમારી સાથે સંસ્કૃતના પ્રોફેસર શ્રી રજની પરીખ હતા. તે સારા તરવૈયા હતા. અમે હોડીમાં અને એ એની બાજુમાં કલકત્તી પાન ચાવતા ચાવતા નિરાંતે તરતા હતા. એ જોઈ મને બહુ જ ઈર્ષા થયેલી. 'આવો આનંદ હું ક્યારે લઈ શકીશ?'

ખેર, નાયબ કલેક્ટર થયા પછી અમદાવાદમાં પોસ્ટિંગ મળતાં હું એલિસબ્રિજ જીમખાના ક્લબનો સભ્ય થયો અને પહેલું કામ તરવાનું શીખ્યો.

શ્રાવણ માસમાં ગીતાના આગ્રહથી મારાં સાસુ અને મારી બાને લઈ હું ચાંદોદ ગયો. ત્યાં કોઈ બ્રાહ્મણ પરિવારનો મેડો ભાડે રાખ્યો.

સવારે એ જ બ્રાહ્મણ નર્મદઘાટ પર લઈ ગયો. મારાં સાસુમાં બહુ ભક્તિભાવવાળાં. ગીતાએ પગથિયાં પર બેસાડી તેમને અને મારી બાને નવરાવ્યાં અને પૂજાપાઠ કરાવ્યા. ત્યારે હું તો નર્મદામાં તરવાનો આનંદ માણી રહ્યો હતો. પછી ગીતા પણ બે પગથિયાં ઊતરી છાતીસમાણા પાણીમાં બેઠી અને ન જાણે કેમ, તેનાથી ઢીંચણથી વાળેલા બે પગ ઊંચા થઈ ગયા અને એકદમ જ નર્મદાના પ્રવાહમાં તણાઈ ગઈ. એણે બૂમાબૂમ કરી મૂકી. હું અને બીજા તરવૈયા ત્વરિત પહોંચી ગયા. એક હાથે ધકેલી ધકેલી માંડ એને બહાર કાઢી. અન્યથા એ દિવસે ગીતા નર્મદાને અર્પણ થઈ ગઈ હોત! જળ એ જ જીવન છે એમ કહેવાય છે, પરંતુ જળમાં જીવન નથી! એ તો વિજ્ઞાનના નિયમ અનુસાર વર્તે. માછલી જળમાં જીવે

 ISSN 0976 – 9609

અને હવામાં મરે. મનુષ્ય હવામાં જીવે અને જળમાં મરે! ગમે તેમ, પણ ગીતા પરથી જાણે ઘાત ગઈ.

પછી કોઈએ માલસર બતાવ્યું. માલસરમાં જિલ્લા પંચાયતનું ઉજાણીગૃહ આવેલું છે. પંચવટી વચ્ચે બે રૂમ. ત્યાંથી ડોંગરેજીના આશ્રમ પાસે ઢાળ-પગથિયાં ઊતરીએ એટલે તરત સામે વિશાળ નર્મદા. આછાં જળ ખળખળ વહેતાં હોય. ગીતાને તો ઊંધા-ચત્તા થઈ નહાવાની મજા આવી ગઈ. સવારે સૂર્ય નર્મદાનાં ખળખળ વહેતાં જળમાંથી સ્નાન કરી બહાર નીકળતો હોય, ત્યારે પણ હું તરતો હોઉં અને સાંજે સૂર્ય નર્મદાનાં જળમાં સંધ્યાસ્નાન માટે ડૂબકી મારતો હોય ત્યારેય હું તરતો હોઉં. ઊગતા-ડૂબતા સૂર્યનાં સોનેરી કિરણોથી નર્મદા જાણે સુવર્ણ નદી હોય તેવી લાગે.

પછી તો માલસરની માયા લાગી. દર વર્ષે શિયાળા અને ઉનાળામાં અમે માલસર જઈએ. ગીતા ડબકડૂબની મજા લે, હું તરવાની, નર્મદામાં નૌકાની જેમ વહેવાની મજા લઉં. વળી હોડી ભાડે કરી થોડે આગળ માલસર બીચ પર સાંજે જઈએ. ત્યાં મેં એકવાર ક્યારેક જ જોવા મળતું નાનું તેજપર પંખી કાંઠે બેઠેલું જોયું હતું.

એકવાર માછલીઓ લઈ જતા હોડીવાળાને ગીતાએ પૂછ્યું, 'માછલી મળે?' તો એણે હા પાડી. 'પણ અમને બનાવી કોણ આપે?' તો કહે, 'હું બનાવી આપું.' અને એમ ગીતાએ મારા માટે મત્સ્યાહારની વ્યવસ્થા કરી આપી. પોતે નિરામિષ, પરંતુ મારા માટે આમિષ બનાવી પણ આપે.

પછી તો જ્યારે જઈએ ત્યારે સાંજે મત્સ્યનું વાળુ થાય! જેવી નર્મદા મીઠી, એવી એની મત્સ્યય મીઠી!

માલસરમાં પ્રવેશ કરતાં એક રેસ્ટોરાં શરૂ થયેલું. કોઈ બહેન ચલાવે. અમે લંચ માટે બેઠાં. બહેન ગીતા સાથે વાતે ચઢ્યાં, 'ક્યાંથી આવો છો? કયા આશ્રમમાં રહેવાના?' ગીતા કહે, 'અમે તો સરકારી વિશ્રામગૃહમાં રહીએ છીએ.' પછી ધીરે રહી પૂછ્યું, 'ફિશ બનાવો છો?' તો એણે હા પાડી. વળી એક નવી વ્યવસ્થા થઈ.

આમ નર્મદામાં તરવાની અને એની રેશમી સુંવાળી મત્સ્ય ખાવાની પણ મેં ભરપૂર મજા લીધી છે.

હું અને ગીતા કાન્હા, બાંધવગઢ વાઘ-પંખીદર્શન માટે ગયેલાં. વળતાં જબલપુર પાસે નર્મદા પર બેઠેલા અને બંધ-બરગીમાં મધ્યપ્રદેશ પ્રવાસ નિગમની હોટલમાં રોકાયાં. બારીમાંથી ભરપૂર નર્મદા દેખાય. નર્મદાના સરોવરમાં પ્રવાસીઓ માટે આરામદાયક મીની ક્રુઝ પણ વિહરે. બંધ ઉપર જ હોટલ-રેસ્ટોરાં-બાર.

મને થયું, ગુજરાતમાં કડાણા, શેત્રુંજી, ભાદર, આજી, ધોળીધજા, ધરોઈ, સરદાર સરોવર, ઉકાઈ એવાં કેટલાય જળસભર ડેમ છે. પણ ગુજરાતના પ્રવાસન નિગમને કેમ આવો વિચાર નહીં આવતો હોય? આપણે તો ડેમની સલામતીની અમથી અમથી ચિંતા કરીએ છીએ.

બરગીમાં જોકે તરવાની સગવડ ન્હોતી. પરંતુ ત્યાંથી અમે ભેડાઘાટ ગયા. ત્યાંય ઘાટની ઉપર જ પ્રવાસન નિગમની સુંદર હોટલ. નીચે ઘાટ પર જઈ આરસપહાણમાંથી વહેતી અપ્સરા જેવી રેવા-નર્મદામાં બે દિવસ સવાર-સાંજ તરવાની મજા પડી ગઈ.

પછી એક વાર અમે માંડુ ગયેલા. રાણી રૂપમતીના પેવેલિયનમાંથી એની જેમ રેવા દર્શન કરવા પ્રવાસ કર્યો પણ ચર્મચક્ષુથી તો ન દેખાઈ કિંતુ મનઃચક્ષુ આગળથી તો તે વહેતી જ હતી. ત્યાંથી વળતાં મહેશ્વર આવ્યાં. અહલ્યાબાઈએ બાંધેલાં મંદિરો અને ઘાટ પાસેથી પ્રગલ્ભ નર્મદા મંદમંદ હાસ્ય કરતી વહેતી હતી. સૂર્યપ્રકાશમાં ચળકતાં એનાં જળમાં હું ચત્તો તરતો હતો. ત્યાં કાંઠે ઊભેલું કોઈ પ્રેમાળ ઈર્ષાવત્ બોલ્યું, 'મજા લે રહે હૈં ભાઈસાબ!' હું સાંભળીને હસ્યો અને બોલ્યો, 'માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખણહારા દાઝે જો!'

હું નર્મદા નિગમમાં જનરલ મેનેજર હતો, ત્યારે જમીન સંપાદન કામે મારે અવારનવાર કેવડિયા જવાનું થતું. એ વખતે એક ઊંચી ટેકરી પર બેએક માળનું સરકારી સર્કિટ હાઉસ હતું. પરંતુ આપણા ઇજનેરોની સૌંદર્યદૃષ્ટિથી તો તોબા! એક પણ સ્વીટમાંથી નર્મદા ન દેખાય તેવી ઉત્તમ સોઈ એમણે કરેલી! કોઈ પ્રાઈવેટ-સાહસિક હોટલ બનાવે તો બારીમાંથી નર્મદા દેખાય એવા સ્વીટના બમણા ભાવ લે! હવે તો સરદારની ભવ્ય મૂર્તિ બનતાં બધું જ બદલાઈ

ગયું છે, મોંઘું થઈ ગયું છે. હું કેવડિયા ગયો નથી.

ખેર, સાંજના સમય મળતાં જ અમે ગરૂડેશ્વર જઈએ. ગીતા દેવદર્શન કરે અને હું નર્મદામાં જળવિહાર કરું! અપ્સરાની જેમ તે મને જળસિકરોથી સ્નાન કરાવે!

એક વકીલ એકવાર આગ્રહ કરીને એમના ગામ ફોફલિયા લઈ ગયા. મને વર્ષો પહેલાં 'નવનીત'માં વાર્તા લખતા હીરાલાલ ફોફલિયાનું સ્મરણ થયું, પણ કોણ આપે એમનો અતોપતો? વકીલનાં ખેતર-ફાર્મ હાઉસ નર્મદા તીરે જ. સામે જ નર્મદાનો વિશાળ શ્વેતરેતનો પટ. સામા કિનારે સર્પિણીની જેમ નર્મદા વહે. ત્યાંય સવારસાંજ તરવાનો આનંદ લીધો અને રોટલા-કઢી, ભરેલા રીંગણનો સ્વાદ લીધો!

વળી, જ્યારે પણ ભરુચ પ્રવાસે જવાનું થાય, ત્યારે સવારે શુક્લતીર્થ અચૂક પહોંચી જવાનું. પહેલા નર્મદામાં તરણ. પછી નૌકાવિહાર કરી કબીરવડનાં દર્શન. પવનમાં કબીરનાં સૂર 'ન મંદિરમેં, ન મસ્જિદમેં, ન કાબે કૈલાસમેં, મૈં તો તેરે પાસ...' વહેતા અને પડખે વહેતી નર્મદામાં તરતા દેખાય.

ભરુચ પાસેય વર્ષાઋતુ ગયા પછી નર્મદા તાજી હોય ત્યારે બ્રિજ પાસે આવેલા એક મંદિરના ઘાટ પાસે પણ સાંજે હું તરવા જાઉં. હાઈવેની પેલે પાર સર્કિટ હાઉસ. એની પાછળ જ નર્મદા. ચાંદની રાતમાં સર્કિટ હાઉસના બગીચામાં બાંકડે બેસી મેં અને ગીતાએ સુધારસ સાથે નર્મદાને આંખોથી બહુ પીધી છે.

એકવાર ભરુચથી હાંસોટ જઈ હોડકામાં બેસી આલિયા બેટ પર પદાર્પણ કરેલું. કવિ ઉશનસે પૃથ્વીને તૃણનો ગ્રહ કહી છે. આલિયાબેટને પણ તૃપવ્દીપ કહી શકાય. ઢીંચણસમાણા લીલાછમ ઘાસમાં મહિષીઓ રાજરાણીની જેમ નિરાંતે ચરતી હતી. સંસ્કૃતમાં રાણીને મહિષી કેમ કહેવાતી હશે? દ્વીપની બંને બાજુ વહેતી મંદગતિ નર્મદા સાગરમાં ધીરે ધીરે ઓગળી રહી હતી.

નર્મદાના પરિક્રમણકારો તો ફક્ત તેને કાંઠેકાંઠે ચાલ્યા હશે, પરંતુ હું તો તેના ખોળામાં રમ્યો છું, તર્યો છું. એમણે  તો નર્મદાનાં જળ કેવળ આંખોથી જ પીધાં હશે, જ્યારે મેં તો દેહના અંગઅંગથી એને ચાખ્યાં છે, માણ્યાં છે. નર્મદાના જળસૌંદર્યને અને જળની મીઠાશને આકંઠ માણી છે,

ભલે મને નદી માટે શ્રદ્ધા કે અંધશ્રદ્ધા નથી, પરંતુ નદી માટે પ્રેમ તો છે જ.

નર્મદાની જેમ વાસદ પાસેની મહીસાગરને પણ મેં એટલી જ ચાહી છે, પરંતુ એની વાત ફરી કોઈકવાર....

આઈ.એ.એસ.
આસવલોક, ૪૬૬/૨, સેક્ટર-૧, ગાયત્રીમંદિર પાછળ
ગાંધીનગર - ૩૮૨ ૦૦૭, મો.- ૯૯૭૯૮ ૯૩૯૯૦

॥ વિદ્યાવૃત્ત ॥

## એનવિપાસ કોલેજમાં રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી

સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા નટુભાઈ વિ. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીઝની સ્થાપનાની રજત જયંતિ ઉજવાઈ રહી છે જે અંતર્ગત રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે કોલેજના આચાર્યશ્રી અને મધ્યસ્થ સમિતિના પ્રમુખ ડો. બાસુદેબ બક્ષીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ એનએસએસ યુનિટ અને મ્યુઝિક, ડાન્સ એન્ડ થિયેટર વિભાગ દ્વારા ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આચાર્યશ્રી, અધ્યાપકો અને વિદ્યાર્થીઓએ રાષ્ટ્રની એકતા અને અખંડતાના સંવર્ધન માટેના શપથ લીધા હતા. તદુપરાંત દેશભક્તિ ગીત ગાન કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં અધ્યાપકો અને વિદ્યાર્થી ઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આચાર્યશ્રી ડો. બાસુદેબ બક્ષી તેમજ મધ્યસ્થ સમિતિનાં ઉપપ્રમુખ ડો. શ્વેતા જોષીએ કાર્યક્રમના સફળ આયોજન બદલ એનએસએસ પ્રોગ્રામ ઓફિસર્સ ડો.તેજસ ઠક્કર, ડો.ધનંજય ધ્રુવ, મ્યુઝિક, ડાન્સ એન્ડ થિયેટર વિભાગના ઇન્ચાર્જ ડો.ભાવિન પટેલ, પ્રા. કાર્તિક જગતાપ ડો. મોનિકા પટેલ, ડો.નીરવ સાપરિયા, વિદ્યાર્થી પ્રતિનિધિ હર્ષિલ ગજ્જર સહિત કૃણાલ, તન્મય, અક્ષતા, સંજીવની તથા જલ્પેનની મહેનતને બિરદાવી હતી.


ISSN 0976 – 9609

।। વાર્તા ।।

## દિવાળી.....

નટવરભાઈ રાવળદેવ થરા

દિવાળીના અવસરે નિલેષભાઈ પોતાની કારમાં મીઠાઈ અને કપડાં લઈને પોતાની સોસાયટી પાછળ આવેલ પચ્ચીસેક કુટુંબની ઝૂંપડપટ્ટી જેવા વિસ્તારના નાકે આવીને ઊભા રહ્યા.ડીકી ખોલીને સામાન બહાર કાઢી રહ્યા હતા ત્યાં સુધી તો ઝૂંપડપટ્ટીનાં હાજર બાળકો,સ્ત્રીઓ એકઠાં થઇ ગયાં.

ઘડીકવારમાં તો વિતરણ પણ થઈ ગયું. લગભગ બધાં કુટુંબોને કપડાં,મીઠાઈ અપાઈ ચૂકી હતી છતાંય અવાજો આવ્યે જતા હતા.... 'એ ભઈ!આ બેનને મીઠાઈ રઈ જઈ.એ સાયેબ! આ સોકરાને એક જરસી હોય તો આલો ને! ઓ મોટાભઈ!આ સોડીને માવતર નથી, એને એક લુઘડું વધારે આલો ને!'

નિલેષભાઈએ ટૂંકમાં પતાવ્યું, ફરી કોઈક વાર...

કાર ચાલું કરીને વીશેક મિટર આગળ આવ્યા ત્યાં એમની નજર એક દીકરી પર પડી. દીકરી હાથમાં પુસ્તક પકડીને વાંચી રહી હતી. બારેક વર્ષની ઉંમર હશે.

કુતૂહલવશ નિલેષભાઈએ કાર ઊભી રાખી.એમને એટલો ખ્યાલ તો આવ્યો કે આ દીકરી મીઠાઈ લેવા તો નથી જ આવી. ઊતરીને દીકરી પાસે ગયા. 'બેટા!તું મીઠાઈ લેવા કેમ ના આવી?' દીકરીએ જવાબ આપ્યો, 'બાપુજીએ ના પાડી છે'. અહીં તો બે-ત્રણ દિવસથી કેટલાય લોકો ચીજ,વસ્તુઓ આપવા આવે છે પરંતુ બાપુજીએ કહ્યું છે કે, મહેનત વગરની કોઈ ચીજ વસ્તુ ના લેવાય'.

નિલેષભાઈ ચોંકી ગયા. દીકરીની શુદ્ધ ભાષા એટલી તો સાક્ષી પૂરતી જ હતી કે તે કોઈ વ્યવસ્થિત માબાપનું સંતાન છે તો ઈંટો અને માટીની દીવાલ ને પતરાંના છાપરાવાળું નાનકડું ઘર અને બાજુમાં ઊભેલ હાથલારી ગરીબીની ચાડી ખાતાં હતાં.

'બેટા તારુ નામ શું? '

દીકરીએ વિસ્મયપ્રેરક જવાબ આપ્યો, 'એક ઝાડ... ઝાડને બાર ડાળી....દરેક ડાળીએ ત્રીસ ત્રીસ પાન..... છેલ્લી ડાળીનું છેલ્લું પાન.... એ જ મારું નામ.......'

દીકરીનું સુકલકડી શરીર, શરીર પર સાવ સાદાં કપડાં ને છતાંય ''સુખ કી ભૂખ ના દુઃખ કી ચિંતા''- સાક્ષી ભરતો રુઆબભર્યો ચહેરો ને એમાંય નામ પૂછતાં મળેલો અજીબ જવાબ!

નિલેષભાઈ દીકરીની બાજુમાં બેસી ગયા અને બોલ્યા, 'બેટા! તું મારો સાહેબ ને હું તારો વિદ્યાર્થી બસ! પણ તારુ નામ પૂછતાં તેં જે જવાબ આપ્યો એ સમજાવ!'

દીકરી ખિલખિલાટ હસી પડી ને પછી બોલી, 'અરે સાહેબ, આટલુંય ના સમજ્યા? એક ઝાડ એટલે એક વર્ષ.... બાર ડાળી એટલે બાર મહિના.... એનાં ત્રીસ પાન એટલે મહિનાના ત્રીસ દિવસ..... છેલ્લી ડાળીનું છેલ્લું પાન એટલે છેલ્લા આસો મહિનાનો છેલ્લો દિવસ આસો વદ અમાસ એટલે કે દિવાળી.....મારું નામ દિવાળી.હવે સમજ્યા! '

ઘડીભર જોઈ જ રહ્યા નિલેષભાઈ. સાચ્ચે જ એક ગરીબ ઘરમાં સાચે સાચી દિવાળી જોઈ!!!!!!

'બેટા, તારાં માબાપ ક્યાં છે?' દીકરીનો ચહેરો થોડો વિલાયો.થોડીવાર રહીને બોલી, 'માને લકવો થયેલ છે. છેલ્લા ત્રણ મહિનાથી ખાટલામાં છે. દવા ચાલુ છે. હવે થોડું સારુ છે. આજે બાપુ એને દવાખાને ડોક્ટરને બતાડવા માટે લઈને ગયા છે.નાનો ભૈલો પણ સાથે ગયો છે.' નિલેષભાઈ ઢીલા થઈ ગયા છતાંય પૂછ્યું, બેટા! તું ભણે છે?

'હા સાહેબ, હું સાતમા ધોરણમાં ભણું છું ને ભૈલો પાંચમામાં.મારે તો ભણીને સ્કૂલમાં બેન બનવાનું છે ને ભૈલાને મોટો સાહેબ!'

નિલેષભાઈએ મોબાઈલમાં સમય જોયો. બપોરના સાડાબાર થવા આવ્યા હતા એટલે અનાયાસે પુછાઈ ગયું, 'બેટા તેં કંઈ ખાધું છે?'

'ના સાહેબ, ક્યાંથી ખાધું હોય! દવાખાને વહેલો નંબર આવે એટલે બાપુજી તો દિવસ ઊગ્યે નિકળી ગયા. હજી પણ આવતાં વાર લાગશે.આવીને પછી ખાવાનું બનાવશે.'

નિલેષભાઈ નીચું જોઈને નીકળી ગયા.ગાડી ચાલું કરીને સડસડાટ મારી મૂકી.એટલું પુછવાનીય હિંમત ના રહી દીકરીને કે, તું ભૂખી હોવા છતાંય

મીઠાઈ લેવા કેમ ના આવી?આજે ખરેખર દિવાળી જોઈ હતી.

ઘેર આવીને ઘડીભર સોફામાં સૂનમૂન બેસી રહ્યા. કૃપાબેને પાણી આપ્યું ને ચહેરો જોઈને પૂછ્યું, 'કેમ સાવ ઢીલા દેખાઓ છો? '

'ઢીલો તો નથી થયો પરંતુ આજે ખરેખર દિવાળી જોઈ! 'પાણી પીને બધી હકીકત કહી સંભળાવી. નિલેષભાઈ અને કૃપાબેન બન્ને એક જ કોલેજમાં પ્રોફેસર છે.પતિ-પત્ની બન્ને પરગજુ સ્વભાવનાં છે પરંતુ કુદરતે હજી સંતાનસુખ આપ્યું નથી.

સાંજે જમીને નિલેષભાઈનો પરિવાર નીકળ્યો એ જ ઝૂંપડપટ્ટીએ.....

નિલેષભાઈએ દિવાળીના ઘર પાસે ગાડી થોભાવી.ગાડી જોઈને ઝૂંપડપટ્ટીમાં થોડી હલચલ થઈ, પરંતુ નિલેષભાઈ અને કૃપાબેન ગાડીમાંથી ઊતરીને સીધાં દિવાળીના ઘેર પહોંચી ગયાં.

કેરોસીનના દીવડાના અજવાળામાં દિવાળી નિલેષભાઈને ઓળખી ગઈ એટલે એણે એના મા-બાપુજીને કહ્યું, 'બાપુજી,સવારે આ સાહેબ મીઠાઈ અને કપડાં આપવા આવ્યા હતા.'

દિવાળીનાં માબાપે આવકાર આપ્યો. નાનકડી ખાટલીમાં નિલેષભાઈ અને કૃપાબેન બેઠાં.

નિલેષભાઈએ સવારની હકીકત દિવાળીના બાપુજીને કહી અને કહ્યું, 'તમારી દીકરીના સંસ્કારોએ અમને અત્યારે અહીં ખેંચી લાવ્યાં છે.'

નિલેષભાઈએ એ પણ જાણ્યું કે, મા કાર્ડની સહાયથી દિવાળીની માની દવા થઈ રહી છે. દિવાળીના બાપુ હાથલારી પર માલસામાનની હેરફેર કરીને કુટુંબનો જીવનગુજારો કરી રહ્યા છે ને બન્ને બાળકોને સરકારી શાળામાં ભણાવી રહ્યા છે.

સાવ નાનકડા ઘરમાંય ભગવાનના ફોટા પાસે દીવો ઝળહળી રહ્યો છે. બાકી તો દિવાળીનાં માબાપ સાથેની વાતચીતમાં જ નિલેષભાઈ પામી ગયા કે ખરેખર આ ઝૂંપડામાં સંતોષ અને સંસ્કાર સાહ્યબીની ઝગમગતી દિવાળી છે.

કૃપાબેને પોતાના પર્સમાંથી રાખડી કાઢીને નિલેષભાઈને આપી. નિલેષભાઈ રાખડી લઈને દિવાળીની માના ખાટલા પાસે ગયા. દિવાળીનાં માબાપ તો નિલેષભાઈ શું કરે છે એ જોઈ જ રહ્યાં!

નિલેષભાઈએ દિવાળીની માના હાથમાં રાખડી પકડાવી અને બોલ્યા, આજથી તમે મારાં બહેન. બાંધો રાખડી,એટલું બોલીને હાથ લાંબો કર્યો.

દિવાળીનાં મા દિવાળીના પિતાજી સામે તાક્યાં. દિવાળીના બાપુએ મૂક સંમતિ આપી.

વાતાવરણ લાગણીમય બની ગયું. થોડીવાર રહીને કૃપાબેને દિવાળીની માને કહ્યું, 'નણંદ બા! કાલથી તમારે અમારે ત્યાં રહેવા આવી જવાનું છે. અમારા બગીચામાં ઓરડી ખાલી જ છે. તમે ત્યાં રહીને સાજાં થઈ જાઓ ત્યારે અમારા ઘરનું કામકાજ સંભાળી લેજો અને દિવાળીના બાપુ એમની મરજી મુજબનો ધંધો કરી શકે છે. બન્ને બાળકોના અભ્યાસની જવાબદારી આજથી અમારી.શરત એટલી કે, બાળકોનો અભ્યાસ પૂરો થાય એટલે અમારી જવાબદારી પૂરી........

દિવાળીના પિતાજી નિલેષભાઈને પગે પડે એના પહેલાં તો નિલેષભાઈએ એમને બાથમાં લઈ લીધા...... બીજા દિવસે સવારે જ દિવાળીનો પરિવાર નિલેષભાઈને ત્યાં રહેવા આવી ગયો.

'મામી ! અમારા ઘેર ભૈલો છે તો તમારે ઘેર કેમ નથી? તમે અમારા માટે આટલું બધું કર્યું તોય ભગવાન નઈ સાંભળતો હોય કે શું? જો ના સાંભળે તો હવે દીવો જ નથી કરવો..............'

આજે દિવાળી છે. નિલેષભાઈ અને દિવાળીનો પરિવાર હોસ્પિટલમાં આમથી તેમ આંટા મારી રહ્યો છે. નર્સે બહાર આવીને મીઠો ટહુકાર કર્યો.'કૃપાબેને બાબાને જન્મ આપ્યો છે.'

નિલેષભાઈને આંગણે આજ દિવાળી જ દિવાળી છે................

પ્રા.શિક્ષક મું -થરા
તા. કાંકરેજ


ISSN 0976 – 9609

# સ્વપ્નવાસવદત્તમઃ નાટકમાં મંચન ક્ષમતા

પ્રિતેશ આર શુક્લ

સંસ્કૃત સાહિત્યનું  અનોખુ વ્યક્તિત્વ એટલે ભાસ. ભાસની પરણિત પ્રજ્ઞાનું ઉત્તમ સર્જન એટલે **स्वप्नवासवदत्तम** વિદ્વાનોએ અનેક દૃષ્ટિકોણથી આ નાટકની મહત્તા સ્વીકારી છે. માત્ર પાશ્ચાત્ય વિદ્વાનોએ જ નહીં પણ પ્રાચીન વિદ્વાનોએ પણ સ્વપ્નવાસવદત્તમને એક ઉત્તમકૃતિ તરીકે સ્વીકાર કર્યો છે. રાજશેખરના કવિવિમર્શના મનાતા '**स्वप्नवासदवदत्तस्य दाहकोडभून्न पावकः।**' શ્લોક્માં ભાસનું ભારે ગૌરવ કરવામાં આવ્યું છે. આ સુક્તિ પ્રમાણે અગ્નિને કડક વિવેચકનું પ્રતીક માનીએ તો એટલુ કહી શકાય કે વિવેચનરૂપી અગ્નિ પણ આ નાટકને અસર પહોંચાડી શક્યો નથી.

કવિકુલગુરુ કાલિદાસે પોતાના **मालविकाग्निमित्रम्** માં જેને **प्रथितयशस्य** જેવુ બિરૂદ આપ્યું છે તેવા મહાકવિ ભાસ એક મહાન નાટ્યકાર છે. કવિ કાલિદાસે નાટ્યશાસ્ત્રમાં નાટય પ્રયોગના પ્રાધાન્યનો સ્વીકાર કર્યો છે.

**प्रयोगसाधनम् हि नाट्यशास्त्रम्।**

**मालविकाग्निमित्रम्**

નાટયકાર ભાસ પણ આ ખ્યાલ પ્રમાણે જ નાટયરચના કરતા હોય એમ લાગે છે. નાટક એ દૃશ્યોના રૂપે રંગભૂમિ પર રજૂ કરવાની ક્લાકૃતિ છે.

મંચન ક્ષમતા એટલે નાટક આજે પણ રંગભૂમિ ઉપર ભજવી શકાય તેમ છે કે નહીં. મંચન ક્ષમતા દ્વારા **स्वप्नवासवदत्तम्** નાટક આજના યુગમાં ભજવી શકાય તેમ છે તે તપાસવું. **स्वप्नवासवदत्तम** નાટક અલ્પતમ સામગ્રીથી પણ રંગભૂમિ પર રજૂ કરી શકાય છે. ભાસના નાટકોનો સૌથી મોટો ગુણ મંચન ક્ષમતા (Stage ability ) છે.

## II

રંગભૂમિ : ભાસના નાટકો કેવા પ્રકારના થિયેટરમાં ભજવવામાં આવતા હતા તે અંગે કોઈ ખાસ ઉલ્લેખ નથી. પરંતુ ભરતના નાટ્યશાસ્ત્રમાં વર્ણવેલા થિયેટરના જેવું જ હશે એમ માનવું વધારે યોગ્ય છે. આચાર્ય ભરતના નાટ્યશાસ્ત્રના થિયેટરનો વિચાર કરીએ તો પ્રેક્ષકગૃહ વિશે વિસ્તારપૂર્વક માહિતી બીજા અધ્યાયમાં આપેલ છે. આચાર્ય ભરત પ્રેક્ષકગૃહના ત્રણ પ્રકાર દર્શાવે  છે. ૧) વિકૃષ્ટ ૨) ચતુરસ ૩) ત્ર્યસ્ર

ઉપરોક્ત ત્રણેયના ત્રણ ત્રણ પેટા પ્રકાર આપ્યા છે. ૧) જ્યેષ્ઠ ૨) મધ્યમ ૩) કનિષ્ઠ. દરેક થિયેટરમાં એકભાગ (દૂરના ભાગને) નેપથ્ય ભૂમિ તરીકે ઓળખવામાં આવે છે. બીજો ભાગ પ્રેક્ષકગૃહ (Auditorium) તરીકે ઓળખવામાં આવે છે. જ્યારે વચ્ચેનો ભાગ રંગભૂમિ તરીકે ઓળખાય છે. રંગભૂમિના બે વિભાગ છે-

અ) રંગશીર્ષ:  પાછળની રંગભૂમિ નેપ્થયની આગળ જ હોય છે. જેને બે બારણાવાળી ભીંત દ્વારા છૂટી પાડવામાં આવે છે. તેને છ થાંભલા હોય છે અને તે રંગપીઠ કરતાં સહેજ ઊંચાઇએ હોય છે.

બ) રંગપીઠઃ રંગપીઠની બે બાજુએ ચાર થાંભલા હોય છે. રંગભૂમિનો આગળનો ભાગ ખુલ્લી જગ્યા કે શેરી બતાવે છે. નેપથ્ય ભૂમિની પાસેના થાંભલા પર બાલ્કની કે ઉપરની રંગભૂમિ જેવું બનાવાય છે, જ્યાંથી નટ મહેલમાં જતાં આવતા દેખાડાય છે. ફરતા પડદા દ્વારા (કક્ષ્યા- આચાર્ય ભરત કક્ષ્યા શબ્દ સ્વીકારતા નથી પરંતુ અભિનવગુપ્ત સ્વીકારે છે.) જ દશ્ય પરિવર્તન બનાવવાય છે. પ્રેક્ષકગૃહના પૂર્વ છેડે પ્રેક્ષકોના પ્રવેશ માટે દ્વાર રહેતું હોય છે. નાટ્યગૃહની ભૂમિ ઢાળવાળી રહેતી, અંતિમ છેડો રંગભૂમિની ઊંચાઈ જેટલો રહેતો હતો. આમ, દરેક પ્રેક્ષકને નાટક જોવામાં તકલીફ પડતી નહીં. રંગભૂમિની નજીકની બેઠકો નાટકનું મૂલ્યાંકન કરનાર નિર્ણાયકો માટેની રહેતી હતી. નાટક ભજવવા માટે નાટ્યશાસ્ત્રમાં ચાર સમય દર્શાવ્યા છે. સવાર, સાંજ, રાત્રીનો -પ્રથમ પ્રહર અને અંતિમ પ્રહર. નાટકના કથાવસ્તુ પ્રમાણે નાટક ભજવવાનો સમય નક્કી થતો. ધાર્મિક નાટક સવારમાં, શ્રુંગારાત્મક નાટક રાત્રિના પ્રથમ પ્રહરમાં, કરુણ નાટક રાત્રિના અંતિમ પ્રહારમાં ભજવતા. સંજોગો અનુસાર સમયમાં પરિવર્તન કરવામાં આવતું હતું.

## III

**स्वप्नवासवदत्तम् નાટકની કથાવસ્તુ અનુસાર સમય અને સ્થળ :**

પ્રથમ અંક : પ્રથમ અંકની ઘટના રાજગૃહની નજીક તપોવનમાં યોજાય છે. કથાવસ્તુ પ્રમાણે અંકનો પ્રારંભનો સમય સવારના દસથી બારની વચ્ચેનો લાગે છે. બ્રહ્મચારી પ્રસંગ વખતે મધ્યાહ્ન થયો હશે. અંકના અંતે સાંજનું વર્ણન છે.

બીજો અંક : બીજા અંકની ઘટના મગધના રાજમહેલમાં અને તેની પાસે આવેલા માલતી- લતા મંડપ પાસે ભજવાય છે. કંદુક ક્રીડાના પ્રસંગથી આ સમય સવારનો હશે તેવું અનુમાન કરી શકાય.

ત્રીજો અંક : ત્રીજા અંકની શરૂઆતનું દશ્ય પણ પ્રમદવનમાં ભજવાય છે. બીજા અને ત્રીજા અંકનો પ્રસંગ એક જ દિવસે ભજવાયો હોય તેવું માની શકાય. પ્રથમ અંકથી ત્રીજા અંક સુધીના કથાનકમાં એક સપ્તાહનો સમય માની શકાય. આ સમય દરમ્યાન રૂમણવાને ઉદયનને આશ્વાસન આપી મગધના રાજમહેલ સુધી પહોંચવાની ઘટના બની શકે છે.

ચોથો અંક : આ અંકનો આરંભ મગધના રાજમહેલમાં અને મુખ્ય દશ્ય માધવી લતામંડપમાં આકાર પામે છે. આ અંકની શરૂઆતમાં ઉદયને સ્નાનવિધિ પતાવીના સમાચારથી સવારના દસ અગિયારની વચ્ચેના સમયમાં અંકની શરૂઆત થાય છે. મુખ્ય દશ્ય બપોરના સમયે હોવું જોઈએ કારણ કે વિદૂષક શરદના તીક્ષ્ણ તાપનો ઉલ્લેખ કરે છે. અંકના અંત ભાગમાં ઉદયન દર્શકને મળવા જવાનું જણાવે છે,તેથી દર્શક સ્નેહીઓને બપોરના છેલ્લા ભાગે મળતા હોય તો સાંજના ચારથી પાંચનો સમય હોઈ શકે. આમ,આખો અંક આ એક જ દિવસમાં ભજવાયો હોય અને ત્રીજા અને ચોથા અંક વચ્ચે ત્રણથી ચાર દિવસનો સમય હોવો જોઈએ.

પાંચમો અંક : **स्वप्नवासवदत्तम्** પાંચમો અંક રાજમહેલની નજીકના સમુદ્રગૃહમાં યોજાયો છે. વિષ્કભંકનો સમય સાંજનો છે. મુખ્ય દશ્યનો સમય સંધ્યા સમય હોવો જોઈએ, ઝાંખા દીવાનું વર્ણન, વિદૂષક પુષ્પની માળાને સાપ માંને છે આ સમયની સાક્ષી પૂરે છે. પાંચમો અંક ચોથા અંકની બીજા દિવસે હોવો જોઈએ.

છઠ્ઠો અંકઃ છઠ્ઠા અંકનું સ્થળ ઉદયનની રાજધાની કોશામ્બી છે. વિષ્કભંકનું દશ્ય સુધામુન મહેલમાં ભજવાય છે, તો મુખ્ય દશ્ય મહેલના અંતઃપુરમાં ભજવાય છે.પાંચમા અંક પછી યુદ્ધ અને વિજય પછીનો છઠ્ઠા અંક વચ્ચે એકાદ સપ્તાહનો સમય હોય શકે.

આમ, સંપૂર્ણ નાટકમાં તપોવન, માધવી-લતામંડપ, પ્રમદવન,સમુદ્રગૃહ અને રાજમહેલના અંતઃપુરના તખ્તા પર આખું નાટક ભજવાયું છે.

## IV

**स्वप्नवासवदत्तम् નાટકની મંચન યોજના :** ભાસ એક સફળ નાટ્યકાર છે તે **स्वप्नवासवदत्तम्** નાટકને આધારે આપણે જરૂર કહી શકાય, અને એટલે M.R. Kale says that the dramatic excellence of Bhasa has been a model for Kalidasa. ભાસનું **स्वप्नवासवदत्तम्** મંચન કરવા માટે શકય છે. તે માટેના મૂલ્યાંકન નીચે મુજબ છે.

૧. **स्वप्नवासवदत्तम्** નાટકના સંવાદ ટૂંકા અને ચોટદાર છે. તે **स्वप्नवासवदत्तम्** નાટકમાં બ્રહ્મચારીના સંવાદો લાવણકના બનાવોનું સુરેખ અને ચિત્રાત્મક દશ્ય ઊભું કરવામાં સફળ છે. વાસવદત્તાનો સખીઓ અને દાસીઓ સાથેનો વાર્તાલાપ એના ઊંડા મનોવ્યાપારોને કલાત્મક અભિગમ આપવામાં ખૂબ ઉપકારક બન્યા છે.

૨. **स्वप्नवासवदत्तम्** મુખ્યત્વે એક માનસશાસ્ત્રીય નાટક જ છે. બાહ્ય ઘટનાઓને બદલે જેનાથી નાટ્યવસ્તુનો વિકાસ થાય છે તે વાસવદત્તાના મનનો સંઘર્ષ છે. એટલે બાહ્ય તત્ત્વ કરતાં નાટક ભજવનાર પાત્ર પર કથાવસ્તુનો મુખ્ય આધાર છે.

૩. શ્રી ઉમાશંકર જોશીએ **अभिज्ञानशाकुन्तलम्** ની પ્રસ્તાવનામાં લખ્યું છે કે વસ્તુમાં નહીં પણ વસ્તુગ્રંથનમા કવિની મૌલિકતા રહેલી છે. આ કથન પ્રમાણે ભાસે ઉદયન કથાનું મૂળ સ્વરૂપ અસ્પષ્ટ હોવા છતાં **प्रतिज्ञायोगन्धरायणम्** અને **स्वप्नवासवदत्तम्**માં કવિએ પોતાની


ISSN 0976 – 9609

પરિણત નાટ્ય પ્રતિભાનો ઉત્કર્ષ સાધ્યો છે. **स्वप्नवासवदत्तम्** ના પરસ્પર સામ્ય પરથી નાટકની પૂર્વનિશ્ચિત સહેતુક યોજના જણાઈ આવે છે. **स्वप्नवासवदत्तम्** નાટકના બધા જ દશ્યો નાટયક્ષમ રીતે રજૂ કર્યા છે. બ્રહ્મચારીનો પ્રસંગ Flashes Back રીતે રજૂ કર્યો છે. આ દ્વારા ભાસ કથાવસ્તુનું અનુસંધાન સાધી આપ્યું છે. કૌતુંકમાળા ગુંફનના પ્રસંગ દ્વારા વાસવદત્તા પદ્માવતી અને ઉદયનના હ્રદય ગુંફન,વાસવદત્તાના મનનું સમાધાન કરાવતો પ્રમદવન દશ્ય  સ્વપ્ન દશ્યનો પ્રસંગ વગેરે પ્રસંગો નાટયકર્ણ માનસશાસ્ત્રીય વસ્તુનિરૂપણનો પરિચય કરાવે છે.

૪. મહાકવિ બાણે ભાસના રૂપકોની વિશિષ્ટતા દર્શાવતા **'नाटके बहु भुर्मिकेः'**એવા વિશેષણનો પ્રયોગ કર્યો છે. આ હકીકત પ્રમાણે **स्वप्नवासवदत्तम्** નાટકમાં પણ ૧૭ પાત્રો છે. પરંતુ ભાસે ક્યારેય આ  બધા પાત્રો એક સાથે રંગમંચ પર આવવા દીધા નથી. તેમજ ભાસના બધા પાત્રો જીવતા  જાગતા માનવ તરીકે રજૂ કર્યા છે.

૫. સંસ્કૃત નાટકોમાં પધનો અતિરેક જોવા મળે છે. આનાથી કથાવસ્તુના વેગમાં પધ બાધક બને છે. નાટકમાં ગદ્યમાં થતાં સંવાદોમાં જ વિશેષ ગતિ સાધી શકાય છે. ભાસે **स्वप्नवासवदत्तम्** માં પદ્યો પ્રમાણસર આપ્યા છે. આથી ભાવપ્રવાહ અસ્ખલિત વહે છે.

૬. ભાસે પોતાના નાટકોની રચનાનું મુખ્ય પ્રયોજન અભિનય યોગ્ય બને તે માટે કાળજી રાખી છે. નાટકોના વસ્તુ સંવિધાનમાં આ બાબતને સતત લક્ષમાં રાખી ભાસે ઘણા જરૂરી ફેરફાર કર્યા છે. રંગમંચની દષ્ટએ ભજવવાને અયોગ્ય કથાશોને ભાસે માત્ર સંવાદો દ્વારા સૂચવી દીધા છે.

**स्वप्नवासवदत्तम्** (પ્રથમ અંકમાં અગ્નિદાહ, વાસવદત્તાનું બળી જવું તેને બચાવવા માટે યૌગન્ધરાયણનું અગ્નિમાં કૂદી પડવું આ દશ્ય સ્ટેજ પર ભજવવા ખૂબ કઠિન છે. નાટયશાસ્ત્રીય દષ્ટિએ રંગમંચ પર આગ આદિ બતાવવી ના શકાય તેવા પ્રસંગને માત્ર બ્રહ્મચારીના સંવાદ દ્વારા સંપૂર્ણ વર્ણન આબેહૂબ કરી દીધું છે. એવી જ રીતે પાંચમા અને છઠ્ઠા અંક વચ્ચેનું યુદ્ધ દર્શાવવાને બદલે બંને અંકની કથાવસ્તુથી યુદ્ધનો ખ્યાલ આવી જાય છે. પાચમા અંકની અંતમાં યુદ્ધની તૈયારીઓના સંવાદ છે, તો છઠ્ઠા અંકના વિષ્કંભકમાં ઉદયન કૌશાંબીમાં પોતાનું રાજ્ય વ્યવસ્થિત કરે છે. તેનો ઉલ્લેખ કરી વચ્ચે યુદ્ધ દર્શાવી દીધું છે.

આમ,ભાસે નાટ્યશાસ્ત્રીય દષ્ટિએ નાટકનું મંચન કેવી રીતે થાય તેની પૂરે પૂરી કાળજી રાખી છે. સમગ્રતયા જોતાં અલ્પસામગ્રી , પાત્રબાહુલ્ય  છતાં એક સાથે બધા પાત્રો સ્ટેજ પર ના આવવા દેવા, એકથી ચાર અંક માધવી-લતામંડપ પાંચમો અને છઠ્ઠો અંક રાજમહેલમાં બતાવી નાટક ભજવવા યોગ્ય છે. **स्वप्नवासवदत्तम्** નાટક ભાસની પરણિત પ્રજ્ઞાનું પૂર્ણામંચન ક્ષમતા ધરાવતું નાટકા છે. એટલે જ પાશ્ચાત્ય વિદ્વાન મીરવર્ષ જણાવે છે કે- 'Our Poet (Bhash) is Realistic Simplicity and Dramatisam'

**સંદર્ભ સૂચિ :**


૧. **स्वप्नवासवदत्तम्**
સંપાદકઃ પ્રો. પી.સી. દવે, સરસ્વતી પુસ્તક ભંડાર અમદાવાદ

૨. **नाट्यशास्त्र**
સંપાદકઃ અજિત ઠાકોર, પાર્શ્વ પ્રકાશન અમદાવાદ

३. **भासनाटकचक्र–१,२**
સંપાદકઃ **गङ्गाशङ्कराय, चोखम्बा संस्कृत सीरीज वाराणसी**

૪. **मालविकाग्निमित्रम्**
સંપાદકઃ ગૌતમ પટેલ, સરસ્વતી પુસ્તક ભંડાર અમદાવાદ



એસોસિયેટ પ્રોફેસર,
જી .જે . પટેલ આયુર્વેદ કોલેજ
ન્યુ વિદ્યાનગર, જી.આણંદ
ગુજરાત -૩૮૮૧૨૧
મો. ૯૪૨૮૪૯૧૨૨૧

॥ લઘુકથા ॥

## સીયાની ભાવના

**ગિરિમા ઘારેખાન**

ભાવના, ચલ રમવા.

સીયાની બૂમ પડે અને ભાવના હાજર. ક્યાં દૂર જવાનું હતું? સીયાના પપ્પાના બંગલાની પાછળની ઓરડીમાં જ તો ભાવના એની મા રમીલા સાથે રહેતી હતી! મા આખો દિવસ બંગલામાં કામ કરે અને ભાવના સીયા સાથે બંગલાના કમ્પાઉન્ડમાં પકડદાવ, થપ્પો, દોરડા કૂદવાનું, પગથિયાં, વગેરે રમતો રમ્યા કરે. એક વર્ષની હતી જ ત્યારથી જ નજર સામે ઊછરેલી ભાવના સાથે સીયા રમે એમાં એના મમ્મી-પપ્પાને વાંધો પણ ન હતો. સીયાને રમવા માટે બહેનપણી મળી જતી એટલે બહાર જવાની જીદ ન કરતી. આંખ સામે જ છોકરી રમ્યા કરે એટલે મમ્મી-પપ્પાને શાંતિ રહેતી હતી. સારા વાતાવરણમાં રહેતી રમીલા ભાવનાને સાફસુથરી પણ બહુ રાખતી. માએ ખીસામાં ભરી આપેલા ચણા ભાવના સીયા સાથે વહેંચતી અને સીયાના ઘરમાંથી ભાવનાને પણ નાસ્તો મળતો જ. ભાવનાની કપડાની ઢીંગલી અને સીયાની બાર્બી ડોલ પણ બહેનપણીઓ બનીને સાથે સાથે રમતી.

એ દિવસે રોજનો રમવાનો સમય થઇ ગયો પણ સીયા બોલાવવા ન આવી એટલે ભાવના એને બોલાવવા ગઈ. બંગલાની એક રૂમમાંથી એનો અવાજ આવતો હતો. ભાવનાએ બંગલાની બહાર ઊભા રહીને બારીમાંથી અંદર રૂમમાં ડોકિયું કર્યું. સીયાની મમ્મી એક પ્લેટમાં રાખેલા બટાકાપૌવા ખવડાવવા એની પાછળ ફરતી હતી.સીયાએ થોડા પૌવા ખાધા અને પછી બોલી, હવે મારે આ નથી ખાવા. રમવા જવાનું મોડું થાય છે. મને આમેય બટાકાપૌવા નથી ભાવતા, મમ્મી. આ વધેલા હવે ભાવનાને આપી દેજે.

એ દિવસે પહેલી વાર એવું થયું કે સીયાએ ઘણી બૂમો પાડી પણ ભાવના રમવા માટે એની ઓરડીની બહાર ન આવી.

૧૦, ઇશાન બંગલોઝ
સુરધારા સતાધાર રોડ
અમદાવાદ -૩૮૦૦૫૪
ફોન-૯૯૮૦૨૦૫૯૦૯

॥ વિદ્યાવૃત્ત ॥

## કાનૂની શિબિર

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ. યુ પટેલ ટેક હાઈસ્કૂલ દ્વારા કાનૂની શિબિર કાર્યક્રમ શાળાના આચાર્યશ્રી ડો. શંકરભાઈ પારગીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો. તેમાં લો કોલેજના પ્રોફેસર ડો.નિલેશભાઈ શાહ તથા આસિસ્ટન્ટ પ્રોફેસર પ્રકાશ જ્યોર્જ, નિલભાઈ શાહ, ગોવિંદભાઈ રાઠોડ તથા અંકિતભાઈ ખવાસિયા હાજર રહ્યા હતા. શાળાના આચાર્યશ્રીએ આવેલ મહેમાનોનું શાબ્દિક તથા પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ અને ગો.જો. શારદામંદિરની બાલિકાઓએ સુંદર પ્રાર્થના રજૂ કરી હતી.

ડો.નિલેશભાઈ શાહે વિદ્યાર્થીઓને મોબાઈલનો વપરાશ કેવી રીતે કરવો જોઈએ તથા પ્રકાશ જ્યોર્જ સાહેબે મોબાઈલના ગેરફાયદા વિશે સુંદર વક્તવ્ય આપ્યું હતું. નિલભાઈ શાહે વિદ્યાર્થીઓને તેમના હકો, ફરજો વિશે સુંદર વાતો કરી હતી.

ભગિની સંસ્થા ગો.જો. શારદામંદિરના આચાર્ય શ્રીમતી રીટાબેન તથા શિક્ષિકા બેનો અને વિદ્યાર્થી બહેનો કાર્યક્રમમાં સહભાગી થયાં હતાં.

ત્યારબાદ કાર્યક્રમના અંતે શાળાના સુપરવાઈઝરશ્રી ડાહ્યાભાઈ ચૌધરીએ આભારવિધિ કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી દિલીપભાઈ પટેલે કર્યુ હતું.

# Arvindbhai Patel Institute of Environmental Design, Vallabh Vidya Nagar

**Shilpi Aggarwal and Hetal Jani**

## INTRODUCTION

Celebrating 40 years of its legacy as an architecture and interior design institute The Arvindbhai Patel Institute of Environmental Design (A.P.I.E.D) was established in the year 1980 under the aegis of Parisar Trust, Vadodara. The establishment was shifted to the serene and congenial educational environment of Vallabh-Vidyanagar in the year 1984, under the patronage of Late Dr. H. M. Patel, Finance minister of India and Chairman of Charutar Vidya Mandal.

The institute was founded by the Late Ar. Shri Suryakant Patel, Late Ar. Shri Rasik Shah, Late Er. Shri Mahendra Modi, Late Shri Prabhudas Patel and Late Shri Bhupen Khakhar. A.P.I.E.D strives for its committed philosophy of integrating creativity and research.

Following are our present board of trustees:

**Table 1 Board of trustees, Parisar Trust**

| Board of Trustees Parisar Trust | | |
|---|---|---|
| 1. | Shri Kiranbhai Patel | Hon. Director, A.P.I.E.D. |
| 2. | Smt. Kavitaben Patel | Hon. Secretary Parisar Trust. |
| 3. | Smt. Chhayaben Patel | Hon. Trustee Parisar Trust. |
| 4. | Shri Chiranjivbhai Patel | Hon. Trustee Parisar Trust. |
| 5. | Ar. Smt. Shrutieben Shah | Hon. Trustee Parisar Trust. |

## OUR VISION

A.P.I.E.D facilitates an environment to nurture students where they can learn architecture, interior and planning not only as a field of study but as an ever-evolving paradigm. The institute strives by values of equity and equality, resilience, critical inquiry, innovation, collaboration, and leading towards a goal of inspiring and enriching our communities and crafting places that matter for all.

## OBJECTIVES

- To advocate a multi-cultural interdisciplinary learningecosystem for an inclusive and cohesive approach towardsadvancing knowledge and larger public good.
- To develop research and empathetic design strategies committed to cultivate connections- between people, technology and nature.
- To build a supportive community and integrate anapproach to a diverse variety of ideas and creativity.
- To develop young minds in architecture through anapproach of prioritizing humanity and culture in designing systems and environments.

## COURSES

The institute started with Bachelors of Architecture in 1980 as D C Patel School of Architecture. After 12 years of experience the trust introduced Bachelors

of Interior Design which further extended to start Master of Interior Design. In 1999, Institute also introduced Master of Urban and Regional Planning to cater the industry demand for town planners.

**Courses offered:**




## THE CAMPUS: AN ABODE WITHIN NATURE

The campus is adorned with beautiful and productive landscape & biodiversity reflecting the principle and philosophy of our institute to respect nature by making it a part of daily activities. The landscape at A.P.I.E.D has an active role in promoting informal learning and providing connection to nature.

## THE TEAM

APIED is a team of learned faculties with Post graduation and PhD from different part of the country. The expertise and specialization covering Masters in Architecture, Landscape, Town Planning, Sustainable design, Conservation, Structure, Interior Design and many more is a pool of talent that is dedicated to deliver the knowledge with dedication, zeal and zest. The diversity and versatile staff along with administrative and support staff we work towards growing better every day. Institute also believes in regular upgradation of faculties and administrative staff and encourage them to take part in faculty development programs and teacher's training organized by Council of Architecture and other institutions.

## TEACHING PEDAGOGY

Architecture is one field that requires the technical skills to understand the science of creating built environment but it also develops sensitivity, critical understanding& responsiveness towards environmental, psychological, socio-economical and other pragmatic influences of habitation. Interior design is a multifaceted profession which works to create a better living standard for humankind.

The students are guided to develop rigorous creative thinking for culmination of their blank minds canvas, as dialogue with design process essential for storytelling, for design to be realized. We encourage learning by making as unique teaching approach for interactive experience to evoke emotional and physical response.

Hence to inculcate all of these qualities a sensitive architectural learning both laterally and vertically amongst the curriculum is disseminated through Studios, Basic Design & Workshops, Theories, Related Study Programs, Site Visits, Seminars and Webinars.

## THE INFRASTRUCTURE

The institute houses a library with 4 decades of rich collection of more than 8000 books on architecture, interior, art and heritage, urbanism, planning, construction


ISSN 0976 – 9609

and related fields. In addition,a collection of Journals and Professional magazines, videos, CDs, maps, slides both in paper and online formats also support research, teaching and learning

The auditorium with 200 seats capacity within campus provides a rich audio-visual experience. It is the primary performance space for all cultural events, award ceremonies and seminars held at the institute that acts as a platform for celebration, acknowledgement and exchange of ideas outlined with work exhibit areas. Well-equipped workshops with both digital as well as traditional tools facility enables students to put their hands to think through clay modelling, print works, ceramics and carpentry, etc.

Practical learning through live demonstrations and modelling takes place in the various labs like Climate lab, Construction and Structural Lab and Materials Lab offered by the campus. Students get to experiment various climatic concepts in relation to built environment. An exploration of passive and active design concepts for climate responsiveness of the buildings. Construction lab allows the young minds to explore innovate with different materials, tools and technologies, other than conventional methods of construction. Structural lab provides a platform to understand and investigate the critical aspects of structural requirements in a building. The faculties provide insights through sketching, drawing, model making, and with the use of software to conceptualize structural requirements.

Translation of ideas and concepts through digital medium take shape in a highly configured computer laboratory equipped with Design based software's, All-in-One System with Audio and Video & Projector System and High-speed Internet Connection.

Campus offers moments of informal interaction that help building the bond as A.P.I.E.D family for students, faculty members and visitors. The Canteen located in the centre of campus and surrounded with natural environment and connected with playground acts as most dynamic and happening place. Canteen offers affordable food & refreshments from a hygienically safe and clean kitchen, with R.O. drinking water from cooler & water softener plant.

## CO- CURRICULAR ACTIVITIES

APIED ("apIED") since inception has a wealth of dedicated experts consisting of practicing designers and specialist of their field bringing expansive knowledge and experience Under their mentorship the students are encouraged to participate in the various co-curricular activities within and outside the campus.

Related Study Program is mandatory part of the Architectural Education. It is a way to provide exposure to students to different places, socio-cultural diversity for which every year study tours are organized by the college for the First to Third year students which. Students visit different places of architectural and historical importance. They document, sketch and carry out contextual studies to relate the demand of architecture with different geographic settings which is further integrated in their curriculum.

The Annual Cultural Fest with different themes and sports are organised every year. It is an event that showcases the vibrant performers, dynamic young talent along with academic performance and displays the 'culture of architecture'. Institute also celebrates various festivals of which Garba is most enjoyed by all from students to faculties and administrative staff.

Our students have participated and won numerous architectural design competitions organized by different organizations at both state and national level. National Association of Students of Architecture (NASA) is organised annually at zonal and national level that provides a platform for students from all the schools of Architecture across country to gather and participate in the various trophies and competitions on the spot events and showcase their talent. The trophies are dedicated to various renowned architects and specific themes such as ANDC, Louise I Kahn Trophy, Reuben's, HUDCO and Redesign etc.

## CONCLUDING REMARKS

APIED is a legacy itself with four decades of creating entrepreneurs and setting landmarks in its own way. The vision of our founder trustees has been given due respect that we thrive to perform and keep learning in the journey of imparting education. It is strongly believed that learning is a never-ending process and show must go on.

## ACKNOWLEDGMENT

At the end we are overwhelmed and grateful to each and every person who helped us putting this forward. First of all, we would like to thank our academic head Prof. Mona Desai and in charge principal Prof. Sanjay Pitroda who encouraged us to prepare this article. We are grateful for the team of faculties Assistant Professor Monal Mistry, Assistant Professor Rahul Dongre and Assistant Professor Disha Varma for their efforts in collecting all the relevant information and arranging in sequence and providing it in presentable format. Special thanks to our IT assistant Shri Vinod Barot who always enthusiastically provide all levels of support. Last but not the least almighty for guiding us in right direction.

Professors Arvindbhai Patel Institute of Environmental Design, Vallabh Vidyanagar
Mo. 9662004835

**વિશેષ નોંધ**

ડિસેમ્બર ૨૦૨૧ના અંકમાં નોબેલ પુરસ્કાર અંગેના વિશેષાંગ અંતર્ગત સાહિત્યક્ષેત્રના નોબેલ પુરસ્કાર અંગેનો લેખ જાન્યુઆરી ૨૦૨૨ના અંકમાં પ્રકાશિત કરીશું.

– તંત્રી મંડળ

 ISSN 0976 – 9609

# Nobel Prize in Physiology and Medicine: 2021

**Dr Bhalendu Vaishnav**

## Background:

The Nobel Prize in Physiology or Medicine has typically been awarded to honour foundational knowledge rather than measurable impact. Till now, breakthrough researches which revealed molecular and cellular mechanisms of hearing, sight and smell have been awarded Nobel prizes. Equally important other sensory modalities are perception of heat, cold and touch. They are essential for survival and form the physical basis of our interaction with our environment.

## Nobel Prize in Physiology and Medicine of 2021:

**The Nobel Prize in Physiology or Medicine of 2021 was awarded to Drs David Julius and Ardem Patapoutian, for their discovery of the receptors that enable the detection of temperature and touch. Their work discovered the mechanism of conversion of temperature and mechanical stimuli to electrical impulses in the nervous system.** (1) It shines out as an example of exceptional curiosity-driven research borne out of persistence and tenacity, coupled with technical excellence.

In 1944, Drs Joseph Erlanger and Herbert Gasser were awarded the Nobel prize in 1944 for their work on the 'what' transmits a noxious stimulus (formation of action potentials in nerve fibres responsible for transmitting the sensation of pain). The current research has revealed the mechanism of 'how' it happens, i.e. how does a neuron translate a noxious physical force, such as thermodynamic energy or pressure, into an action potential?

## David Julius: Unravelling mechanism of production of pain and heat sensation:

David Julius utilized capsaicin, a pungent compound from chili peppers that induces a burning sensation (heat) , to identify a sensor in the nerve endings of the skin that responds to heat. Capsaicin was already known to activate nerve cells causing pain sensations through ionic currents, but how this chemical actually exerted this function was an unsolved riddle. Julius and his co-workers created a library of millions of DNA fragments corresponding to genes that are expressed in the sensory neurons which can react to pain, heat, and touch. After a laborious search, a single gene was identified that was able to make cells capsaicin sensitive. This gene a novel ion channel protein has been named as TRPV1. TRP1 is a heat sensing receptor which is activated at temperatures greater than 40 degrees Celsius, which is close to the body's pain threshold. This discovery provided an explanation for ability of differences in temperature to induce electrical signals in the nervous system.

## Ardem Patapoutian: Unravelling mechanism of production of pressure sensation:

Ardem Patapoutian used pressure-sensitive cells to discover a novel class of sensors that respond to mechanical stimuli in the skin and internal organs. He first identified a cell line that gave off a

measurable electric signal when individual cells were poked with a micropipette. Their research ultimately led to discovery of a new and entirely unknown two mechanosensitive ion channels named Piezo1 and Piezo2 (after the Greek word for pressure ; piesi ). Extensive research by him and colleagues demonstrated that the Piezo2 ion channel is essential for the sense of touch, and proprioception (sensing of body position and motion) In further work, Piezo1 and Piezo2 channels have also been shown to regulate additional important physiological processes including blood pressure, respiration and urinary bladder control.

**Significance of their work on Somatosensation:**

- Basically, perception of pain and temperature are protective mechanisms. If they are absent, tissue injury results. If they are abnormal, the result is chronic pain. The prevalence of chronic pain in general population ranges between 11.0% and 51.3%.
- One of the challenges in pain management is to precisely target pain producing regions without causing imbalance in other essential functions.
- Identification of specific proteins, genes and molecular mechanisms of temperature and touch perception will aid in discovery of specific interventions to suppress or activate pain or pressure sensation.
- Just as moderate heat can help soothe muscle or joint pain, whereas noxious heat can inflict pain, both agonists and antagonists of TRP channels could have therapeutic potential.
- Because of the highly addictive nature of currently available narcotic painkillers, TRP channels have come into limelight as attractive potential drug targets for pain management. A non-pungent TRPV1 agonist, MRD-652, has recently shown promise in a mouse model; resiniferatoxin, another capsaicin analogue, has proven efficacious in relieving pain in dogs with bone cancer. A second-generation drug, mavatrep, has recently demonstrated efficacy against osteoarthritic pain with more tolerable side effects. (2)
- Knowledge about Piezo receptors allows better elucidation of our responses to body's movement and position in space. It also allows better elucidation of mechanisms which regulate blood pressure, respiration and urinary bladder control.

**Capsaicin: Source and substrate of primordial interest:**

It would be of interest to note that prior to the present discoveries, capsaicin has been very commonly employed as condiments or nutrients, with a wide range of beneficial use in Indian, American, and Chinese therapeutic customs for the treatment of acne, inflammation of the joints, and indigestion for centuries. It possesses antimicrobial, antiseptic, anticancer, counterirritant, appetite stimulator, antioxidant, analgesic and immunomodulator activities. It is beyond the purview of this article to explain the basic mechanism of properties of Capsaicin


ISSN 0976 – 9609

in the parlance of Ayurveda. Capsaicin is unique among naturally occurring irritant compounds because the initial neuronal excitation evoked by it is followed by a long-lasting refractory period, during which the previously excited neurons are no longer responsive to a broad range of stimuli (defunctionalisation effect). Due to this property, capsaicin is considered as a prototype of an agent producing selective analgesia. Neuropathic pain arises in nerves due to its own disease. It is different from somatic pain, which arises due to damage to the somatic structures from which a nerve receives the painful stimuli. Somatic pain is amenable to standard analgesics. Neuropathic pain requires medications which can 'numb' the nerves. Capsaicin treatment of neonatal mice has been shown to cause and reduced the mortality rate of herpes simplex virus infected mice. (3) It has also been shown to reduce pain in painful diabetic neuropathy (PDN).(4) Beneficial role of capsaicin has also been reported in obesity, cardiovascular and gastrointestinal conditions, various cancers, neurogenic bladder, and dermatologic conditions.

**Loss of smell and Taste in Covid and in Elderly: Cause and Remedy**

The recent COVID-19 pandemic has brought to the fore a further application of Julius and Patapoutian's foundational research into temperature sensation. Individuals who have lost their sense of smell and taste (known as anosmia and ageusia, respectively), frequently report a severe disinterest in food due to their inability to fully perceive its flavour. A similar phenomenon is associated with aging, whereby diminished chemosensation can result in undernourishment and cachexia. These conditions are not uncommon, but are relatively underappreciated, even among medical professionals. This changed in 2020, almost overnight, when loss of smell and taste was recognized as the most common symptom of so- called 'long COVID'. **Activation of TRP channels through careful modulation of food with spice and temperature appears to be an effective strategy to combat the poor appetence associated with aging and chemosensory disorders in both humans and animals.** (5,6)

**David Julius** is a Professor at University of California, San Francisco. He was born in 1955 in New York, USA. He received a Ph.D. in 1984 from University of California, Berkeley and was a postdoctoral fellow at Columbia University, in New York. While acknowledging the prize Julius recounted : "Walking through the supermarket aisle one day, seeing all these hot chili pepper sauces, etc., I was thinking, 'We really have to get this project done," ."And my wife said, 'Well, then you should get on it!'".

**Ardem Patapoutian** is working as Professor at Scripps Research, La Jolla, California. He was born in 1967 in Beirut, Lebanon. In his youth, he moved from a war-torn Beirut to Los Angeles, USA and received a Ph.D. in 1996 from California Institute of Technology, Pasadena, USA. Acknowledging the honour, he said, "I just want to emphasize that there's a whole field behind these studies—and, specifically within my lab, a big group of young, enthusiastic, smart scientists,

of graduate students and postdocs who actually do the work." He is known as an extraordinary scientist, mentor, and colleague and wonderful person."

**References:**


1. Logan DW. Hot to touch: the story of the 2021 Nobel Prize in Physiology or Medicine. Dis Model Mech. 2021;14(10):dmm049352. doi:10.1242/dmm.049352
2. Koivisto AP, Belvisi MG, Gaudet R, Szallasi Advances in TRP channel drug discovery: from target validation to clinical studies A Nat Rev Drug Discov. 2021 Sep 15;
3. Ljungdahl, A. et al. Herpes simplex virus infection in capsaicin-treated mice. Journal of the Neurological Sciences, Volume 72, Issue 2, 223 — 230
4. Hambardzumyan, H. et al. The treatment of painful diabetic neuropathy with capsaicin gel Journal of the Neurological Sciences, Volume 381, 976
5. Aschenbrenner K, Hummel GC, Teszmer K, Krone F, Ishimaru T, Seo HS, Hummel T The influence of olfactory loss on dietary behaviors. Laryngoscope. 2008 Jan; 118(1):135-44,
6. Eyre, R., Trehiou, M., Marshall, E., Carvell-Miller, L., Goyon, A. and McGrane, S.J. Aging cats prefer warm food. J. Vet. Behavior (in press) (2021)



Professor and head, Department of Medicine
Pramukhswami Medical College
Bhaikaka University
Karamsad
Mo.- 9825717481


॥ વિદ્યાવૃત્ત ॥

## ઇનરવ્હીલ કલબ દ્વારા ચારુતર વિદ્યામંડળ સંચાલિત ગો.જો.શારદા મંદિરના પ્રાથમિક વિભાગમાં સ્વ-રક્ષણ તાલીમનુ આયોજન કરવામાં આવ્યું.

હાલના સમયમાં જ્યારે સ્ત્રી અત્યાચાર કે મહિલા બળાત્કાર જેવી ઘટનાઓ રોજિંદી બનતી જાય છે ત્યારે વિદ્યાર્થિનીઓના આત્મવિશ્વાસ તથા હિંમતમાં વધારો થાય અને સંકટ સમયે પોતાનું રક્ષણ કરી શકે તે હેતુથી ધો-૮ ની ૧૧૫ વિદ્યાર્થિનીઓ માટે ઇનર વ્હીલ કલબ દ્વારા સ્વ-રક્ષણ તાલીમનુ આયોજન કરવામાં આવ્યું. કલબના સભ્યો દ્વારા બાળકોમાં મૂલ્યોનુ સિંચન થાય એવી રમતોની કીટનું દાન આપવામાં આવ્યું. પ્રતિભા એકેડેમીના ચેતનભાઈ ફૂમકિયા દ્વારા વિદ્યાર્થિનીઓને તાલીમ આપવામાં આવી. માધ્યમિક શાળાના આચાર્યા તથા રોટેરિયન રીટાબેને મહેમાનોનો પરિચય આપ્યો. પ્રાથમિક શાળાના આચાર્યા જિગીશા શાહે સુંદર અને ઉપયોગી આયોજન કરવા બદલ સંસ્થાનો તથા ટ્રેનરનો આભાર માન્યો. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન મ.શિ રેશ્માબેન પરમારે કર્યું.

 ISSN 0976 – 9609

# ભૌતિકવિજ્ઞાનનું નોબેલ પારિતોષિક - ૨૦૨૧

- કમલનયન જોષીપુરા

## પ્રાસ્તાવિક

વિશ્વકક્ષાએ દર વર્ષે અપાતાં નોબેલ ઇનામોનું નામ તો કોણે ન સાંભળ્યું હોય..?!

દુનિયાના ઊંચામાં ઊંચા આ ખિતાબમાં જેમનું નામ સમાયેલું છે એ આલ્ફ્રેડ નોબેલ (૧૮૩૩ - ૧૮૯૬) સ્વીડનના એક રસાયણશાસ્ત્રી અને ઇજનેર હતા. તેઓએ ડાયનેમાઇટ જેવા સ્ફોટક પદાર્થોની શોધ કરીને પેટન્ટ - એકાધિકાર મેળવેલ અને અઢળક ધન પણ ભેગું કર્યું હતું. એમણે પોતાના વસિયતનામામાં એવી ઇચ્છા વ્યક્ત કરેલી કે તેમના મૃત્યુ બાદ તેમની સંપત્તિમાંથી દર વર્ષે જગતની એવી પ્રતિભાઓને ખાસ પારિતોષિક અર્પણ કરવામાં આવે, કે જેમણે '**માનવજાતના હિતમાં શ્રેષ્ઠ પ્રદાન કર્યું હોય.**' પારિતોષિક માટે દાન આપવાનું એ એક ઘણું ઉદાત્ત કાર્ય હતું, પણ કદાચ સવાલ થાય કે આવું ઉત્તમ પ્રકારનું દાન કરવાની પ્રેરણા તેઓને શી રીતે મળી હશે? તે અંગેના રમૂજ ઉપજાવે એવા પ્રસંગ વિષે 'ગૂગલ' માંથી શોધી કાઢજો અને વાંચજો ... ! નોબેલ ઇનામોનો પ્રારંભ ૧૯૦૧માં થયો. આજના યુગમાં જે છ વિષય-ક્ષેત્રોમાં એ ઇનામો અપાય છે તે છે, ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, ફિઝિયોલોજી અથવા મેડિસિન (શરીરવિજ્ઞાન અથવા ચિકિત્સાશાસ્ત્ર), સાહિત્ય, શાંતિ અને અર્થશાસ્ત્ર. એ ઇનામો કોઇ એક ક્ષેત્રમાં વધુમાં વધુ ત્રણ વ્યક્તિઓને તેમજ વધુમાં વધુ બે વિશિષ્ટ પ્રકારનાં કાર્યો માટે અપાય છે; વળી તે ઇનામો મરણોપરાંત આપવામાં આવતાં નથી. શાંતિ માટેનું નોબેલ પારિતોષિક કોઇ સંસ્થાને પણ અર્પણ કરવામાં આવે છે. દર વર્ષે ઓક્ટોબર માસમાં આ પુરસ્કારોની જાહેરાત થાય છે અને (મુખ્યત્વે) ડિસેંબરની ૧૦મી તારીખે એટલે કે આલ્ફ્રેડ નોબેલના જન્મ દિવસે સ્વીડનમાં આ પારિતોષિકો અર્પણ કરવાનો સમારંભ યોજાય છે.

ફિઝિક્સની વાત કરીએ તો આ વિષયનું સૌપ્રથમ નોબેલ ઇનામ ૧૯૦૧માં જર્મન વિજ્ઞાની રોંજનને ક્ષ-કિરણોની શોધ અંગે મળ્યું હતું. વિજ્ઞાનનાં ક્ષેત્રોમાં ફિઝિક્સનું નોબેલ પારિતોષિક પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય હતા પ્રો. સી. વી. રામન, જેમણે એ સિદ્ધિ ૧૯૩૦માં મેળવી હતી.

## ભૌતિકવિજ્ઞાનનું નોબેલ ઇનામ - ૨૦૨૧

વર્ષ ૨૦૨૧નું ફિઝિક્સનું નોબેલ પારિતોષિક બે સરખા ભાગમાં વહેચાયેલ છે. પ્રથમ અર્ધા ભાગના બે હિસ્સેદારો છે, યુએસએના સ્યુકુરો માનાબે અને જર્મનીના ક્લાઉસ હાસેલમેન, જ્યારે બીજો અર્ધો ભાગ ઇટલીના જીઓર્જીઓ પેરીસીને ફાળે જાય છે. મૂળ જાપાનના પણ વર્ષોથી (પ્રિન્સ્ટન યુનિવર્સિટી) અમેરિકામાં સ્થાયી થયેલ વિજ્ઞાની સ્યુકુરો માનાબે હવે ૯૦ વરસની જૈફ વયે પહોંચેલ છે. તેઓ પૃથ્વીના વાતાવરણ વિષેના કંપ્યૂટર આધારિત અભ્યાસ અને વિશ્લેષણના પ્રણેતા તરીકે જાણીતા છે. ક્લાઉસ હાસેલમેન પણ લગભગ ૯૦ વરસની વયના છે અને જર્મનીની હેમ્બર્ગ યુનિવર્સિટીના માનદ અધ્યાપક છે. તેઓ જલવાયુ પરિવર્તનીયતા (climate variability) વિષેનાં હાસેલમેન મૉડેલ માટે જાણીતા છે. ત્રીજા વિજ્ઞાની ૭૪ વર્ષના જીઓર્જીઓ પેરીસી રોમ (ઇટલી)ની સાપીન્ઝા યુનિવર્સિટીમાં અધ્યાપક છે. ત્રણેય નોબેલ વિજેતાઓમાં તેઓ સૌથી યુવાન ગણાય.....! તેમના અભ્યાસનાં ક્ષેત્રો વિશાળ તેમજ વૈવિધ્યપૂર્ણ છે, જેમાં કેટલાક વિશિષ્ટ ઘન પદાર્થોને લગતી શોધખોળો અને ક્વોન્ટમ ફીલ્ડ થીયરીથી માંડીને તે ઊડતાં પંખીઓનાં ટોળાંમાં નજરે ચડતી વિશિષ્ટ ભાત-ગુંથણી (pattern) નો પણ સમાવેશ થાય છે...! ઉપરાંત, આ વર્ષે પુરસ્કાર માટેનાં સંશોધનોનો વ્યાપ, પરમાણુ-અણુથી બનતા ઘન પદાર્થોની સૂક્ષ્મ રચનાથી લઇને તે છેક વાતાવરણની સ્થળ ઘટનાઓ સુધી જઇ પહોંચે છે... એમ લાગ્યા વિના રહે નહિ કે ભૌતિકશાસ્ત્ર એ એક બહુશાખીય (multidisciplinary) વિજ્ઞાન છે.

અત્રે એક ઉલ્લેખ જરૂર કરીએ કે આ વખતનાં ફિઝિક્સનાં નોબેલ ઇનામો કોઇ પ્રાયોગિક આવિષ્કારને

નહિ પણ સૈદ્ધાંતિક સંશોધનોને અર્પણ થયાં છે.

ભૌતિકશાસ્ત્રીઓ માનાબે અને હાસેલમેનનાં પ્રદાનનો વિષય હતો,: 'પૃથ્વીનાં જલવાયુનું ભૌતિક પ્રરૂપણ તેની પરિવર્તનીયતાનો માત્રાત્મક અભ્યાસ અને વૈશ્વિક તાપ-વૃદ્ધિની સચોટ આગાહી'(physical modelling of the earths climate, quantifying variability and reliably predicting global warming*).* ભૌતિક વિજ્ઞાની પેરીસીનાં પ્રદાનનો વિષય હતો, પરમાણુ (જેવા સૂક્ષ્મ તંત્ર) થી માંડીને ગ્રહ જેવાં (મોટાં) ભૌતિક તંત્રોના માપક્રમ પર અવ્યવસ્થા અને વધઘટની પારસ્પરિક ક્રિયાઓ પરનાં સંશોધનો,(discovery of the interplay of disorder and fluctuations in physical systems from atomic to planetary scales). વાચકમિત્રો, આ બધું કાઇંક અટપટું લાગે છે....નહિ...?!

તો દોસ્તો, આખી વાત જ એમ છે કે, નોબેલ પુરસ્કારના ઉપરોક્ત બન્ને વિશિષ્ટ ક્ષેત્રો, સૃષ્ટિમાં અનેકાનેક જગ્યાએ જે અટપટાપણુ કે સંકીર્ણતા/ સંકુલતા (complexity) દેખાય છે તે વિષેનો વૈજ્ઞાનિક અભ્યાસ છે. જીવનના વ્યવહારમાં આપણને ઘણી બાબતો ગૂંચવાડાભરી કે સંકુલ લાગે છે, તેનાથી આ સાવ જુદી વાત છે. ચાલો, સૌ પ્રથમ તો આપણે સંકીર્ણ કે સંકુલ ભૌતિક તંત્રો (complex physical systems) એટલે શું તેનો થોડો ખ્યાલ મેળવી લઇએ. આસપાસની સૃષ્ટિ પર નજર માંડીએ તો કોઇ પણ નાની કે મોટી વસ્તુ અંદરખાનેથી એક યા બીજી રીતે જુદા જુદા હિસ્સા-પૂર્જાઓમાંથી બનેલ હોય છે. વિજ્ઞાનની ભાષામાં એમ કહેવાય છે કે કોઇ પ્રણાલિ કે તંત્ર (system) એ કેટલાંક ઉપતંત્રો (subsystems) દ્વારા બનેલ હોય છે; જેમકે પૃથ્વી એક વિરાટ તંત્ર છે, જેનાં ઉપતંત્રો છે, વાતાવરણ (atmosphere), જમીન કે સ્થલાવરણ (lithosphere/geosphere), સમુદ્રો કે જલાવરણ (hydrosphere) અને સજીવ-સૃષ્ટિ અથવા જૈવાવરણ. (Biosphere). પૃથ્વીનાં આ તમામ ઉપતંત્રો પરસ્પર વિવિધ આપલે દ્વારા સંકળાયેલાં હોય છે. બીજાં ઉદાહરણ તરીકે, ઘન, પ્રવાહી કે વાયુ પદાર્થો એ સંખ્યાબંધ ઘટકો અર્થાત્ પરમાણુ-અણુઓથી રચાય છે. માનવ-સમાજ પણ એક 'તંત્ર' ગણાય, જેનાં ઘટકો છે માનવીઓ તેમજ તેમનાં પરિવારો ...! વિજ્ઞાનની વાત કરીએ તો, અહીં ખાસ કરીને ભૌતિકશાસ્ત્રમાં કોઇ તંત્રનો પદ્ધતિસરનો અભ્યાસ હાથ ધરવા માટે તેને સ્વતંત્ર કે અલગ ગણીને સરળ, આદર્શ ધારણાઓનું એક માળખું (conceptual framework) રચવામાં આવે છે, જેને ભૌતિકશાસ્ત્રીય નમૂનો કે પ્રરૂપ (model)) કહેવાય છે. આ એક વૈચારિક પ્રક્રિયા છે જેને પ્રરૂપણ (modelling) કહે છે. તર્કબદ્ધ ધારણાઓનું માળખું એટલે કે મૉડેલ તૈયાર થયા પછી તેને લગતું ગણિત (જેમકે તેને અંગેનાં વિકલ સમીકરણો) ઘડીને એ સમગ્ર અભ્યાસને માત્રાત્મક (quantitative) બનાવવવામાં આવે છે. તે દ્વારા જે એક માનસિક ચિત્ર પ્રગટે છે, તેની મદદથી તંત્રની વર્તણૂક વિષે આગાહી કરી શકાય છે. માનસ-ચિત્ર યાને કે મૉડેલ જેટલું વાસ્તવિક હોય તેટલી એ આગાહી વાસ્તવદર્શી બને છે. ફિઝિક્સના શિક્ષકો અને વિદ્યાર્થીઓને ખ્યાલ આવશે કે, 'સરળ આવર્ત ગતિ' અને 'સાદુ લોલક' એ આ બાબતનાં સૌથી સાદાં અને પ્રચલિત ઉદાહરણો છે.

આપણે નોંધ્યું તેમ, ભૌતિકવિજ્ઞાનના નોબેલ પુરસ્કાર-૨૦૨૧નાં બે પૈકીનું એક ક્ષેત્ર જલવાયુ પરિવર્તન (climate change)અને વૈશ્વિક તાપવૃદ્ધિ (global warming)ને લગતું છે. જલવાયુ એટલે કોઈ સ્થળની આબોહવા. એ સંદર્ભમાં, હવામાન (weather) એ કોઇ સ્થળે રોજેરોજનું તાપમાન, હવામાં ભેજનું પ્રમાણ, વરસાદ-વાદળો-પવન વગેરેની સ્થિતિ દર્શાવે છે, જ્યારે આબોહવા એ કોઇ સ્થળ/વિસ્તારની હવામાન અંગેની લાંબા (આશરે ૩૦ વર્ષના) ગાળાની સરેરાશ સ્થિતિ દર્શાવે છે. એ વિગતોમાં વર્ષ દરમ્યાન જે ફેરફાર થાય છે તે ઋતુઓનું ચક્ર દર્શાવે છે, અને તેમાં મુખ્ય ભાગ ભજવે છે પૃથ્વીનું અક્ષીય નમન (axial tilt), આપણા દેશમાં સામાન્યપણે જુનથી સપ્ટેંબર દરમ્યાન ચોમાસું હોય છે. (સામાન્યપણે' શબ્દ નોંધો.) આપને ખ્યાલ હશે કે


ISSN 0976 – 9609

હવામાન મથક (weather station) એ એવી સુવિધા છે કે જ્યાં હવામાનની ઉપરોક્ત દૈનિક વિગતો નોંધવા માટેનાં સાધનો હોય છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓએ નજીકનાં હવામાન મથકની મુલાકાત લેવી જોઇએ. આજકાલ તો ઉપગ્રહો દ્વારા વરસાદ, વાવાઝોડાં વગેરેની સચોટ આગાહી કરવામાં આવે છે. ઋતુઓની આવન જાવન આમ તો નિરંતર ચાલ્યા કરે છે. તે વિષેના વૈજ્ઞાનિક અભ્યાસને મોસમ-વિજ્ઞાન અથવા હવામાનશાસ્ત્ર (meteorology) કહે છે. હવામાન અને આબોહવા એ વાતાવરણમાં થતી અનેક અટપટી ઘટનાઓનું સંયુક્ત પરિણામ છે. આધુનિક પરિભાષામાં કહીએ તો, આબોહવા કે જલવાયુ એક મોટું સંકુલ તંત્ર (complex system) છે. પ્રશ્ન એ થાય કે સંકુલ તંત્ર એટલે શું?? છેલ્લા થોડા દાયકાઓમાં ઊભરી આવેલી આ એક નવી અને વ્યાપક સંકલ્પના છે. સાદી ભાષામાં કહેતાં, સંકુલ તંત્ર એ પરસ્પર આપલે અથવા તો સંસર્ગક્રિયા (interaction) કરતાં ઉપતંત્રોનું બનેલું તંત્ર છે. તેનાં ઉપતંત્રોનું આપસમાંનું તેમજ તેમનાં પરિસર (environment)) સાથેનું આદાન-પ્રદાન એવું જટિલ હોય છે કે તંત્રનું ગણિતીય પ્રરૂપણ (mathematical modelling) ઘણું દુષ્કર બને છે, અને તેમ થવાનું કારણ એ નથી કે તે અંગેની જરૂરી માહિતી (input) અપૂરતી હોય. વળી, તેમાં અરેખીયતા (nonlinearity) જેવા ગુણધર્મો એ તંત્રની કોઇ પ્રકારની સ્પષ્ટ આગાહી કરવાનું મુશ્કેલ બનાવે છે.

આ પૂર્વભૂમિકા પર, ૨૦૨૧ના નોબેલ વિજ્ઞાનીઓ માનાબે અને હાસેલમેનની નવો રાહ ચીંધનારી શોધખોળોએ પૃથ્વીના જલવાયુ, તેમાં થતાં પરિવર્તનો અને તેના પર માનવીઓ દ્વારા થતી અસરો વિષેનાં આધુનિક જ્ઞાનનો પાયો નાખેલ છે. આમ તો આપણે કહ્યું તેમ, જલવાયુ એ એક વિરાટ સંકુલ તંત્ર' છે, પરંતુ આ વિજ્ઞાનીઓના અભ્યાસો પરથી જલવાયુ-તંત્રને ઊંડાણપૂર્વક સમજવાની તેમજ તેના વિષે લાંબા ગાળાનાં પૂર્વાનુમાનો કરવાની નવી રીતોનો વિકાસ થયો છે. માનાબેની શોધોએ એમ દર્શાવ્યું કે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડનું વધતું પ્રમાણ આપણી ધરતી પરનાં સરેરાશ તાપમાનમાં વધારો કરે છે. તેમણે ૧૯૬૦ના દાયકામાં આપેલ પ્રારંભિક મોડેલના આધારે હવેના જમાનામાં વધુ ઊંડાણપૂર્વકના અભ્યાસો શક્ય બનેલ છે. તે પછીના દાયકામાં હાસેલમેને જે મોડેલ રચેલ છે એ હવામાન અને જલવાયુ (આબોહવા) વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરે છે અને જલવાયુ વિષેનાં મોડેલો શી રીતે વિશ્વસનીય બનાવી શકાય તેનો માર્ગ ચીંધે છે. તેમણે કુદરતી તેમજ માનવીય ગતિવિધિઓની જલ-વાયુ પર થતી અસરોને સ્પષ્ટ રીતે ઓળખી કાઢવાની પદ્ધતિ વિકસાવેલ છે. એ બંને વિજ્ઞાનીઓની શોધખોળોને ત્રણ મુખ્ય બાબતોનો આધાર મળે છે; વૈજ્ઞાનિક અવલોકનો, તાર્કિક વિશ્લેષણો અને કંપ્યુટરની મદદથી કરવામાં આવેલ પ્રરૂપણ-મોડેલિંગ તથા અનુરચના (simulation). સિમ્યુલેશનનો અર્થ છે કોઇ તંત્ર કે કોઇ ઘટનાની કંપ્યુટર દ્વારા શક્ય તેટલી આબેહૂબ પ્રતિકૃતિ તૈયાર કરવી. હવે આપણે, ફિઝિક્સના નોબેલ પુરસ્કાર ૨૦૨૧નો બીજો અર્ધો ભાગ જેમને ફાળે જાય છે, એ ઇટાલિયન વિજ્ઞાની પેરીસીનાં પ્રદાન અંગે વાત કરીએ. આ વિજ્ઞાનીએ ૧૯૮૦ના દાયકામાં, 'અસ્ત- વ્યસ્તતા' દર્શાવતા દ્રવ્ય-પદાર્થો (disordered materials) તેમજ યાદચ્છિક પ્રક્રિયાઓ (random processes) સંબંધે ક્રાંતિકારી શોધો કરી હતી. અહિ પ્રયોજાયેલા શબ્દો નિર્દેશ કરે છે કે, તે એવાં તંત્રોનો અભ્યાસ છે કે જેના વિષે ચોક્કસ આગાહી કરવાનું દુષ્કર છે. નોબેલ વિજેતા વિજ્ઞાની પેરીસીની મૂળભૂત શોધ spin glasses તરીકે ઓળખાતા પદાર્થોને અનુલક્ષીને કરવામાં આવેલ છે. (સ્પીન ગ્લાસ એ કાચ નથી ...!!!) અલબત્ત, તેના સૂચિતાર્થો તો વ્યાપક છે, અને જેને અપ્રત્યાશિત એટલે કે આગાહી ન કરી શકાય તેવાં સંકુલ તંત્રોને સમજવામાં એક મહત્ત્વની પ્રગતિ ગણાય છે. આ મૂળભૂત શોધો પણ વૈજ્ઞાનિક અવલોકનો, તાર્કિક વિશ્લેષણો અને મોડેલિંગ તથા સિમ્યુલેશન પર આધારિત છે.

નોબેલ પુરસ્કારો અંગેની વેબસાઈટ https://www.nobelprize.org/ પર ભૌતિકવિજ્ઞાનનાં આ વર્ષ ઇનામ

વિજેતાઓ વિષે આ મુજબ ટૂંકો પણ ચોટદાર નિર્દેશ કરવામાં આવેલ છે;

They found hidden patterns in the climate and in other complex phenomena.

અને છેલ્લે ....

જલવાયુ પરિવર્તન અને વૈશ્વિક તાપવૃદ્ધિ એ શબ્દો જુદાં જુદાં સમાચાર માધ્યમોમાં અવારનવાર આવતા રહે છે. વૈશ્વિક તાપવૃદ્ધિ એ એક ધીમી ગતિએ આકાર લઇ રહેલી વિશિષ્ટ અને ચિંતાજનક ઘટના છે. આમ તો આપણો રોજિંદો અનુભવ છે કે દિવસે રાત કરતાં તાપમાન (temperature) વધુ હોય છે, તેમજ ઉનાળામાં આપણને ગરમી લાગે છે. અહીં એ દિવસ-રાત કે શિયાળા-ઉનાળાની વાત નથી. સમસ્તપણે જોતાં એવું જણાય છે કે ધરતી પરનું સરેરાશ તાપમાન, દુનિયામાં ઔદ્યોગિક ક્રાંતિ શરૂ થઇ તે અરસાની સરખામણીએ ધીમે ધીમે વધવા લાગેલ છે. આ સરખામણી માટે ૧૮૫૦-૧૯૦૦ના ગાળાને આધાર ગણવામાં આવે છે. એ હવે સ્પષ્ટ થઇ ગયું છે કે આ તાપમાન તાપવૃદ્ધિ માટે હવામાં કાર્બન ડાયોક્સાઇડ, મિથેન, નાઇટ્રસ-ઓક્સાઇડ વગેરે green-house વાયુઓનું વધતું પ્રમાણ જવાબદાર છે. એ પ્રમાણ વધવાનાં મુખ્ય કારણોમાં માનવીય ગતિવિધિઓ, જેમકે મોટા પ્રમાણમાં ઔદ્યોગિકરણ તથા કોલસો અને અશ્મિભૂત બળતણનો વપરાશ વગેરે છે. જલવાયુ પરિવર્તનની અસરો ઘણી જોખમકારક નીવડી શકે છે, તેથી પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ તે ગંભીર ચર્ચાનો મુદ્દો બનેલ છે. વૈશ્વિક તાપવૃદ્ધિને નાથવાના ઉપાયો થઇ રહ્યા છે. એ જોતાં નોબેલ ઇનામની શોધો ખૂબ અર્થપૂર્ણ અને પ્રસ્તુત બની રહે રહે છે. ઉપરોક્ત ત્રણે વિજ્ઞાનીઓની શોધખોળોમાં જ્ઞાનવિજ્ઞાનની અવનવી ક્ષિતિજો ખુલી રહ્યાનું વર્તાય છે.

હવે આપણે રાહ જોઇએ, નોબેલ પારિતોષિક અર્પણ થયા પછીનાં એ વિજ્ઞાનીઓનાં જાહેર વ્યાખ્યાનની, જેમાં પરંપરા અનુસાર તેઓ પોતાની શોધયાત્રાની યાદગાર ઝાંખી કરાવશે.

---

નિવૃત્ત પ્રોફેસર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર
મો.-૯૮૨૫૩૧૮૮૯૭

॥ વિદ્યાવૃત્ત ॥

## આઈ.બી.પટેલ ઈંગ્લિશ સ્કૂલનું ગૌરવ

ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલ (ગ્રાન્ટેડ ), વલ્લભ વિદ્યાનગરના વિદ્યાર્થીનો નિબંધ સ્પર્ધામાં પ્રથમ નંબર આવ્યો છે.

ટાટા કન્સલ્ટન્સીની સર્વિસીઝ દ્વારા ૨૦૧૯-૨૦૨૦ ના વર્ષમાં શાળા કક્ષાએ જિલ્લા સ્તર ઉપર 'ટાટા બિલ્ડિંગ ઈન્ડિઆ' નામની નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં જિલ્લાની વિદ્યારકદ કુન્દન બ્રહ્માનંદ લામસેએ અંગ્રેજી માધ્યમમાં ઉપરોક્ત વિષયક નિબંધ સ્પર્ધામાં વિજેતા બનીને શાળાને ગૌરવ અપાવ્યું છે. આ વિદ્યાર્થીને આયોજક તરફથી ઈ-પ્રમાણપત્ર તથા ઈ-ચંદ્રક આપવામાં આવશે.

ઉપરોક્ત વિદ્યાર્થીને શાળાના શિક્ષકો રાજેશ એમ.ભટ્ટ તથા દર્શન એચ.સુથાર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

શાળાના આચાર્યશ્રી ડો. મહેશ સ્ટેલીન ખ્રિસ્તીએ વિજેતા વિદ્યાર્થીને ખૂબ શુભેચ્છાઓ પાઠવી છે તથા તેના ઉજ્જ્વળ ભવિષ્ય માટે આશીર્વાદ પાઠવ્યા છે.


ISSN 0976 – 9609

# ૨૦૨૧ના રાસાયણ વિજ્ઞાનના નોબલ પુરસ્કાર વિજેતાઓ

ડો. રમેશચંદ્ર ભાયાણી

સામાન્ય રીતે ઓક્ટોબર અને ડિસેમ્બર માસ એ મહિનાઓમાં નોબેલ પુરસ્કારના કહેવાય. વૈજ્ઞાનિક તેમજ વિજ્ઞાનમાં રસ લેનારો નોબેલ પુરસ્કારની જાહેરાતની રાહ જોતો હોય છે. આ નોબેલ પુરસ્કાર દર વર્ષે આપવામાં આવે છે.

વિજ્ઞાનક્ષેત્રે આ પુરસ્કારો રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને તબીબી કે શારીરિક વિજ્ઞાનક્ષેત્રે આપવામાં આવે છે. જ્યારે બીજા ત્રણ પુરસ્કારો અનુક્રમે સાહિત્ય, શાંતિ તેમજ અર્થશાસ્ત્ર ક્ષેત્રે શ્રેષ્ઠ કાર્ય કર્યું હોય તેવા મહાનુભાવોને આપવામાં આવે છે. આ પુરસ્કારોમાં અર્થશાસ્ત્રનાં પુરસ્કારની શરૂઆત ઈ.સ. ૧૯૯૬માં કરવામાં આવેલ. આના નોબેલ પુરસ્કાર સ્વીડિશ રસાયણશાસ્ત્ર આલ્ફ્રેડ નોબેલની હયાતીમાં ૧૮૯૫માં નોબેલ ટ્રસ્ટની શરૂઆત થઈ ત્યારબાદ કોઈ ટેકનિકલ કારણોસર આ નોબેલ પુરસ્કાર આપવાની શરૂઆત ઈ.સ. ૧૯૦૧થી કરવામાં આવી હતી. આ રીતે છ નોબેલ પુરસ્કાર આપવામાં આવે છે.

૨૦૨૧માં જાહેર થયેલા નોબેલ પુરસ્કારની વિગત જોઈએ તો રસાયણશાસ્ત્રમાં જર્મનીની રૂહર શહેરમાં આવેલ મેક્સ પ્લાન્ક ઈન્સ્ટિટ્યૂટના ૫૩ વર્ષીય બેન્જામિન લિસ્ટ અને સ્કોટલેન્ડમાં જન્મેલા અને યુ.એસ.એ.માં પ્રિન્સ્ટન યુનિવર્સિટીમાં સંશોધન કરતા ડેવિસ વિલિયમ ક્રોસ મેકમિલનને આપવામાં આવેલ છે. આ ડેવિડ મેકમિલન પણ ૫૩ વર્ષના છે. જ્યારે ભૌતિકશાસ્ત્ર સ્મુકુરો મનાબે (૯૦) જાપાન અને ક્લોસ હેસલમેન (૮૯) જર્મનીના વૈજ્ઞાનિકોને આપવામાં આવેલ છે. ફિઝિયોલોજી અથવા મેડિસિન શરીરક્રિયા વિષયક્ષેત્રે ડેવિડ જુલિયસ (૬૫) અને એર્ડમ પેટાપોશિયન (૫૪) ને આપવામાં આવેલ છે. જ્યારે સાહિત્યક્ષેત્રે અબ્દુલ રઝાક ગુરનાહ (૭૨) યુકે, મારિયા રેસા (૫૮) ફિલિપાઈન્સ દિમિત્રી મુરાતોવ (૫૯) રશિયાને શાંતિક્ષેત્રે નોબલ પુરસ્કાર આપવામાં આવેલ છે. જ્યારે અર્થશાસ્ત્ર ક્ષેત્રે ડેવિડ કાર્ડ (૬૫) યુ.એસ.એ., ગુઈડો ડબલ્યુ જોશુઆડી એગ્રિસ્ટ (૬૧) અને ગુઈડો ડબલ્યુ ઈન્બેસ (૫૮) યુ.એસ.એ ને આપવામાં આવેલ છે.

રોયલ સ્વિડિશ એકેડમી ઓફ સાયસીઝ દ્વારા ૬ ઓક્ટોબર ૨૦૨૧ ના રોજ રસાયણશાસ્ત્ર ક્ષેત્રના નોબેલ પુરસ્કાર બેન્જામિન લિસ્ટ (૫૩) જર્મની અને ડેવિડ વિલિયમ ક્રોસ મેકમિલન (૫૩) ને નોબેલ પુરસ્કાર આપવાની જાહેરાત કરી. રસાયણશાસ્ત્રનો એસિમેટ્રિક આર્ગેનોકેટાલિસિસનો વિકાસ કરવા બદલ આ પુરસ્કાર માટે એનાયત કરવામાં આવ્યો છે. આ સંશોધનથી દવાઓ અંગેના સંશોધનમાં એક નવી દિશા મળશે તેમજ નવી દવાઓને બનાવવા સહાયક અણુઓના બંધારણ માટે નવા પ્રકારના ઉપકરણનો ઉપયોગ થશે જે પર્યાવરણને નુકસાનકર્તા નહિ હોય, પર્યાવરણ મિત્ર હશે, પર્યાવરણનું જતન થઈ શકશે.

આ બંને વૈજ્ઞાનિકના સંશોધન કારણ ભવિષ્યમાં ફાર્માક્ષેત્રે ખૂબ મોટી અસર પડશે, સાથોસાથ પર્યાવરણનું પ્રદૂષણ થતું અટકશે. આપણે સૌ જાણીએ છીએ આપણા જીવનમાં રસાયણો કેટલા મહત્ત્વના છે. ઉદ્યોગોમાં તેમનો ખૂબ ઉપયોગ થઈ રહ્યા છે. આથી હવે રસાયણશાસ્ત્રીઓ એવા અણુઓ બનાવવા જઈ રહ્યા છે જે પરિસ્થિતિને અનુકૂળ લાંબા સમય સુધી ટકી શકે તેવા પદાર્થો બનાવવા બેટરીમાં ઊર્જાનું સંરક્ષણ કરે તેમજ વિવિધ રોગોની અસર નાબૂદ કરવા તે ઉપયોગી બને. આથી ઘણી રાસાયણિક પ્રક્રિયા માટે ઉત્પેરક (catalyst)- ઉદ્દીપકની જરૂર પડે છે. આ ઉત્પેરક પોતે પ્રક્રિયામાં ભાગ લેતા નથી પણ પ્રક્રિયાને ઝડપી અને નીચા તાપમાને લાવી શકે છે. પ્રક્રિયાની અંતે ઉત્પેરક પાછું મળી જાય છે એટલે કે પ્રક્રિયાની અંતે મળતી નીપજમાં ઉત્પેરક હોતું નથી. ઘણી પ્રક્રિયાઓમાં રસાયણશાસ્ત્રઓ માટે ઉત્પેરકો પાયાના ઉપકરણો છે.

આપણે જ્યારે શાળાઓમાં અભ્યાસ કરતા ત્યારે ઓક્સિજન વાયુ મેળવવા માટે આપણા શિક્ષક એક

પ્રયોગનું નિર્દેશન કરતા, એક કશનળીમાં પોટેશિયમ ક્લોરેટ પદાર્થ લઈ, કશનળીને કશનળી હોલ્ડરમાં રાખી બર્નર ઉપર ગરમ કરતાં, ગરમ થતાં જે વાયુ નીકળતો તે ઓક્સિજન વાયુ હોય છે. પરંતુ પોટેશિયમ ક્લોરેટ સાથે ચપટી મેંગેનીઝ ડાયોક્સાઈડ ઉમેરીને જો ગરમ કરવામાં આવે તો ઓક્સિજન વાયુ તુરત ઉત્પન્ન થતો ત્યારે શિક્ષક સમજાવતા કે પોટેશિયમ ક્લોરેટમાં ચપટી મેંગેનીઝ ડાયોક્સાઈડ એમને એમ રહે છે. આ રીતે સમજાવતા અહી મેંગેનીઝ ડાયાક્સાઈડ ઉત્પેરક તરીકે વર્તે છે. આ અંગેનો સૌ પ્રથમ અભ્યાસ બર્ઝેલિયસ ઈ.સ. ૧૮૧૫ કર્યો હતો. આજ રીતે હાઈડ્રોજન નાઈટ્રોજનમાંથી એમોનિયા વાયુની બનાવટમાં આયર્ન અને મોલિબ્ડેનમ જેવી ધાતુનો ઉત્પેરક તરીકે ઉપયોગ કરવામાં આવે છે. રસાયણશાસ્ત્રમાં બહર પ્રક્રિયા તરીકે વપરાય છે. આ રીતે વિવિધ ઉત્પેરકો વપરાતા તેમાં ખાસ કરીને ધાતુ અને ઉત્સેચક (Enzyme) ઉપયોગ વિશેષ પ્રમાણમાં થતો.

ઉત્સેચક (Enzyme) જટિલ નાઈટ્રોજન યુક્ત કાર્બનિક સંયોજનો છે. જે સજીવ અને વનસ્પતિ અને પ્રાણીઓ દ્વારા પેદા કરવામાં આવે છે. ટૂંકમાં આ ઉત્સેચકો ઉચ્ચ આણ્વીય દળ ધરાવતા પ્રોટીન અણુઓ છે અને પાણીમાં કલીલ દ્રાવણ રચે છે. તે ઘણા અસરકારક ઉત્પેરકો છે. ઉત્સેચકો જૈવ રાસાયણિક ઉત્સેચકો તરીકે ઓળખાય છે ઉદાહરણ લઈએ તો દૂધનું દહીંમાં પરિવર્તન તે ઉત્સેચકીય પ્રક્રિયા છે. જે દહીંમાં રહેલા લેક્ટોબેસિલિના ઉત્સેચક વડે પ્રક્રિયા કરવામાં આવે છે.

આ રીતે ઉત્પેરકોમાં ધાતુ અને એન્ઝાઈમ ઉત્સેચકનો ઉપયોગ થતો પરંતુ બંનેની મર્યાદા છે. જેમકે ધાતુ મોંઘી પડે છે તે પ્રાપ્ત કરવી મુશ્કેલ છે. તેમજ પર્યાવરણને હાનિકારક બને છે. પ્રક્રિયાને અંતે મળતી ધાતુનો નિકાલ કરવાની પણ સમસ્યા હતી તેમજ તે પ્રદૂષણકર્તા બને છે. આવી સમસ્યાઓનો ઉકેલ શોધવા માટે આ બંને વૈજ્ઞાનિકે ધાતુ અને ઉત્સેચકનો ઉત્પેરક તરીકે ઉપયોગને બદલે નવા ઉત્પેરક શોધવા જેને ઓર્ગેનોકેટાલિસિસ કહેવામાં આવે છે. જેમાં કાર્બનિક ઉત્પેરકો બનાવવામાં આવ્યા, કારણ કે કાર્બનિક ઉત્પેરકોમાં કાર્બન પરમાણું નિશ્ચિત રીતે ગોઠવાયેલા હોય છે તેમજ વધારે રાસાયણિક સમૂહો સાથે જોડાય છે. ઉપરાંત તેમની સાથે ઓક્સિજન, નાઈટ્રોજન સલ્ફર અને ફોસ્ફરસ ના પરમાણુઓ સંકળાયેલા હોય છે. જે પર્યાવરણ મિત્ર અને સસ્તા હોય છે.

જ્યાં અણુઓ બનતા હોય છે ત્યારે સ્થિતિ ઘણીવાર એવી બને છે કે બે જુદા જુદા અણુઓ બને છે, આપણા બે હાથની જેમ એકબીજા અરીસામાં દેખાતી તસ્વીર હોય રસાયણશાસ્ત્રીને ઘણીવાર આવા અણુઓની જરૂર ફાર્મા રસાયણોની બનાવટમાં જરૂર પડે છે. ઈ.સ. ૨૦૦૦ થી ઓર્ગેનોકેટાલિસિસનો વિકાસ થઈ રહ્યા છે. જેમાં બેન્જામીન લીસ્ટ અને ડેવિડ મેકમિલને ઘણું કામ કર્યું છે. તેઓ એ ક્ષેત્રે આગવું સ્થાન ધરાવે છે. તેમણે દર્શાવ્યું કે ઓર્ગેનોકેટાલિસિસ ઘણી બધી રાસાયણિક પ્રક્રિયાના સંચાલનમાં ફાળો આપે છે. આથી ફાર્માસાયણનો સોલર શેલ દ્વારા પ્રકાશને પકડી શકે તેવી ઊર્જા ક્ષેત્રે તેનો ઉપયોગ મોટે પાયે થઈ શકશે અને માનવજીવનને વધુ ઉપયોગી બનશે. ઘણી બીમારીના પ્રસારને અટકાવી પણ શકશે. આવા પર્યાવરણમિત્ર બની શકે તેવા એસિમિટ્રિક ઓર્ગેનોકેટાલિસિસ જેવા ઉત્પેરકોના સંશોધન માટે પ્રો. બેન્જામીન લિસ્ટ અને ડેવિડ મેકમિલનને નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવનાર છે. આ બંને વચ્ચે ૧૦ મિલયન સ્વિડિશ ડોલર (૧.૧૪ મિલિયન ડોલર) ની રકમ એસિમેટિક ઓર્ગેનોકેટાલિસ અંગેના તેમના અલગ અલગ કાર્ય, બદલ સરખા ભાગે વહેંચાશે. રોયલ સ્વિડિશ એકેડમી ઓફ સાયન્સીઝ અનુસાર તે અણુના બંધારણ માટે એક નવુ અને સ્વદેશી ઉપકરણ છે. આ બંને રસાયણશાસ્ત્રીઓને સલામ!

નિયામક લોક વિજ્ઞાનકેન્દ્ર, રાજકોટ
મો.- ૯૪૨૮૧૫૮૯૮૯

# અર્થશાસ્ત્રનું ૨૦૨૧નું નોબેલ પારિતોષિકઃ (લઘુતમ વેતન વધે કે સ્થળાંતરિત મજૂરો આવે તો બેકારી ન ફેલાય)

– હેમન્તકુમાર શાહ

## પ્રસ્તાવના

કોઈ કાગડો આંબા પર બેસે અને કેરી નીચે પડે તો એમ સમજવાનું ખરૂં કે કેરી કાગડાને કારણે નીચે પડી? જે નજરે દેખાય છે તેનું કારણ શોધવું એ એક મોટો પડકાર રહ્યો છે અને તે શોધવાનો પ્રયાસ જે ત્રણ અમેરિકન અર્થશાસ્ત્રીઓએ કર્યો તેમને અર્થશાસ્ત્રનું ૨૦૨૧નું રૂ. ૮.૬૦ કરોડનું નોબેલ પારિતોષિક મળ્યું છે. તેઓ છેઃ ડેવિડ કાર્ડ, જોશુઆ એન્ગ્રિસ્ત અને ગુડોવ ઈમ્બેન્સ. ડેવિડ કાર્ડને શ્રમના અર્થશાસ્ત્રમાં અનુભવાશ્રિત અભ્યાસો (empirical studies) માટે અને બાકીના બંનેને કાર્યકારણ સંબંધ (causal relations)ના વિશ્લેષણમાં પદ્ધતિલક્ષી પ્રદાન આપવા માટે આ પારિતોષિક અપાયું છે. ડેવિડ કાર્ડને પારિતોષિકની ૫૦ ટકા રકમ મળશે અને બાકીની ૫૦ ટકા રકમ બાકીના બંને વચ્ચે વહેંચાશે. ગયે વર્ષે અભિજિત બેનરજી અને એસ્થર ડફ્લોને આવા જ અનુભવાશ્રિત અભ્યાસો માટે નોબેલ ઇનામ મળ્યું હતું. આમ, અર્થશાસ્ત્રમાં માત્ર અમૂર્ત સિદ્ધાંતોને બદલે આંકડાકીય માહિતી અને તેનું વિશ્લેષણ પણ વધુ અગત્યનાં છે એમ આ બે વર્ષનાં ઇનામોએ પ્રસ્થાપિત કર્યું છે. આજે માહિતીનો યુગ છે ત્યારે આંકડાકીય માહિતીનો ઉપયોગ કરીને તારણો કાઢવાનું આવશ્યક બની જાય છે.

શ્રમ બજાર એટલે કે મજૂરોનું બજાર અને એટલે મજૂરોની માંગ અને મજૂરોનો પુરવઠો; અને તેને આધારે નક્કી થતા મજૂરોના ભાવ એટલે કે તેમનું વેતન. આ મજૂરોના બજાર અંગે નવી સમજ ઊભી કરવા બદલ અને 'કુદરતી પ્રયોગો'માંથી કારણ અને અસર વિષે એટલે કે કાર્યકારણ સંબંધો વિષે તારણો તારવવા બદલ આ પારિતોષિક આ ત્રણ વ્યક્તિઓને આપવામાં આવ્યું છે. કમનસીબે રસાયણશાસ્ત્રમાં કે ભૌતિકશાસ્ત્રમાં જેમ પ્રયોગો થઈ શકે છે તેમ અર્થશાસ્ત્રમાં કે અન્ય સમાજવિદ્યાઓમાં પ્રયોગો કરી શકાતા નથી. એટલે અર્થશાસ્ત્રમાં ધારણાઓ કરવામાં આવે છે અને સિદ્ધાંતો તારવવામાં આવે છે. આ સિદ્ધાંતો વ્યવહારમાં કેટલા સાચા છે તે તપાસવાનું કામ અગત્યનું બને છે કે જે આ ત્રણ અર્થશાસ્ત્રીઓએ કર્યું છે.

ત્રણેય અર્થશાસ્ત્રીઓના આ કામને 'વિશ્વસનીયતાની ક્રાંતિ' (Credibility Revolution) તરીકે ઓળખવામાં આવે છે. ગાણિતિક મૉડેલ અને વિચારધારાલક્ષી સંવાદમાંથી બહાર નીકળીને અર્થતંત્રમાં ખરેખર શું બની રહ્યું છે તેનો પુરાવા-આધારિત અભિગમ આ અર્થશાસ્ત્રીઓએ અપનાવ્યો. નોબેલ ઇનામ વિજેતા અભિજિત બેનરજી અને એસ્થર ડફ્લો એમ કહે છે કે અર્થશાસ્ત્રીઓને ઓછા વિશ્વસનીય સમજવામાં આવે છે તેનું એક કારણ એ પણ છે કે તેમની પાસે પુરાવાનો અભાવ હોય છે, અને તેથી જ અર્થતંત્રમાં જુદાં જુદાં પરિબળો વચ્ચેના કાર્યકારણ સંબંધો સમજવા માટે પુરાવા આધારિત અભિગમ મહત્ત્વનો બની જાય છે. ત્રણેય અર્થશાસ્ત્રીઓના અભ્યાસો આર્થિક આગાહીઓ કરવાની બાબતને વધુ વિશ્વસનીય બનાવે છે તેનું કારણ એ છે કે તે આંકડાકીય માહિતી પર આધાર રાખે છે, માત્ર કલ્પનાઓ કે ધારણાઓ પર નહિ.

## ડેવિડ કાર્ડ

અમેરિકાની કેલિફોર્નિયા યુનિવર્સિટીના પ્રો. ડેવિડ કાર્ડ દ્વારા 'કુદરતી પ્રયોગો' (natural experiments) કરવામાં આવ્યા. 'કુદરતી પ્રયોગો'નો અર્થ એ છે કે જે કોઈ આર્થિક પરિસ્થિતિ છે અથવા જે કોઈ આર્થિક નિર્ણય લેવામાં આવે છે તેની શી અસર ખરેખર થાય છે તે તપાસવું. આ પ્રયોગો દ્વારા તેમણે અર્થશાસ્ત્રમાં જે સામાન્ય સમજ (common sense) પ્રવર્તે છે તેને પડકાર ફેંક્યો. તેમણે અર્થશાસ્ત્રીઓને એ સફળ રીતે સમજાવ્યું કે કે જ્યારે તમે મજબૂત રીતે આંકડાકીય માહિતી પોતે જ બોલે તેવી વ્યૂહરચના અપનાવો છો ત્યારે તેનાં પરિણામો તમને આશ્ચર્યચકિત કરી દે એમ પણ બને. તેમણે શ્રમ બજારમાં વાસ્તવિક રીતે શી પરિસ્થિતિ છે તે તપાસવાનો પ્રયાસ કર્યો. સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે જો સરકાર દ્વારા લઘુતમ વેતન વધારવામાં આવે તો તેનાથી રોજગારીમાં ઘટાડો થાય છે; એટલે કે નોકરીદાતાઓ

પોતાનું વેતન ખર્ચ વધે નહિ તે માટે પોતાને ત્યાં કામે રાખેલા લોકોને છૂટા કરે છે અથવા તેઓ ઓછા લોકોને રોજગારી આપે છે, અને એ રીતે લઘુતમ વેતન વધે તો બેકારી વધે છે. એટલે લઘુતમ વેતનમાં વધારો એ કારણ થયું અને બેકારીમાં વધારો એ પરિણામ થયું. આ કાર્યકારણ સંબંધ ડેવિડ કાર્ડ દ્વારા તપાસવામાં આવ્યો. ડેવિડ કાર્ડ દ્વારા આ અભ્યાસ એલન ક્રુગર નામના બીજા એક પ્રાધ્યાપક સાથે મળીને ૧૯૯૨માં કરવામાં આવ્યો હતો. પરંતુ એલન ક્રુગરનું ૨૦૧૯માં જ અવસાન થયું હતું એટલે તેમને ડેવિડ કાર્ડ સાથે નોબેલ ઇનામ મળ્યું નહિ. અમેરિકાના ન્યૂ જર્સીમાં લઘુતમ વેતન વધારવામાં આવ્યું હતું અને નજીકના રાજ્ય પેન્સિલવેનિયામાં લઘુતમ વેતન વધારવામાં આવ્યું નહોતું તો તેની રોજગારી પર શી અસર થઈ હતી તે ડેવિડ કાર્ડ અને એલન ક્રુગર દ્વારા તપાસવામાં આવ્યું. બંનેએ એવું તારણ રજૂ કર્યું કે લઘુતમ વેતન વધારવામાં આવે તો તેનાથી રોજગારી ઘટે એવું જરૂરી નથી. એમણે બંનેએ બંને રાજ્યોમાં ફાસ્ટ ફૂડ ઉદ્યોગમાં રોજગારીનો અભ્યાસ લઘુતમ વેતનમાં થયેલા વધારાના સંદર્ભમાં કર્યો તેમણે KFC, બર્ગર કિંગ, વેન્ડીઝ અને રોય રોજર્સ નામની કંપનીઓમાં ખરેખર શું થયું તેનો અભ્યાસ કર્યો. ન્યૂ જર્સીમાં લઘુતમ વેતન એક કલાકના ૪.૨૫ ડોલરથી વધારીને ૫.૦૫ ડોલર કરવામાં આવ્યું હતું અને પેન્સિલવેનિયામાં તે વધારવામાં આવ્યું નહોતું. તેમને જણાયું કે પેન્સિલવેનિયા રાજ્ય કરતાં ન્યૂ જર્સી રાજ્યમાં રોજગારીમાં થોડો વધારો થયો હતો. એટલે કે જ્યાં લઘુતમ વેતન વધ્યું હતું ત્યાં રોજગારી ઘટવાને બદલે વધી હતી અથવા તો કેટલીક કંપનીઓમાં કોઈ ફેરફાર રોજગારીમાં થયો નહોતો.

આ તારણ મૂળભૂત રીતે માંગ અને પુરવઠાના મોડેલ કરતાં તદ્દન ભિન્ન હતું. સામાન્ય રીતે એમ માનવામાં આવે કે જો લઘુતમ વેતનમાં વધારો થાય તો ઉદ્યોગના માલિકનું ખર્ચ વધે અને તે ઓછા લોકોને રોજગારીએ રાખે. આ માન્યતા ડેવિડ કાર્ડના અભ્યાસમાં ખોટી પડી. લઘુતમ વેતનમાં ફેરફાર થયો તે અગાઉ બંને રાજ્યોમાં રોજગારીમાં લગભગ સમાન રીતે ફેરફાર થતો હતો. પરંતુ લઘુતમ વેતનમાં વધારો થયા પછી બંનેમાં રોજગારીમાં એકસરખો વધારો થયો નહોતો. રસપ્રદ બાબત એ હતી કે ૧૯૯૨માં American Economic Associationના ૭૯ ટકા સભ્યોએ એક સર્વેમાં એમ કહ્યું હતું કે લઘુતમ વેતનના કાયદાથી બેકારી વધે છે અને ઓછું વેતન મેળવનારા કામદારો બેકાર બને છે. પણ આ વાત ખોટી પડી. ૨૦૦૦ સુધીમાં આવું માનનારા સભ્યોનું પ્રમાણ ૪૬ ટકા થઈ ગયું હતું. આમ, ડેવિડ કાર્ડના આ અભ્યાસને લીધે શ્રમ બજાર અંગેની સામાન્ય સમજમાં ઉમેરો થયો.

ડેવિડ કાર્ડ અને ક્રુગરના અભ્યાસને કારણે શ્રમ બજાર વિશેના અભ્યાસોને નવી દિશા મળી. શા માટે લઘુતમ વેતન વધવા છતાં પણ બેકારી વધતી નથી તે વિષે અનેક અભ્યાસો થયા. એક તારણ એમ પણ મળ્યું કે કંપનીઓ વધેલા વેતન ખર્ચને પરિણામે વસ્તુના ભાવ વધારી દે છે. એટલે કે વધેલા વેતન ખર્ચનો બોજો ગ્રાહકો પર નાખવામાં આવે છે. બીજું તારણ એવું પણ નીકળ્યું કે જે કંપનીઓ પહેલેથી જ ઓછું વેતન પોતાના કામદારોને આપતી હોય તેઓ લઘુતમ વેતન વધે તો વેતન વધારે ખરી પણ તેમને કામદારોને છૂટા ના કરવા પડે! અને વળી, કંપનીઓ વેતન વધારે તો વધારે શ્રમિકો કામ મેળવવા આવે પણ ખરા અને શ્રમના પુરવઠામાં વધારો થાય. ૧૯૮૦માં ક્યુબામાંથી મજૂરોને પોતાના દેશ બહાર કામ કરવા જવાની પરવાનગી આપવામાં આવી અને તેને લીધે અમેરિકાના મિયામી રાજ્યમાં ૧.૨૫ લાખ લોકો ક્યુબાથી સ્થળાંતર કરીને આવી ગયા. આ ઘટનાને 'મેરિયલ બોટલિફ્ટ' તરીકે ઓળખવામાં આવે છે. તેને પરિણામે મિયામી શહેરના મજૂરોની સંખ્યામાં સાત ટકાનો વધારો થઈ ગયો હતો. ડેવિડ કાર્ડ દ્વારા આ શહેર અને બીજાં ચાર શહેરોના એક અભ્યાસમાં એમ કહેવામાં આવ્યું કે સ્થળાંતરિત મજૂરોથી સ્થાનિક મજૂરો બેકાર થઈ જાય છે એવું છે જ નહિ. તેમણે કહ્યું કે મિયામીમાં જેઓ ઓછું શિક્ષણ પામેલા લોકો હતા તેમના પર આ સ્થળાંતરિત મજૂરોની કોઈ અસર થઈ નહોતી. તે પછીનાં સંશોધનોએ એમ પણ પુરવાર કર્યું કે સ્થળાંતરને લીધે મિયામીના સ્થાનિક લોકોની આવક વધી હતી!

કેટલાક અર્થશાસ્ત્રીઓ એમ કહે છે કે યુરોપમાં

લઘુતમ વેતન અમેરિકા કરતાં વધારે હોય છે અને તેથી ત્યાં બેકારી વધારે હોય છે. પરંતુ કદાચ બેકારી ઊંચા લઘુતમ વેતનને કારણે નથી પણ, લોકો હલકા પ્રકારનું કામ કરવા કરતાં બેકાર રહેવાનું પસંદ કરે છે તે છે. આમ, કયા દેશમાં શાને કારણે બેકારી વધારે કે ઓછી છે તે તપાસવું જોઈએ એમ અભિજિત બેનર્જી અને એસ્થર ડફ્લો કહે છે. એટલે કે આંકડાકીય માહિતી મેળવીને અભ્યાસ માટે કયો દેશ પસંદ કરવામાં આવે છે તે પણ મહત્ત્વનું છે. જો કે, ડેવિડ કાર્ડ અને ક્રુગરના અભ્યાસોએ શ્રમના અર્થશાસ્ત્રમાં મૂળભૂત સ્તરે ફેરફાર કરી નાખ્યો એ એક હકીકત છે.

**એન્ગ્રિસ્ત અને ઈમ્બેન્સ**

અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના પ્રો. જોશુઆ એન્ગ્રિસ્ત અને પ્રો. ગુડોવ ઈમ્બેન્સ બંનેએ પણ આ જ પ્રકારના અભ્યાસો કર્યા છે. જોશુઆ એન્ગ્રિસ્ત તો ડેવિડ કાર્ડના વિદ્યાર્થી રહ્યા છે. જો વધુ વર્ષ શિક્ષણ મેળવવામાં આવે તો તેની શી અસર શિક્ષણ લેનારની આવક પર થાય છે તે તેમણે તપાસ્યું છે. તેમણે શિક્ષણના સંદર્ભમાં ૧૯૯૧માં અભ્યાસ કરીને એમ કહ્યું કે જેમણે ૧૨ વર્ષનો અભ્યાસ કર્યો હતો તેમનો પગાર ૧૨ ટકા જેટલો વધારે હતો અને જેમણે ૧૬ વર્ષનો અભ્યાસ કર્યો હતો તેમનો પગાર ૬૫ ટકા જેટલો વધારે હતો. એટલે કે શિક્ષણ અને પગાર વચ્ચે સીધો સહસંબંધ હતો. તેમણે બંનેએ નવી જ આંકડાશાસ્ત્રીય પદ્ધતિથી કાર્યકારણ સંબંધ (Causal Relations) તપાસવાની કોશિશ કરી છે. આંકડાશાસ્ત્રમાં સહસંબંધ (correlation) એક જાણીતો મુદ્દો છે. પણ સહસંબંધ એ કાર્યકારણ સંબંધ પ્રસ્થાપિત કરે છે એવું નથી. દા.ત. હાલ ભારતમાં પેટ્રોલના ભાવ અને શેર બજારમાં શેરના ભાવ બંને વધે છે, પણ તેથી એવું ના કહી શકાય કે તેમાંનું એક કારણ છે અને બીજું તેનું પરિણામ છે. શાને કારણે શું બને છે તે સમજવાનું જરૂરી બની જાય છે. આ બંને અર્થશાસ્ત્રીઓએ Instrumental Variables નામની પદ્ધતિનો ઉપયોગ આંકડાકીય વિશ્લેષણ માટે કર્યો અને કાર્યકારણ સંબંધ તેને આધારે પ્રસ્થાપિત કર્યો.

બહુ જાણીતી વાત એ છે કે અમેરિકા અને યુકે જેવા દેશોમાં જ્યારે સિગારેટ ઉત્પન્ન કરનારી કંપનીઓ સામે અદાલતોમાં કેન્સરગ્રસ્ત દર્દીઓએ દાવા માંડ્યા ત્યારે કંપનીઓ એમ જ કહેતી રહી હતી કે ધુમ્રપાન અને કેન્સર વચ્ચે, કોઈ સહસંબંધ નથી એટલે કે ધુમ્રપાન કરવાથી કેન્સર થાય છે તે વાત ખોટી છે. પરંતુ દાયકાઓના આંકડાશાસ્ત્રીય અને વૈજ્ઞાનિક અભ્યાસો પછી એ કાર્યકારણ સંબંધ પ્રસ્થાપિત થયો હતો અને કંપનીઓએ કરોડો ડોલર વળતર તરીકે ચૂકવવા પડ્યા.

વળી, સામાન્ય રીતે એમ પણ માનવામાં આવે છે કે જો સ્થળાંતરિત મજૂરો કોઈક પ્રદેશમાં આવે તો તે પ્રદેશમાં પ્રવર્તમાન વેતનમાં ઘટાડો થાય છે કારણ કે મજૂરોના પુરવઠામાં વધારો થાય છે અને મજૂરોની માંગ વધી હોતી નથી. જોશુઆ એન્ગ્રિસ્ત દ્વારા એક અભ્યાસ તેને વિષે કરવામાં આવ્યો. તેમાં એવું તારણ આવ્યું કે અમેરિકામાં મિયામી રાજ્યમાં સ્થળાંતરિત કામદારોને લીધે વેતનમાં ઘટાડો થયો નહોતો અને વધુ રોજગારી ઊભી થઈ હતી. આમ જુઓ તો, રાજકીય રીતે હંમેશાં સ્થળાંતરિત મજૂરો રાજકીય વિરોધનો સામનો કરતા હોય છે. જેમ કે, ભારતમાં જુદાં જુદાં રાજ્યો સ્થાનિક લોકોને જ ઉદ્યોગો રોજગારી આપે તેવા કાયદા કે નિયમો કરી રહ્યા છે કે જ્યારે ભારતનું બંધારણ નાગરિકોના ગમે ત્યાં વસવાટ કરવાના અને વ્યવસાય કરવાના અધિકારને માન્ય રાખે છે. એટલે જ્યારે આવા અભ્યાસો કરવામાં આવે છે ત્યારે તે નીતિવિષયક બાબતો વિષે વધારે તાર્કિક તારણો આંકડાકીય પુરાવા સાથે રજૂ કરે છે અને તેમાં રાજકીય શોરબકોર હોતો નથી.

**ભારતનો સંદર્ભ**

ભારતમાં ભારત સરકાર લઘુતમ વેતન ધારા-૧૯૪૮ હેઠળ લઘુતમ વેતન નક્કી કરે છે. પરંતુ તેનો અમલ રાજ્ય સરકારો કરે છે. જો કે, રાજ્ય સરકારો કેન્દ્ર સરકાર નક્કી કરે તેના કરતાં ઓછું લઘુતમ વેતન નક્કી કરી શકે નહિ. પરિણામે દરેક રાજ્યમાં લઘુતમ વેતન જુદું જુદું હોય છે. તે પ્રદેશ, ઉદ્યોગ, કૌશલ્ય અને કામના સ્વરૂપને આધારે નક્કી થાય છે. હવે ઓગસ્ટ-૨૦૧૯માં નવો વેતનધારો (Wage Code) આવ્યો છે અને તે મુજબ લઘુતમ વેતન નક્કી થશે. જો કે, આ નવા કાયદા હેઠળના નિયમો

હજુ જાહેર કરવામાં આવ્યા નથી. પરંતુ સામાન્ય રીતે ભારતમાં સરકાર લઘુતમ વેતનમાં વધારો કરે તો તેનાથી રોજગારી ઘટે એવો અનુભવ રહ્યો નથી.

ભારતના બે મોટા સરકારી કાર્યક્રમો વિષે કેટલાક મહત્ત્વના અભ્યાસો થયા છે. સામાન્ય રીતે એમ માનવામાં આવે છે કે ગ્રામીણ માળખાગત સવલતો સુધરશે તો ખેતી અને બિન-ખેતી આર્થિક પ્રવૃત્તિઓમાં વધારો થશે અને ગરીબી ઘટશે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અને રાજીવ ગાંધી ગ્રામીણ વિદ્યુતીકરણ યોજના વિષે તાજેતરમાં જે અભ્યાસો ચાર અર્થશાસ્ત્રીઓ દ્વારા કરવામાં આવ્યા છે તે એમ દર્શાવે છે કે આ કાર્યક્રમોએ માર્ગો અને વીજળીનું જોડાણ ગામડાંમાં વધાર્યું પણ તેથી આ યોજનાઓએ આરંભનાં ચારથી પાંચ વર્ષમાં ગ્રામીણ આર્થિક વિકાસમાં કોઈ મોટો ફાળો આપ્યો નથી.

આવો જ સવાલ મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગારી બાંયધરી ધારા (મનરેગા)નાં સંદર્ભમાં પૂછી શકાય. શું તેના હેઠળ રોજગાર સર્જનનો જે કાર્યક્રમ ચલાવવામાં આવે છે તેનાથી દેશમાં શ્રમના પુરવઠામાં ઘટાડો થાય છે ખરો? આ કાર્યક્રમમાં જુદાં જુદાં રાજ્યોમાં જુદું જુદું વેતન હોય છે. 'નરેગા સંઘર્ષ મોરચા'એ આ કાર્યક્રમ હેઠળનું લઘુતમ વેતન રૂ. ૬૦૦ કરવા માટે અને ૧૦૦ દિવસને બદલે ૧૫૦ દિવસની રોજગારી પૂરી પાડવા માટે તાજેતરમાં જ માગણી કરી છે. સવાલ એ છે કે સરકાર જો આ માગણી સ્વીકારે તો શું થાય? શું તેનાથી ખેતીમાં રોજગારી વધે? શું તેનાથી અન્ય ક્ષેત્રોમાં રોજગારી ઘટે અને એ ક્ષેત્રોમાં શ્રમના પુરવઠાની અછત ઊભી થાય? આમ, કોઈ પણ સરકારી નીતિ કે કાર્યક્રમ તેના હેતુઓ કેટલા પ્રમાણમાં પાર પાડે છે તે તપાસવાનું મહત્ત્વનું બની જાય છે.

અર્થશાસ્ત્ર રાજકારણ અને બજાર બંને સાથે ગાઢ સંબંધ ધરાવે છે તેથી કઈ નીતિથી ઇચ્છનીય ફેરફાર લઘુતમ ખર્ચે લાવી શકાય છે તે અગત્યનું છે. જો કે, સરકારની નીતિઓ માત્ર સંશોધનો દ્વારા જે સહસંબંધ કે કાર્યકારણ સંબંધ પ્રસ્થાપિત થાય છે તેના પર જ આધાર રાખે છે એવું તો નથી જ. ઘણી વાર સંશોધનોનું વધારે પડતું સરલીકરણ કરીને પણ નીતિઓ ઘડવામાં આવે છે કે નીતિઓમાં ફેરફાર કરવામાં આવે છે. એનું કારણ એ છે કે રાજકીય નેતાઓ સત્તાકરણને ધ્યાનમાં લેતા હોય છે.

Former Principal
HK Arts college, Ahmedabad, 9, Savita society, Naranpura Railway Crossing
AHMEDABAD - 380 013
Mo.-9898075990

॥ વિદ્યાવૃત્ત ॥

## જાણીતા પત્રકાર શ્રી પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠ શ્રીએ સીવીએમ યુનિવર્સિટીની ઘટક એવી સેરલિપ સંસ્થાની લીધેલી શુભેચ્છા મુલાકાત

અખંડ ભારતના શિલ્પી અને ચરોતરના સપૂત તથા ગુજરાતના સૌથી વિશાળ શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળની સ્થાપનાના પ્રેરણા પુરુષ એવા લોકલાડીલા સરદાર વલ્લભભાઈ પટેલના જીવન અને કાર્યો ઉપર સંશોધન કરતી સીવીએમ યુનિવર્સિટીની ઘટક એવી 'સેરલિપ' કોલેજની તા.૩૧ ઓક્ટોબર ૨૦૨૧ ના રોજ ભારતના જાણીતા પત્રકાર શિરોમણી, પ્રખર વકતા એવા શ્રી પુષ્પેન્દ્ર કુલશ્રેષ્ઠશ્રીએ મુલાકાત લીધી હતી. સીવીએમના માનદ સહમંત્રી શ્રી વિશાલભાઈ પટેલ સાહેબની પ્રેરણા અને માર્ગદર્શનથી આ મુલાકાત સફળ રહી હતી.

આ શુભેચ્છા મુલાકાતમાં સંસ્થાના નિયામિકા ડૉ.અર્ચના બનસોડે મહેમાનને પુષ્પગુચ્છથી સ્વાગત કરી સંસ્થાના શોધાર્થીઓના મહાશોધનિબંધોના પુસ્તકો સ્મૃતિચિહ્ન સ્વરૂપે ભેટ આપ્યા હતા. શ્રી પુષ્પેન્દ્રજીએ સંસ્થામાં પીએચ.ડી.નું કાર્ય કરતાં વિદ્યાર્થીઓ સાથે સરદાર સાહેબના જીવન અને કાર્યો વિશે વિસ્તૃત છણાવટ કરી જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું.

આ મુલાકાતને સફળ બનાવવામાં એમબીએ વિભાગના પ્રોફેસર ડૉ.રાજુભાઈ રાઠોડ, આત્મીય વિદ્યાધામના હરિભકતો, સંસ્થાના બિન-શૈક્ષણિક કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

# ૨૦૨૧નો નોબેલ શાંતિ પુરસ્કાર નિર્ભિક પત્રકારોને

સોનલ પરીખ

'ડરો નહીં. અધિકારોનો ઉપયોગ નહીં કરો તો એ ગુમાવવા પડશે. અભિવ્યક્તિ-સ્વાતંત્ર્ય મારા માટે કે પત્રકારો માટે જ નહીં, તમામ ફિલિપિનો માટે, તમામ વિશ્વવાસીઓ માટે અગત્યનું છે.' આ શબ્દો છે મારિયા રેસાના. વર્ષ ૨૦૨૧નો શાંતિનો નોબલ પુરસ્કાર બે પત્રકારો - ફિલિપાઇન્સનાં મારિયા રેસા અને રશિયાના દિમિત્રી મુરાતોવને આપવામાં આવ્યો છે. નોર્વેની નોબેલ કમિટીએ જણાવ્યું છે કે અભિવ્યક્તિની સ્વતંત્રતા માટેની લડાઇ બદલ તેમનું સન્માન થયું છે, કારણ કે શાંતિનું વાતાવર્ણ સર્જવામાં અભિવ્યક્તિની સ્વતંત્રતા ખૂબ અગત્યની છે.

કેમિસ્ટ્રી, ફિઝિક્સ, સાહિત્ય, શાંતિ અને ફિઝિયોલોજી-મેડિસિન આ પાંચ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ સ્વીડિશ શોધક આલ્ફ્રેડ નોબેલની પાંચમી પુણ્યતિથિથી એટલે કે ૧૯૦૧થી દર વર્ષે ૧૦ ડિસેમ્બરે નોબેલ પુરસ્કાર આપવામાં આવે છે. આમાંનો નોબેલ શાંતિ પુરસ્કાર,જેણે રાષ્ટ્રોના સંપ માટે, સૈન્ય અને યુદ્ધ ઘટાડવા માટે અને માનવતા અને શાંતિના પ્રસાર માટે કામ કર્યું હોય તેવી વ્યક્તિ કે સંસ્થાને આપવામાં આવે છે. પહેલું નોબેલ શાંતિ ઈનામ ૧૯૦૧માં ફ્રેડરિક પાસી અને હેનરી ડુનાન્ટને મળ્યું હતું, છેલ્લું ૨૦૨૦નું વર્લ્ડ ફૂડ પ્રોગ્રામને મળ્યું. મલાલા યુસુફજાઈ સૌથી નાની ઉંમરની નોબેલ વિજેતા છે. તેને ૧૭ વર્ષની ઉંમરે નોબેલ શાંતિ ઈનામ મળ્યું હતું. ૧૦૮ નોબેલ શાંતિ ઈનામ વિજેતાઓમાંથી ૧૮ સ્ત્રીઓ છે. આ ઈનામ મેળવનાર પહેલી સ્ત્રી હતી શાંતિવાદી ઑસ્ટ્રેલિયન લેખિકા બર્થા સટનર. મધર ટેરેસા એમાંની એકમાત્ર એવી મહિલા છે જેનું ભારત સાથે કનેક્શન હોય. એમની ઓળખ નોબેલ સૂચિમાં યુગોસ્લોવિયન-ઈન્ડિયન તરીકે આપવામાં આવી છે. નોબેલ પુરસ્કારમાં ગોલ્ડ મેડલ અને ૧ કરોડ સ્વિડિશ ક્રોનર (૧૧.૪૦ લાખ અમેરિકન ડોલર) અપાય છે.

મારિયા રેસા અને દિમિત્રી મુરાતોવને નોબેલ શાંતિ પુરસ્કાર ૨૦૨૧ માટે કુલ ૩૨૯ ઉમેદવારોમાંથી પસંદ કરવામાં આવ્યા છે. આ વખતના ઉમેદવારોમાં જળવાયુ કાર્યકર્તા ગ્રેટા થનબર્ગ, મીડિયા રાઈટ ગ્રુપ રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ (RSF) અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) સામેલ હતા.

આટલી ભૂમિકા બાદ ઓળખીએ આ વખતના નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા પત્રકારોને.

૧૯૬૧માં જન્મેલા દિમિત્રી મુરાતોવ રશિયન જર્નાલિસ્ટ, ટીવી પ્રેઝન્ટર અને ૧૯૯૩માં સ્થપાયેલા રશિયાના સ્વતંત્ર વર્તમાનપત્ર 'નોવાયા ગેઝેટા'ના સહસ્થાપક અને તંત્રી છે. પાંચેક વર્ષ ફિલોસોફી ભણ્યા પછી મુરાતોવને પ્રતીતિ થઈ કે તેનો ખરો રસ તો પત્રકારત્વમાં છે. ૧૯૮૭માં છવ્વીસ વર્ષની ઉંમરે તેણે 'વોલ્ઝસ્કી કોમ્સોમોલેટ્સ' નામના અખબારમાં નોકરી લીધી. તેના કામથી ઉપરીઓ એટલા ખુશ હતા કે એક જ વર્ષમાં તેને અખબારના યુવા વિભાગનો વડો અને પછી ન્યૂઝ એડિટર બનાવ્યો.

૧૯૯૩માં મુરાતોવ અને એના ૫૦ સાથીઓએ નવું છાપું કાઢ્યું 'નોવાયા ગેઝેટા'. બે રૂમ, બે કોમ્પ્યુટર અને એક પ્રિન્ટર અને કોઈ વેતન વિના એ શરૂ થયું હતું.હેતુ હતો લોકો સુધી પ્રામાણિક, સ્વતંત્ર અને સમૃદ્ધ માહિતી પહોંચાડવી. સત્તાનો દુરુપયોગ, ભ્રષ્ટાચાર, પોલિસ હિંસા, ગેરકાયદે ધરપકડો, ચૂંટણી કૌભાંડો, ટ્રોલ ફેક્ટરીઓ અને માનવઅધિકારના હનનના મામલાઓમાં તેઓ ઊંડા ઊતરતા અને તથ્યો શોધી જાહેરમાં મૂકતા. મિખાઈલ ગોર્બાચોવે એમને પોતાના નોબેલ પ્રાઈઝની રકમનો એક હિસ્સો તેમને આપ્યો (દિમિત્રી કહે છે કે એ રકમ ગોર્બાચોવનાં પત્નીના પુસ્તકને મળેલી રોયલ્ટીમાંથી અપાયેલી હતી. એમાં નોબેલની રકમ પણ હતી એમ માનવું મને ગમે), એમાંથી ખર્ચ અને વેતન નીકળવા માંડ્યા. બીજા વર્ષે મુરાતોવે પહેલા ચેચેન્યા યુદ્ધમાં વોર ઝોન કોરસપોન્ડન્ટ તરીકે કામ કર્યું. ઝડપથી 'નોવાયા ગેઝેટા'એ વર્તમાન રશિયા પર પ્રભુત્વ ધરાવતા એકમાત્ર સત્યાન્વેષી અખબાર તરીકે નામ કાઢ્યું. તેઓ સંવેદનશીલ બાબતોને પહેલી પકડતા.

નિર્ભયતા અને અખબારી સ્વાતંત્ર્ય સાથે કોઈ સમાધાન ન કરવાની નીતિ આ બેને કારણે અખબારને વારંવાર સત્તાધારીઓ સાથે ઘર્ષણમાં ઊતરવું પડ્યું. ૨૦૦૪માં તેમાં રશિયાના વડાપ્રધાન પર મોટા આંતરરાષ્ટ્રીય કૌભાંડનો આરોપ મૂકતા લેખો લખાયા. તેમની પાસે પુરાવા હતા. વડાપ્રધાને માનહાનિનો દાવો કર્યો, કોર્ટે તેમની તરફેણમાં ચુકાદો આપ્યો. એક મોટા ઉદ્યોગપતિ સાથે આ પ્રકારનું ઘર્ષણ થયું ત્યારે એણે મુરાતોવની અંતિમક્રિયા માટે ફૂલો મોકલ્યાં! એક વાર સજાતીય સંબંધોની તરફેણ કરતા એક જૂથ પર ભયાનક હુમલો થયો ત્યારે પણ અખબારે સરકાર સામે બાથ ભીડી અને કેટલા મરાયા, કેટલાને કેદ પકડી સ્ટેટ સિક્યોરિટી ફોર્સે કાયદેસર કાર્યવાહી વિના મારી નાખ્યા એ બહાર પાડ્યું. આ બધાના પરિણામે છ પત્રકારોની હત્યા થઈ, તેમાં ત્રણ સ્ત્રીઓ હતી.મુરોતોવે વિરોધમાં રાજીનામું આપ્યું, પણ સ્ટાફના આગ્રહથી વીસ વર્ષથી સંભાળેલું તંત્રીપદ ફરી સ્વીકાર્યું. મુરાતોવને અનેક અવોર્ડો, સન્માનો મળ્યાં છે. નોબેલ શાંતિ પુરસ્કાર એમાં અગત્યનો ઉમેરો કરે છે.

‘હું એક પણ પૈસો મારા માટે નહીં વાપરૂ’ મુરાતોવ કહે છે, જે હેતુસર મને નોબેલ મળ્યો છે તે હેતુ માટે વાપરીશ. હું તેનો સાચો અધિકારી નથી. સાચા અધિકારી મારા છ સાથીઓ છે જે ઈન્વેસ્ટિગેશન દરમ્યાન માર્યા ગયા છે. જેલમાં બેઠેલા વિરોધપક્ષના નેતા એલેક્સી નાવાલિનીને પસંદ ન કરવા બદલ નોબેલ કમિટીની આલોચના થઈ છે. એ સંદર્ભે મુરાતોવ કહે છે, તેઓ રશિયાની રાજકીય ગૂંચોથી દૂર રહેવા માગે છે. જો મારે પસંદગી કરવાની હોત તો હું એલેક્સીને પસંદ કરત.

ફિલિપાઈન્સનાં પ્રથમ નોબેલવિજેતા અને ફિલિપિન-અમેરિકન પત્રકાર મારિયા રેસાનો જન્મ ૧૯૬૩માં. મારિયા એક વર્ષની હતી અને પિતા ગુજરી ગયા. બે દીકરીઓને દાદા-દાદી પાસે છોડી મા અમેરિકા ચાલી ગઈ, વારંવાર મળવા આવતી. દસેક વર્ષ પછી તે એક ઈટાલિયન-અમેરિકનને પરણી અને દીકરીઓને અમેરિકા લઈ ગઈ. પિતાએ બન્નેને દત્તક લીધી, પોતાનું નામ આપ્યું. મારિયા થિયેટર, ડાન્સ, મોલિક્યુલર બાયોલોજી વગેરે શીખી અને પછી પત્રકારત્વમાં આવી.

મારિયા રેસાના લખેલાં ‘સાઉથ-ઈસ્ટ એશિયા : સિડ ઑફ ટેરર-એન આઈવિટનેસ અકાઉન્ટ ઑફ અલ કાયદાસ ન્યુએસ્ટ સેન્ટર અને ફ્રોમ બિન લાદેન ટુ ફેસબુક - ટેન ડેઝ ઑફ એબ્ડક્શન, ટેન યર્સ ઑફ ટેરરિઝમ’ પ્રસિદ્ધ છે અને દસ્તાવેજી મૂલ્ય ધરાવે છે. તેણે યુનિવર્સિટીઓમાં જર્નાલિઝમ ભણાવ્યું પણ છે.

૨૦૧૨માં મારિયાએ ત્રણ સ્ત્રીઓ સાથે મળીને ન્યૂઝ વેબસાઇટ ‘રેપ્લર’ સ્થાપી. સાથે ૧૨ પત્રકારો હતા. ‘રેપ્લર’ની તે સીઈઓ અને એક્ઝિક્યુટીવ ઍડિટર છે. એ પહેલા તેણે સીએનેનમાં દક્ષિણ એશિયાના રિપોર્ટર તરીકે કામ કર્યું હતું. ફેક ન્યૂઝ સામે જેહાદ જગાડવા માટે ટાઈમ્સે તેને ‘પર્સન ઑફ ધ યર’ જાહેર કરેલી. મારિયા રેસાએ પોતાના દેશ ફિલિપાઇન્સમાં સત્તાનો દુરૂપયોગ, હિંસાનો ઉપયોગ અને સરમુખત્યારશાહીને ખુલ્લા પાડવા માટે અભિવ્યક્તિની સ્વતંત્રતાનો યોગ્ય અને નિર્ભિક ઉપયોગ કર્યો છે. રેપ્લર વેબસાઈટે પ્રેસિડન્ટ રોડ્રીગોની વિવાદાસ્પદ અને ઘાતકી ડ્રગ વિરોધી ઝુંબેશની ઘણી આલોચના કરી હતી અને એ બદલ મારિયાએ જેલ પણ ભોગવી હતી.

